દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 202 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ■ ભાદ્રપદ સુદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 August 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨૬ ઓગસ્ટ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

વડા પ્રધાન મોદીનો અમદાવાદમાં ભવ્ય રોડ શો

₹ ૫૪૭૭ કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ અને ૨૬ ઓગસ્ટ એમ બે દિવસના ગુજરાત પ્રવાસ માટે અમદાવાદ પહોંચ્યા હતા. વડા પ્રધાન મોદી અમદાવાદ એરપોર્ટ ખાતે પહોંચ્યા ત્યારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્વાગત કર્યું હતું.

નરેન્દ્ર મોદી સોમવાર ૨૫ ઓગસ્ટે નરોડા હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ ખોડલધામ ગ્રાઉન્ડ સુધી રોડ શો કર્યો હતો. જ્યાં તેમના સ્વાગતમાં હજારો લોકો રસ્તા પર હાજર રહ્યા હતા. આ દરમ્યાન વડા પ્રધાન મોદીએ પણ ગાડીમાંથી બહાર નીકળી હાથ ઊંચો કરી લોકોનું અભિવાદન કર્યું હતું. વડા પ્રધાન મોદીએ રોડ શો કર્યા બાદ તેઓ સીધા નિકોલમાં સભા સ્થળે પહોંચ્યા હતા અને નિકોલ ખાતેના ખોડલધામ મેદાનમાં યોજાનારી જાહેરસભામાં વડા પ્રધાન અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને પાટણ જિલ્લામાં કુલ રૂ. ૫૪૭૭ કરોડના વિકાસ કાર્યોનું ઇ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. સાબરમતી-કટોસણ રોડ મેમુ ટ્રેન અને કાર લોડેડ માલગાડીને લીલીઝંડી આપી હતી. વડા પ્રધાન મોદીના હસ્તે રૂ. ૨૨૦૯ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમૂહુર્ત અને રૂ. ૯૧૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરાયું હતું. રૂ. ૧૩૩ કરોડથી વધુના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના આઈએસએસઆર ઘટક હેઠળ રામાપીરના ટેકરાના સેક્ટર-૩ની ઝૂંપડપટ્ટીના વિકાસનું પણ લોકાર્પણ કરાયું હતું. આ ઉપરાંત શેલા, મણિપુર, ગોધાવી, સનાથલ અને તેલાવ માટે સ્ટ્રોમ વાન્ટર ડ્રેનેજ સિસ્ટમ સહિત અમદાવાદ શહેરના અન્ય પ્રોજેક્ટ્સનું પણ ખાતમુહૂર્ત કરાયું હતું.

વડા પ્રધાન મોદી અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગરમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ ₹૧,૧૨૨ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું હતું. તેમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

(જુઓ પાનું ૨) ▶▶

પાકિસ્તાને ઘૂંટણિયે પડી યુદ્ધવિરામની વિનંતી કરી હતીઃ શિવરાજ ચૌહાણ

ભોપાલઃ ઑપરેશન સિંદૂર લોન્ચ કર્યા બાદ પાકિસ્તાન ઘૂંટણિયે પડીને અને હાથ જોડીને વાતચીત માટે આવ્યું હતું, એમ કેન્દ્રના પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું હતું. પાકિસ્તાનના હવાઈમથકોનો ખુરદો બોલાયા બાદ પાકિસ્તાનને ડર હતો કે ભારત પાકિસ્તાનના અણુમથકો પર હુમલો કરશે, એમ ચૌહાણે ઉમેર્યું હતું.

ચૌહાણે એવા દાવાને નકારી કાઢ્યો હતો કે બે પડોશી દેશની લડાઈ અટકાવવા કોઈ વિદેશી દેશની ભૂમિકા નથી.

૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકવાદઓએ ૨૬ જણને મારી નાખ્યા હતા. આને પગલે ભારતે ઑપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતું.

ચૌહાણે ભોપાલસ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એજ્યુકેશન ઍન્ડ રિચર્સના બારમા પદવીદાન સમારોહને સંબોધતા કહ્યું હતું કે અમે કોઈ શત્રુતા રાખતા નથી. તમે ઑપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. આ રાક્ષસોએ નિર્દોષ લોકોને, પત્ની સામે પતિને અને પિતા સામે પુત્રને માર્યા હતા.

તેમણે કહ્યું હતું કે તમને યાદ હોય તો અમે ચોકસાઈભરી રીતે લક્ષ્યો સિદ્ધ કર્યાં હતા. અમે આતંકવાદીના અડ્ડાનો નાશ કર્યો હતો. અમે પહેલાં લશ્કર કે નાગરિક (મથકો) પર હુમલો કર્યો નહોતો. આ ભારત છે. પાકિસ્તાને મિસાઈલ અને ડ્રોન વડે હુમલામાં ઉપયોગ કર્યો હતો. ભારતે બ્રહ્મોસ, અગ્નિ અને પૃથ્વી (મિસાઈલ)નો ઉપયોગ કર્યો હતો અને પડોશી દેશના બધા હવાઈમથકોનો નાશ કર્યો હતો, જ્યારે તેમને લાગ્યું કે ભારત તેમના અણુમથકો પર હુમલો કરશે ત્યારે તેઓ ઘૂંટણિયે પડ્યું હતું અને હાથ જોડીને વાતચીત કરવા આવ્યું હતું.

બે અણુદેશો વચ્ચે અથડામણ બંધ કરાવી એવા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના દાવાનો ઉલ્લેખ કરીને ચૌહાણે કહ્યું હતું કે તેઓ કહેતા હતા કે મેં કર્યું, મેં કર્યું. ભારત ભારતની તાકાત પર ચાલે છે. અમે કોઈ આતંકવાદીઓને છોડ્યા નથી. અમે કોઈ વ્યક્તિ પર હુમલો કર્યો નથી. (એજન્સી)

ગાઝાની હૉસ્પિટલ પર ઇઝરાયલી હવાઈ હુમલો, ૧૫નાં મોતનો દાવો

દેઇર અલ-બલાહ (ગાઝા પટ્ટી): હોસ્પિટલના રેકોર્ડ મુજબ સોમવારે દક્ષિણ ગાઝાની મુખ્ય હોસ્પિટલ પર ઇઝરાયલી હુમલામાં ૧૫ લોકો માર્યા ગયા હતા.

મંત્રાલયે જણાવ્યું હતું કે નાસેર હોસ્પિટલના ચોથા માળે એક મિસાઇલ વાગવાથી પીડિતો માર્યા ગયા હતા અને બચાવ ટુકડીઓ પહોંચ્યા પછી થોડીવાર પછી બીજી મિસાઇલ વાગવાથી તે જ સ્થળે મૃત્યુ પામ્યા હતા.

દક્ષિણ ગાઝામાં સૌથી મોટી ખાન યુનિસની નાસેર હોસ્પિટલ, ૨૨ મહિનાના યુદ્ધ દરમિયાન હુમલા અને બૉમ્બમારાનો સામનો કરી રહી છે, જેમાં અધિકારીઓએ

(જુઓ પાનું ૨) ▶▶

૧ સપ્ટેમ્બર, આગામી સોમવારથી વાંચવાનું ચૂકશો નહીં... !
મુંબઈ સમાચાર
શરૂ થઈ રહી છે વિખ્યાત હાસ્યકાર વિનોદ ભટ્ટની
મરક મરકથી લઈને મોકળા મને હસાવતી
સદાબહાર લેખમાળા દર અઠવાડિયે...
'મંગળ-અમંગળ'
'મુંબઈ સમાચાર' સાથે સંકળાઈ રહ્યા છે નવા કલમકારો...
પ્રાસંગિક ઘટના નવા દ્રષ્ટિકોણ સાથે 'સિક્કાની ત્રીજી બાજુ' જયવંત પંડ્યા
એક નારીની નજરે... 'બોલો, તમે શું કહો છો ?' જૂઈ પાર્થ
દર શનિવારે વાંચો અપરાધ કથા અને ઉકેલો એનું રહસ્ય ટીના દોશી
અને હા,
નવી નવલકથા : ??? લેખક : ???
જસ્ટ, થોડી રાહ જુઓ!
સોમથી શનિવાર સુધી
ધારાવાહિક નવલકથાનું પ્રકરણ તો ખરું જ ..!
તાજા સમાચાર સાથે વિશેષ માહિતીપ્રદ વાંચનસામગ્રી માટે દર રોજ વાંચો : મુંબઈ સમાચાર



Explore
SOUTH AFRICA
13 DAYS
DEP DATES | 17th OCT | 23rd OCT
PACKAGE INCLUSIONS
• Helicopter Ride, Hop On Hop Off Bus, Walk with Lion, Catamaran Ride, Safari Game Drive અને Hermanus નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

ચેતેશ્વર પૂજારા ભારતીય ક્રિકેટનો અનસંગ હીરો

લાંબા સમયથી ઉપેક્ષિત ચેતેશ્વર પૂજારાએ અંતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી. એક સમયે ભારતીય ક્રિકેટ ટીમના અત્યંત આધારભૂત બેટ્સમેન મનાતા આપણા ગુજરાતી પૂજારાને લગભગ છેલ્લાં બે વર્ષથી પસંદગીકારો ધ્યાનમાં જ નહોતા લેતા. પૂજારા જૂન ૨૦૨૩માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના રૂપમાં પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા પછી તક જ નહોતી મળતી. પૂજારા ભારત માટે ૫ વન ડે ઈન્ટરનેશનલ મેચો રમ્યા હતા અને તેમાં દેખાવ બહુ સારો નહોતો. વન-ડે મેચોમાં પૂજારાએ ૧૦.૨૦ની સરેરાશથી કુલ ૫૧ રન બનાવ્યા હતા. પૂજારા ભારત માટે કોઈ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા નહોતા તેથી વન ડે કે ટી-૨૦માં તક મળે એવી આશા પૂજારાને પણ નહોતી પણ ટેસ્ટમાં પૂજારા ચોક્કસ ટીમમાં સ્થાનના હકદાર હતા છતાં અવગણના થતી હતી. ચેતેશ્વર પૂજારાની ઉંમર ૩૭ વર્ષ છે તેથી હવે તક ના મળે તો બહુ રાહ જોવાનો મતલબ નથી એમ સમજીને પૂજારાએ અંતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને ઝાઝા જુહાર કરી દીધા.

પસંદગીકારો વન ડાઉન બેટ્સમેન માટે પ્રયોગો પર પ્રયોગો કર્યા કરતા હતા પણ પોતાની ક્ષમતા સાબિત કરી ચૂકેલા પૂજારાને તક નહોતી મળતી. ચેતેશ્વર જૂન ૨૦૨૩માં પોતાની છેલ્લી ટેસ્ટ મેચ રમ્યા પછી લગભગ સવા બે વર્ષમાં રમાયેલી ૨૪ ટેસ્ટમાં બોર્ડના પસંદગીકારોએ વન ડાઉન તરીકે શુભમન ગિલ, સાઈ સુદર્શન, કરુણ નાયર, વિરાટ કોહલી, દેવદત્ત પડિકલ અને કે.એલ. રાહુલને અજમાવ્યા છે. આ ૬ ધુરંધરોએ મળીને ૨૪ ટેસ્ટની ૪૫ ઇનિંગ્સમાં માત્ર ૩૧ રનની સરેરાશથી રન કર્યા જ્યારે પૂજારાની ટેસ્ટ કરીયરની એવરેજ જ ૪૪ રનની છે. ટેસ્ટ ક્રિકેટમાં પૂજારા આંકડાની રીતે બધા કરતાં ચડિયાતા સાબિત થયા છે છતાં પસંદગીકારોએ તેમને ફરી તક ના આપી.

ચેતેશ્વર પૂજારાએ ૨૦૧૦માં બેંગ્લૂરુમાં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ રમીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો એ જોતાં તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ૧૫ વર્ષ ચાલી. આ ૧૫ વર્ષની કારકિર્દીમાં પૂજારા દિલથી દેશ માટે રમ્યા અને ભારતીય ટીમને કલ્પના ના કરી હોય એવા વિજયો અપાવ્યા પણ રોહિત શર્મા કે વિરાટ કોહલી જેવા પોતાના સમકાલીનો જેટલો જશ પૂજારાને કદી ના મળ્યો એ જોતાં પૂજારા ભારતના અનસંગ હીરો છે.

ટેસ્ટ ક્રિકેટમાં પૂજારાએ ૧૦૩ મેચની ૧૭૬ ઇનિંગ્સમાં ૪૩.૬૦ની સરેરાશથી કુલ ૭,૧૯૫ રન બનાવ્યા. પૂજારાએ ટેસ્ટમાં ૧૯ સદી અને ૩૫ અડધી સદી ફટકારી છે. અને શ્રેષ્ઠ સ્કોર ૨૦૬* રન છે. આંકડાની રીતે ઘણા ક્રિકેટરોનો દેખાવ પૂજારા કરતાં બહેતર લાગે પણ પૂજારાએ ભારતને જે વિજયો અપાવ્યા એવા વિજય કોઈએ અપાવ્યા નથી. આપણા કહેવાતા મહારથીઓ ચાલ્યા ના હોય ત્યારે પૂજારા ક્રિઝ પર અડીખમ ઊભા રહી જતા. પૂજારાની આ તાકાતની બરોબરી કોઈ કરી શકે તેમ નથી. પૂજારાની બેટિંગનું મહત્ત્વ એ વાત પરથી સમજાય કે પૂજારાએ ફટકારેલી ૧૯ ટેસ્ટ સદી વખતે માત્ર ૨ ટેસ્ટમાં જ ભારત હાર્યું છે જ્યારે બાકીની મેચો ભારત જીત્યું કે પછી ડ્રો થઈ છે. પૂજારા વિદેશની ધરતી પર પણ સફળ હતા. પૂજારાની ૧૯ ટેસ્ટ સદીમાંથી ૯ ટેસ્ટ સદી વિદેશની ધરતી પર છે.

પૂજારાએ પોતાની કારકિર્દીની શરૂઆત જ ભારતને જીત અપાવીને કરેલી. પોતાની પહેલી ટેસ્ટ ઇનિંગમાં પૂજારાએ માત્ર ૪ રન બનાવ્યા હતા અને ત્રીજા જ બોલે મિશેલ જોહનસનને એલબીડબલ્યુ કરતાં શરૂઆત નિરાશાજનક રહી હતી પણ પૂજારાએ બીજી ઈનિંગમાં આ નિરાશા ખંખેરાય જાય એવી ઈનિંગ રમી બતાવી હતી. બીજી ઇનિંગમાં કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ પૂજારાને રાહુલ દ્રવિડની જગ્યાએ ત્રીજા નંબરે મોકલીને આશ્ચર્ય સર્જેલું. પૂજારાની પહેલી ઈનિંગની બેટિંગના કારણે કોઈને સારા દેખાવની આશા નહોતી પણ પૂજારાએ સૌને ખોટા પાડેલા. ભારતને જીતવા માટે ૨૦૭ રનની જરૂર હતી ત્યારે પૂજારાએ ૭૨ રનની યાદગાર ઈનિંગ રમીને ભારતને જીતાડ્યું હતું.

પૂજારાની કારકિર્દીનું સુવર્ણ પ્રકરણ ઓસ્ટ્રેલિયા સામેની ૨૦૧૮-૧૯ની સિરીઝ છે. ૨૦૧૮ પહેલાં ભારતે ઓસ્ટ્રેલિયામાં ક્યારેય સિરીઝ જીતી ન હતી પણ ૨૦૧૯માં ભારતે પહેલી વાર સિરીઝ જીતીને ઈતિહાસ રચી દીધો હતો. આ ઈતિહાસ સર્જવામાં પૂજારા કેન્દ્રસ્થાને હતા. ૨૦૧૮ની સિરીઝમાં પૂજારાએ ૪ ટેસ્ટમાં ૩ સદી સાથે ૫૦૦થી વધુ રન બનાવ્યા હતા. પૂજારાએ એડીલેઈડ, મેલબોર્ન અને સીડનીમાં સદી ફટકારી હતી ને આ ત્રણ ટેસ્ટમાંથી બે ટેસ્ટ ભારતે જીતી હતી જ્યારે એક ટેસ્ટ ડ્રો ગઈ હતી. આ સિરીઝમાં પૂજારા રન બનાવવામાં જ નહીં પણ બોલ રમવામાં પણ બંને ટીમમાં સૌથી આગળ હતા. બીજો કોઈ બેટ્સમેન ૭૦૦ બોલ પણ રમી શક્યો ન હતો ત્યારે પૂજારાએ ૧૨૦૦થી વધુ બોલ રમીને. સાબિત કરેલું કે, ટેસ્ટ ક્રિકેટ રમવા માટે જરૂરી ધીરજ અને ટેમ્પરમેન્ટ તેમની પાસે છે એવો બીજો કોઈ પાસે નથી. આવા જોરદાર દેખાવ છતાં રિષભ પંત કે વિરાટ કોહલીની જેમ ચેતેશ્વરનાં કદી ગુણગાન ના ગવાયાં.

પૂજારાને વન ડે મેચોમાં પૂરતી તક ના મળી, બાકી પૂજારા વન ડેમાં પણ ચાલે એવા ખેલાડી હતા. ભારતમાં કોઈ પણ ક્રિકેટર પર એક ફોર્મેટના ખેલાડીનો સિક્કો વાગી જાય પછી તેને બીજા ફોર્મેટમાં તક જ નથી મળતી ને પૂજારા સાથે એવું જ થયું. આ માન્યતા સાવ ખોટી છે એ વાત વિરેન્દ્ર સેહવાગ અને રાહુલ દ્રવિડે સાબિત કરેલી. સેહવાગ પર વન ડે મેચોના ખેલાડીનો સિક્કો વાગી ગયેલો તેથી ટેસ્ટમાં તક જ નહોતી મળતી પણ તક મળી પછી સેહવાગે ટેસ્ટમાં પણ પોતે ઉપયોગી છે એ સાબિત કર્યું.

ટેસ્ટ ક્રિકેટમાં ભારત વતી ગણીને ત્રણ ત્રેવડી સદી થઈ છે ને તેમાંથી બે તો સેહવાગે ફટકારી છે. સુનિલ ગાવસકર, સચિન તેંડુલકર, વિરાટ કોહલી સહિતના મહાન બેટ્સમેન ના કરી શક્યા એ પરાક્રમ સેહવાગે બે વાર કરી બતાવ્યું. રાહુલ દ્રવિડ પર પણ ટેસ્ટના ખેલાડી હોવાનો સિક્કો વાગી ગયો પછી વન ડે મેચોમાં તક નહોતી મળતી. તક મળી પછી દ્રવિડે વન ડેમાં પણ પોતાની ઉપયોગિતા સાબિત કરી હતી. કમનસીબે ચેતેશ્વર પૂજારાના કેસમાં એવું ના થયું પણ તેના કારણે ચેતેશ્વરનું યોગદાન ઘટતું નથી. પૂજારાને ક્રિકેટ ચાહકો ભારતના એક મહાન ટેસ્ટ ક્રિકેટર તરીકે હંમેશાં યાદ રાખશે. જબરદસ્ત ધીરજ અને ગજબનાક ટેમ્પરામેન્ટ ધરાવતા બેટ્સમેન તરીકે પૂજારા હંમેશાં ક્રિકેટ ચાહકોના દિલ પર રાજ કરશે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૨૬-૮-૨૦૨૫, હરિતાલિકા તૃતિયા, કેવડાત્રીજ,

- ભારતીય દિનાંક ૪, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૩ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૬ (તા. ૨૭)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૮, રાત્રે ક. ૧૯-૫૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – તૃતીયા. હરિતાલિકા તૃતીયા, કેવડાત્રીજ, સામ શ્રાવણી, મન્વાદિ, ગૌરીવ્રત (ઓરિસ્સા), ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૫, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-મંગળ-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન વિશેષરૂપે, પિતૃતર્પણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત પશુ લે-વેંચ, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક પૂજા, ખેતીવાડી, ધાન્ય ભરવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ શુક્ર-શનિ ત્રિકોણ સ્થિર પ્રકૃતિના, ચંદ્ર-મંગળ યુતિ અવિચારી, શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ કળાપ્રિય, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ બેપરવાહ
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-મંગળ યુતિ, શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ (તા. ૨૭), ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૨૭),
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર ■

કેન્દ્રએ દિલ્હીના સીએમની સુરક્ષામાંથી સીઆરપીએફને હટાવ્યું

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાને આપવામાં આવેલી ઝેડ-કેટેગરીની સીઆરપીએફ સુરક્ષા પાછી ખેંચી લીધી છે. તેમને આ સુરક્ષા થોડા દિવસો પહેલા તેમના પર થયેલા હુમલા બાદ પૂરી પાડવામાં આવી હતી. આ જાણકારી સત્તાવાર સૂત્રોએ સોમવારે આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર તેમની સુરક્ષા ફરીથી દિલ્હી પોલીસને સોંપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૫૧ વર્ષીય ગુપ્તા પર ૨૦ ઓગસ્ટની સવારે સિવિલ લાઇન્સ વિસ્તારમાં આવેલા તેમના કેમ્પ કાર્યાલયમાં 'જન સુનાવણી' કાર્યક્રમ દરમિયાન એક વ્યક્તિએ હુમલો કર્યો હતો. તેમના કાર્યાલયે આ હુમલાને 'તેમની હત્યાના સુનિયોજિત કાવતરા'નો ભાગ ગણાવ્યો હતો. હુમલાના એક દિવસ બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ(સીઆરપીએફ)ની વીઆઇપી સુરક્ષા શાખાને કેન્દ્રના ઝેડ શ્રેણી સુરક્ષા પ્રોટોકોલ હેઠળ તેમને સુરક્ષા પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું કે સીઆરપીએફ સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવી છે અને હવે દિલ્હી પોલીસ દિલ્હીના મુખ્ય પ્રધાનને સુરક્ષા પૂરી પાડી રહી છે. તેમણે કહ્યું કે સીઆરપીએફ કવર વધારવાના આદેશો કેન્દ્ર દ્વારા ઔપચારિક રીતે જારી કરવાના હતા, પરંતુ યોજનામાં ફેરફાર કરવામાં આવ્યો અને આખરે તેને પાછી ખેંચવાના આદેશો જારી કરવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસે મુખ્ય પ્રધાન પર થયેલા હુમલાની તપાસના સંદર્ભમાં અત્યાર સુધીમાં બે લોકોની ધરપકડ કરી છે. જેમાં મુખ્ય આરોપી સાકરિયા રાજેશભાઇ ખીમજી(૪૧)નો સમાવેશ થાય છે. તે ગુજરાતના રાજકોટનો રહેવાસી છે અને ઓટો-રિક્ષા ડ્રાઇવર છે.

વૈદિક મંત્રોચ્ચાર સાથે સંભલમાં પરશુરામની પ્રતિમા સ્થપાઈ

સંભલ (ઉત્તર પ્રદેશ): શંકર ઈન્ટર કૉલેજના ક્રોસિંગમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાન પરશુરામની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી, એવી માહિતી આયોજન સમિતિએ આપી હતી.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સાત ઑગસ્ટે બહજોઈમાં પ્રતિમાની સ્થાપનાની નકશીદાર તકતીનું અનાવરણ કર્યું હતું. સમારોહમાં ભગવાન પરશુરામનો જયનાદ કરવામાં આવ્યો હતો. પરશુરામ ભગવાન વિષ્ણુના કલકી અવતારના ગુરુ ગણાય છે અને આ વિસ્તારમાં તેમનો ઘણો મહિમા છે. આ સમારોહમાં જૂના અખાડાના ઈન્ટરનેશનલ જનરલ સેક્રેટરી કરણપુરી મહારાજ, ભાજપના પશ્ચિમ યુપીના ઉપપ્રમુખ રાજેશ સિંઘલ, વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લાપ્રમુખ અનંત અગ્રવાલે હાજરી આપી હતી. આ પ્રતિમા ચાર ફૂટ ઊંચી છે અને પિત્તળની બનેલી છે. તેનું વજન ૧૫૦ કિલો છે અને તે ત્રણ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાઈ છે. (એજન્સી)

જાસૂસી કેસ

કોર્ટે યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાની ન્યાયિક કસ્ટડી ૩ સપ્ટેમ્બર સુધી લંબાવી

હિસારઃ હિસારની એક કોર્ટે સોમવારે યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાની ન્યાયિક કસ્ટડી ૩ સપ્ટેમ્બર સુધી લંબાવી દીધી છે. મલ્હોત્રાની મે મહિનામાં જાસૂસીની શંકામાં ધરપકડ કરવામાં આવી હતી.

જ્યોતિ મલ્હોત્રાના વકીલ કુમાર મુકેશે જણાવ્યું કે મલ્હોત્રા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) સુનીલ કુમાર સમક્ષ હાજર થયા હતા, જેણે તેને ૩ સપ્ટેમ્બર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી હતી. હિસારની રહેવાસી અને 'ટ્રાવેલ વિથ જો' નામની યુટ્યૂબ ચેનલ ચલાવતી મલ્હોત્રાની હિસાર પોલીસે ૧૬ મેના રોજ ધરપકડ કરી હતી.

મલ્હોત્રાની ન્યૂ અગ્રસેન એક્સટેન્શનથી ધરપકડ કરવામાં આવી હતી. તેમ જ તેની સામે ઓફિશિયલ સિક્રેટ્સ ઍક્ટ અને ભારતીય દંડ સંહિતા (બીએનએસ)ની જોગવાઇઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૯ જૂનના રોજ એક કોર્ટે તેની નિયમિત જામીન અરજી ફગાવી દીધી હતી ત્યારે પોલીસે જામીનનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે આ કેસમાં તપાસ હજુ ચાલુ છે.

દિલ્હી હાઇ કોર્ટે પીએમ મોદીની ડિગ્રીની માહિતી જાહેર કરવાના સીઆઇસીના આદેશને નકાર્યો

નવી દિલ્હીઃ દિલ્હી હાઇ કોર્ટે સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગ્રેજ્યુએશનની ડિગ્રીની વિગતો જાહેર કરવાના કેન્દ્રીય માહિતી આયોગ(સીઆઇસી)ના આદેશને નકારી કાઢ્યો હતો.

૨૭ ફેબ્રુઆરીએ પોતાનો ચુકાદો અનામત રાખનારા ન્યાયાધીશ સચિન દત્તાએ સીઆઇસીના આદેશને પડકારતી દિલ્હી યુનિવર્સિટીની અરજી પર આ ચુકાદો આપ્યો હતો. નીરજ નામના વ્યક્તિ દ્વારા આરટીઆઇ અરજી બાદ સીઆઇસીએ ૨૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ૧૯૭૮માં બીએની પરીક્ષા પાસ કરનારા તમામ વિદ્યાર્થીઓના રેકોર્ડની તપાસ કરવાની મંજૂરી આપી હતી-જે વર્ષે પીએમ મોદીએ પણ આ પરીક્ષા પાસ કરી હતી. હાઇ કોર્ટે ૨૩ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સીઆઇસીના આદેશ પર સ્ટે મૂક્યો હતો.

ડીયુ તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે સીઆઇસીનો આદેશ રદ કરવાને પાત્ર છે. જો કે મહેતાએ કહ્યું કે યુનિવર્સિટીને કોર્ટમાં તેના રેકોર્ડ બતાવવામાં કોઇ વાંધો નથી. તેમણે કહ્યું કે યુનિવર્સિટીને કોર્ટને રેકોર્ડ બતાવવામાં કોઇ વાંધો નથી. તેમાં ૧૯૭૮ની બેચલર ઓફ આટર્સ ડિગ્રી છે.

ડીયુએ સીઆઇસીના આદેશને એ આધાર પર પડકાર્યો હતો કે તે વિદ્યાર્થીઓની માહિતીને વિશ્વાસપાત્ર અધિકાર તરીકે રાખે છે અને જાહેર હિતના અભાવમાં માત્ર જિજ્ઞાસાના આધારે કોઇને પણ આરટીઆઇ કાયદા હેઠળ વ્યક્તિગત માહિતી માગવાનો અધિકાર નથી. અગાઉ આરટીઆઇ અરજદારોના વકીલે સીઆઇસીના આદેશનો એ આધારે બચાવ કર્યો હતો કે માહિતીનો અધિકાર(આરટીઆઇ) કાયદામાં વ્યાપક જાહેર હિતમાં વડા પ્રધાનની શૈક્ષણિક માહિતી જાહેર કરવાની જોગવાઇ છે.

ગગનયાનઃ ઈસરોએ પેરાશૂટ આધારિત ડિકલેરેશન સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું

બેંગલૂરુ (કર્ણાટક): ઈસરોએ રવિવારે શ્રીહરિકોટાની નજીક ઈન્ટિગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ ગગનયાન કાર્યક્રમ માટે પેરાશૂટ આધારિત ડિકલરેશન સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ સિસ્ટમ સ્તરની યોગ્યતામાં આવશ્યક પગલું છે, એવી ઈસરોએ જાણકારી આપી હતી.

અંતરિક્ષ સંસ્થા ઈસરોએ કહ્યું હતું કે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાં કરેલા પરિક્ષણમાં પેરાશૂટ આધારિત મહત્ત્વના ગગનયાન મિશનમાં ક્રૂ મોડ્યુલની ડિકલરેશન સિસ્ટમની સફળતા બતાડે છે. પેરાશૂટ આધારિત સિસ્ટમમાં ક્રૂ મોડ્યુલને હેલિકૉપ્ટરથી ફેંકવામાં આવે છે. ગગનયાન મિશનમાં અવકાશવીરો સમુદ્રમાં સફળ ઉતરાણ કરી શકે એ માટે વેગ ઘટાડવા પેરાશુટ આધારિત ડિકલરેશન સિસ્ટમનો ઉપયોગ કરવામા આવશે. ગગનયાન મિશનમાં ઉપયોગમાં લેનારી પેરાશૂટ સિસ્ટમની ચકાસણી કરવામાં આવી હતી. આમાં (એજન્સી) ■

અમિત શાહે બંધારણીય સુધારા બિલ પર વિપક્ષને આડે હાથે લીધો

જગદીપ ધનખડના રાજીનામા અંગે આપી પ્રતિક્રિયા

નવી દિલ્હીઃ દેશની સંસદમાં હાલ રજૂ કરવામાં આવેલા ૧૩૦માં બંધારણીય સુધારા બિલ પર કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ખુલીને વાત કરી છે તેમ જ ન્યૂઝ એજન્સીને આપેલા ઇન્ટરવ્યૂમાં બિલ અંગે અનેક સ્પષ્ટતા કરી હતી. આ બિલમાં ખાસ કરીને વડા પ્રધાન, મુખ્ય મંત્રી કે મંત્રી જો ૩૦ દિવસથી વધુ જેલમાં રહેશે તો તેમને રાજીનામું આપવું પડશે. એટલે કે હવે જેલમાંથી સરકાર નહીં ચલાવી શકાય અમિત શાહે વિશ્વાસ વ્યકત કર્યો કે કૉંગ્રેસ પક્ષ પણ આ બિલનું સમર્થન કરશે અને બિલ સરળતાથી મંજૂર થશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે વિપક્ષ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, લાલુ પ્રસાદ યાદવને બચાવવા માટે મનમોહન સિંહના અધ્યાદેશને ફાડવાનો રાહુલ ગાંધીનો શું ઉદ્દેશ છે. જો તે દિવસે નૈતિકતા હતી તો આજે કેમ નથી. તમે સતત ત્રણ ચૂંટણી કેમ હારી ગયા. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, આ બિલ મંજૂર થશે. કૉંગ્રેસ અને વિપક્ષના અનેક લોકો એવા છે જે નૈતિકતાનું સમર્થન કરશે અને નૈતિકતા જાળવી રાખશે.

તેમણે કહ્યું કે તેઓ બંધારણીય પદ પર હતા અને તેમના કાર્યકાળ દરમિયાન બંધારણ અનુસાર સારું કામ કર્યું. તેમણે વ્યક્તિગત આરોગ્યની સમસ્યાને કારણે રાજીનામું આપ્યું છે. આ મુદ્દાને વધારવાની જરૂર નથી. તેમજ વિપક્ષના જગદીપ ધનખડને નજર કેદ રાખવામાં આવેલા નિવેદન અંગે અમિત શાહે કહ્યું કે સત્ય અને અસત્યની વ્યાખ્યા માત્ર વિપક્ષના નિવેદન પર આધારિત ના હોવી જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે વિપક્ષના નેતા જે બિલનો વિરોધ કરી રહ્યા છે. જો તે પહેલા બન્યો હોત તો જ્યારે કેજરીવાલને જેલ થઈ ત્યારે તેમને રાજીનામું આપવું પડ્યું હોત. તેમજ કેજરીવાલે સુપ્રીમ કોર્ટના કહ્યા બાદ રાજીનામું આપ્યું હતું. આ નવા બિલ માટે સરકારે જેપીસીની રચના કરી છે. જેમાં વિપક્ષ સામેલ થવા નથી માગતું. પરંતુ આ બધું લોકો જોઈ રહ્યા છે. જો વિપક્ષ સામેલ નહીં થાય તો જનતા તેનું કામ કરશે.

આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સંસદની અંદર સીઆઈએસએફની તૈનાતી અંગે કહ્યું કે માર્શલ ફક્ત સ્પીકર આદેશ આપે ત્યારે જ ગૃહમાં પ્રવેશ કરે છે. આ ફેરફાર સંસદની અંદર કેટલાક ડાબેરી લોકોએ સ્પ્રે કર્યા બાદ લેવામાં આવ્યો છે.

પહેલા પાનાનું ચાલુ

ગાઝાની હૉસ્પિટલ પર

પુરવઠા અને સ્ટાફની ગંભીર અછતનો ઉલ્લેખ કર્યો છે.

માર્યા ગયેલા ૧૫ લોકોમાં ૩૩ વર્ષીય મરિયમ દગ્ગા સહિત ચાર પત્રકારનો સમાવેશ થાય છે, જે યુદ્ધની શરૂઆતથી એસોસિએટેડ પ્રેસ માટે કામ કરતી વિઝ્યુઅલ પત્રકાર હતી.

દગ્ગા એક ફ્રીલાન્સર હતી જેણે તાજેતરમાં નાસેર હોસ્પિટલના ડોકટરો પર અહેવાલ આપ્યો હતો જે કોઈ સ્વાસ્થ્ય સમસ્યાઓ વિના મૃત્યુ પામતા અથવા ભૂખમરાથી બરબાદ થઈ રહેલાં બાળકોને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા.

અલ જઝીરા અને રોઇટર્સે પણ પુષ્ટિ કરી છે કે તેમના પત્રકારો અને ફ્રીલાન્સરો માર્યા ગયેલા લોકોમાં હતા.

કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ્સ અનુસાર ઇઝરાયલ-હમાસ યુદ્ધ મીડિયા કર્મચારીઓ માટે સૌથી લોહિયાળ સંઘર્ષોમાંનો એક રહ્યો છે, ૨૨ મહિનાના સંઘર્ષમાં ગાઝામાં કુલ ૧૯૨ પત્રકાર માર્યા ગયા.

ઇઝરાયલની સેના કે વડા પ્રધાન કાર્યાલયે તાત્કાલિક હુમલા અંગેના પ્રશ્નોના જવાબ આપ્યા ન હતા.

નાસેર હોસ્પિટલમાં માર્યા ગયેલા ૧૫ ઉપરાંત, ઉત્તર ગાઝામાં હોસ્પિટલના અધિકારીઓએ પણ સહાય સ્થળોએ જતા માર્ગ પર હુમલા અને ગોળીબારમાં મૃત્યુની જાણ કરી હતી.

શિફા હોસ્પિટલે જણાવ્યું હતું કે ગાઝા શહેરના એક પડોશમાં થયેલા હુમલામાં એક બાળક સહિત ત્રણ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા, જ્યાં ઇઝરાયલ આગામી દિવસોમાં વ્યાપક ભૂમિ આક્રમણની તૈયારી કરી રહ્યું છે.

અલ-અવદા હોસ્પિટલે અહેવાલ આપ્યો છે કે મધ્ય ગાઝામાં વિતરણ બિંદુ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહેલા છ સહાય શોધનારા ઇઝરાયલી ગોળીબારમાં માર્યા ગયા હતા, જેમાં ૧૫ ઘાયલ પણ થયા હતા.

ઇઝરાયલની સેનાએ તાત્કાલિક સહાય શોધનારાઓ વિશેના પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો.

વડા પ્રધાન મોદીનો

(યુજીવીસીએલ) અને ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો) અંતર્ગત અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં પાંચ મુખ્ય પાવર ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પોથી ૪.૨૫ લાખ ગ્રાહકોને લાભ થશે. આ ઉપરાંત અમદાવાદ (પશ્ચિમ)માં સ્ટેમ્પ્સ એન્ડ રજિસ્ટ્રેશન ભવનનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. અમદાવાદ શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવા અને માળખાગત સુવિધામાં અદ્યતન સુધારો કરવા બે તબક્કામાં હાઇબ્રિડ એન્યુઇટી મોડ હેઠળ ચાર માર્ગીય વ્યવસ્થા છ માર્ગીય બનાવાશે. આ પ્રોજેક્ટ કુલ ખર્ચ રૂ.૧૬૨૪ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત ગાંધીનગરમાં પણ વડાપ્રધાન મોદીના હસ્તે રૂ. ૫૫૫ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું. વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યા બાદ જનસભા સંબોધિત કરી હતી.

ગુજરાત ટૂરિઝમ ક્ષેત્રે અગ્રેસર, સ્વદેશી અપનાવવા અપીલઃ વડા પ્રધાન મોદી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે અમદાવાદમાં ભવ્ય રોડ શો કર્યો હતો. આ દરમિયાન રસ્તા પર જંગી મેદની ઉમટી હતી. ખોડલધામ ગ્રાઉન્ડથી તેમણે ૫૪૭૭ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન, શિલાન્યાસ કર્યો હતો. જે બાદ તેમણે જનસભાને સંબોધી હતી. વડા પ્રધાન મોદીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતની આ ધરતી, બે મોહનની ધરતી છે. એક, સુદર્શન-ચક્રધારી મોહન... એટલે કે, આપણા દ્વારકાધીશ શ્રીકૃષ્ણ અને બીજા, ચરખાધારી મોહન... એટલે કે, સાબરમતીના સંત પૂજ્ય બાપુ. ભારત આજે સુદર્શન-ચક્રધારી મોહન અને ચરખાધારી મોહન દ્વારા બતાવેલા માર્ગ પર ચાલીને સતત સશક્ત થતું જાય છે.વડા પ્રધાન મોદીએ આતંકવાદ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે,''પહેલાં આતંકી આપણું લોહી વહેવડાવતા હતા અને દિલ્હીમાં બેઠેલી કૉંગ્રેસ સરકાર કંઈ કરતી નહોતી. પરંતુ આજે અમે આતંકવાદીઓ અને તેમના આકાઓને છોડતા નથી, પછી ભલે તેઓ ગમે ત્યાં છુપાયા હોય. દુનિયાએ જોયું છે કે ભારતે પહલગામનો બદલો કેવી રીતે લીધો. માત્ર ૨૨ મિનિટમાં બધું સાફ કરી દેવામાં આવ્યું. 'ઓપરેશન સિંદૂર' આપણી સેનાના શૌર્ય અને સુદર્શન ચક્રધારી મોહનના ભારતની ઈચ્છાશક્તિનું પ્રતીક બની ગયું છે.આ ઉપરાંત તેમણે કહ્યું, આજે ગુજરાતમાંથી ડાયમંડ વિદેશમાં નિકાસ થાય છે.આજે ગુજરાતમાં બનેલા મેટ્રોના કોચ બીજા દેશોમાં એક્સપોર્ટ થઈ રહ્યાં છે. દેશમા વિમાનના અલગ અલગ પાર્ટ બનાવવા અને તેમના એક્સપોર્ટનું કામ પહેલાથી ચાલુ હતું. ગુજરાતમાં વિમાન બને એટલે આનંદ થાય કે ના થાય. ગુજરાત હવે સેમિકંડક્ટર સેક્ટરમાં મોટું નામ કરવા જઈ રહ્યું છે. આ સાથે જ હાંસલપુરમાં ઈવી વ્હિકલ બનાવવામાં આવશે. ત્યારે વડોદરામાં પ્લેન પણ બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાત હવે ટૂરિઝમ ક્ષેત્ર પણ અગ્રેસર બન્યું છે. રાજ્યમાં સ્ટેચ્યુ ઓફ યૂનિટી- નર્મદા, કચ્છ રણોત્સવ, દ્વારકા, પાવાગઢ જેવા સ્થળોએ ટૂરિઝમ વધ્યું છે. અમદાવાદ કોલ્ડ પ્લે કોન્સર્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વડા પ્રધાન મોદીએ દેશવાસીઓને તમે કોઈને પણ ભેટ આપો તે મેડ ઈન ઈન્ડિયા હોય તેવું આપવા માટે આગ્રહ કર્યો હતો. ઉપરાંત વિદેશી માલ ના ખરીદવા આહ્વાન કર્યું હતું.

સાબરમતીમાં એક સમયે સર્કસ આવતાઃ મોદી

પીએમ મોદીએ કહ્યું, અમદાવાદ શહેર અને સપના અને સંકલ્પોનું શહેર બન્યું છે. એક સમયે લોકો અમદાવાદને ખાડાવાદ કહીને મજાક ઉડાવતા હતાં. મને ખુશી છે કે આજે સ્વચ્છતાના નામે અમદાવાદ દેશમાં નામ બનાવે છે. સ્વચ્છતા અભિયાન પેઢી દર પેઢી અને રોજે રોજ કરવાનું કામ છે. સ્વચ્છતાને સ્વભાવ બનાવીએ તો જ ધાર્યું પરિણામ મેળવી શકીએ. સાબરમતી નદીના કેવા હાલ હતાં તે જાણીએ છીએ. એક સમયે ત્યાં સર્કસ આવતા હતા અને બાળકો ક્રિકેટ રમતા હતાં. અમદાવાદના લોકોએ સંકલ્પ લીધો કે સ્થિતિને બદલીશું આજે સાબરમતી રિવરફ્રન્ટ શહેરનો પ્રભાવ વધારે છે. આજે તે હરવા ફરવાનું સ્થળ બની ગયું છે. અમદાવાદ આજે ટૂરિઝમનું એક કેન્દ્ર બની ગયું છે. કાંકરિયા કાર્નિવલ અમદાવાદનું ઘરેણું બની ગયું છે.

કૉંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકરોની અટકાયત

પીએમ મોદીની સભા પહેલાં જ અમદાવાદ પોલીસે ગુજરાત કૉંગ્રેસના નેતાઓ અને એનએસયુઆના કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. ખરાબ રસ્તાઓ અને 'વોટચોરી'ના મુદ્દે કાળા વાવટા બતાવીને વિરોધ પ્રદર્શન કરવાનો કૉંગ્રેસનો ઇરાદો હતો, પરંતુ પોલીસે આ પહેલાં જ કાર્યવાહી કરી હતી. હરિ દર્શન ચાર રસ્તા પાસે આવેલી એમએસ સ્કૂલના ગેટ નજીક એનએસયુઆઈના કાર્યકરોએ કાળા વાવટા બતાવી વિરોધ કર્યો હતો.

અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., આણંદ (અમૂલ ડેરી)ના નિયામક મંડળની ચૂંટણી-૨૦૨૫ માટે ઉમેદવારી પત્રો રજૂ કરવામાં આવ્યા હતા. ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ બપોરના ૩ વાગ્યા સુધીમાં મતદાર વિભાગ-૧ માટે ઉમેદવારી પત્રો રજૂ થયા હતા. જેમાં બોરસદ, ઠાસરા, નડિયાદ, મહેમદાવાદ, કઠલાલ સહિતના મતદાર મંડળ માટે ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા. બોરસદ મતદાર મંડળ વિભાગમાં રાજેન્દ્રસિંહ ધિરસિંહ પરમાર, નટવરસિંહ સરદારસિંહ મહિડાએ ઉમેદવારી નોંધાવી હતી. ઠાસરા મતદાર મંડળ વિભાગમાં પ્રિયાબેન કૃણાલસિંહ પરમાર અને બાલાસિનોર મતદાર મંડળ વિભાગમાં પાઠક રાજેશભાઇ ગજાનને ઉમેદવારી નોંધાવી હતી.

કઠલાલ મતદાર મંડળ વિભાગમાં શિલ્પાબેન નિલમકુમાર શાહ અને મહેમદાવાદ મતદાર મંડળ વિભાગમાં જુવાનસિંહ હાથીસિંહ ચૌહાણ અને સુરસિંહ ચેહરાજી રાઠોડે ઉમેદવારી નોંધાવી હતી.

માતર મતદાર મંડળ વિભાગમાં પટેલ સંજયભાઇ હરિભાઇ અને નડિયાદ મતદાર મંડળ વિભાગમાં ધર્મસિંહ છોટાભાઇ પરમાર, કૌશિકભાઇ સોમાભાઇ પરમાર, વિપુલભાઇ કાંતીભાઇ પટેલે ઉમેદવારી નોંધાવી હતી.

વિરપુર મતદાર મંડળ વિભાગમાં પરમાર સાભેસિંહ મોંગાભાઇએ ઉમેદવારી નોંધાવી હતી. આ ઉપરાંત, આજીવન વ્યક્તિ સભાસદ (મતદાર વિભાગ-૨) માં પટેલ રણજીતભાઇ કાંતીભાઈ અને પટેલ વિજયકુમાર ફુલાભાઇએ ઉમેદવારી નોંધાવી હતી. આ ચૂંટણીની જાહેરાત થતા સહકારી ક્ષેત્રે ગરમાવો આવ્યો છે અને ઉમેદવારો દ્વારા પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે તમામ પગલાં લેવામાં આવશે.

પાટીદાર આંદોલનને ૧૦ વર્ષ થતાં ધારાસભ્ય હાર્દિક પટેલે સોશ્યલ મીડિયા પોસ્ટથી આંદોલનની સફળતા વર્ણવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૧૫માં ગુજરાતમાં પાટીદાર સમાજને સરકારી શિક્ષણ અને નોકરીઓમાં અનામત મળે તે માટે પાટીદાર આંદોલન શરૂ થયું હતું. પાટીદાર આંદોલનને ૧૦ વર્ષ પૂરા થતાં આંદોલનકારીમાંથી નેતા બનેલા વિરમગામના વર્તમાન ધારાસભ્ય હાર્દિક પટેલે એક સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી આંદોલનને યાદ કર્યું હતું. હાર્દિક પટેલે તેના સોશ્યલ મીડિયામાં કરેલી પોસ્ટમાં લખ્યું હતું કે, આજના દિવસે જ ગુજરાતના ગરીબ અને આર્થિક નબળા પાટીદાર સમાજને સરકારી શિક્ષણ અને નોકરીમાં અનામત મળે તે માટે સૌના સહયોગથી પાટીદાર આંદોલન થયું હતું. લગભગ ત્રણ વર્ષના સંઘર્ષ અને કુરબાની બાદ ગુજરાતના માત્ર પાટીદાર સમાજને જ નહિ પરંતુ અનામતમાં ન આવતા લગભગ ૩૦ સોમાજોને બિનઅનામત આયોગ તેમ જ નિગમ મળ્યું છે, આ સાથે જ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત દર વર્ષે ૧૦૦૦ કરોડ રૂપિયાની યોજના અને સરકારી નોકરીમાં પાંચ વર્ષની વયમર્યાદાનો લાભ મળ્યો અને તે બાદ ભારતના ઇતિહાસ પ્રથમવાર ગુજરાત સહિત દેશભરમાં પાટીદાર સહિતના ૫૦થી વધુ સમાજોને આર્થિક ધોરણે ૧૦ ટકાનો અનામતનો લાભ મળ્યો છે. અને સરકારી નોકરીમાં પાંચ વર્ષની વયમર્યાદામાં છૂટ જેવા લાભો પણ પ્રાપ્ત થયા છે.

હાર્દિક પટેલે સોશ્યલ મીડિયાના માધ્યમથી વધુમાં જણાવ્યું હતું કે, આજે લગભગ દરરોજ એક ફોન મને આવે છે કે હાર્દિકભાઈ તમે જે આંદોલન કર્યું તેના કારણે મને નોકરી મળી અથવા એડમિશન મળ્યું છે. આ લડાઈ સમાજના ગરીબ લોકોની હતી અને સફળ થઇ. આ આંદોલનમાં ઘણા લોકોએ ઘણું ગુમાવ્યું છે, કોઈએ પોતાના પરિવારના સભ્યોને ગુમાવ્યા તો મારા જેવા ૨૦ યુવાનોએ પોતાના જીવનના અનેક મહિનાઓ જેલમાં વિતાવ્યા હતા, મારા સહીત અનેક યુવાનો પર ઘણા કેસ પણ થયા, પરંતુ કહેવત છે કે કંઈક મેળવવું હોય તો કંઈક ગુમાવવું પડે છે. હું જેલમાં ગયા એનું મને જરાય દુઃખ નથી પરંતુ સમાજના નવયુવાન ગુમાવ્યા તેનું આજે પણ દુઃખ છે સામે આ આંદોલનથી સમાજને મળેલા ફાયદાથી રાજી પણ છું. આ આંદોલન આખા સમાજનું હતું અને ઇતિહાસ આ આંદોલન કાયમ યાદ રાખશે.

ગુજરાતના મારા સૌ નવયુવાન પાટીદાર તેમજ પાટીદાર પરિવારોને પાટીદાર ક્રાંતિ દિવસની હાર્દિક શુભકામના તેમજ શહીદ પાટીદાર યુવાનોને નમ મસ્તક શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. સૌને વિનંતી કે આંદોલનથી મળેલી યોજનાઓ અને આયોગના લાભ જરૂર મેળવો.

અમદાવાદમાં સાબરમતીનું જળસ્તર વધતાં સતત બીજા દિવસે રિવરફ્રન્ટ બંધ રહ્યો

અમદાવાદઃ ઉત્તર ગુજરાતમાં પડી રહેલા ભારે વરસાદના કારણે ધરોઈ ડેમમાં પાણીની આવક વધી હતી, જેને પગલે ડેમમાંથી સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું. સાબરમતીનું જળસ્તર વધતાં સતત બીજા દિવસે રિવરફ્રન્ટ બંધ રાખવામાં આવ્યો હતો. ધરોઈ ડેમમાં પાણીની આવક એકાએક વધી છે. હાલ ડેમમાં ૮૬,૮૯૨ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. ડેમની સપાટી જાળવી રાખવા માટે અને વધારાના પાણીનો નિકાલ કરવા માટે ડેમના આઠ દરવાજા ખોલવામાં આવ્યા હતા. આ દરવાજામાંથી ૬૪,૧૪૪ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યું હતું. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રિવરફ્રન્ટના લોઅર પ્રોમિનાડ શહેરીજનો માટે સતત બીજા દિવસે બંધ કરવામાં આવ્યા હતા.૨૪ ઓગસ્ટના રોજ સુભાષ બ્રિજ નજીકનો લોઅર પ્રોમિનાડ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જોકે, ૨૫ ઓગસ્ટે વહેલી સવારથી પાણી ઓસરતા રિવરફ્રન્ટ કોર્પોરેશન દ્વારા સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વરસાદી પાણીની સાથે તણાઈને આવેલો કચરો, ઘાસ અને અન્ય કચરો રિવરફ્રન્ટના લોઅર પ્રોમિનાડ પરથી દૂર કરવામાં આવ્યો હતો. સુરક્ષાને ધ્યાનમાં રાખીને, લોઅર પ્રોમિનાડમાં કોઈપણ વ્યક્તિને જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ માટે સિક્યુરિટી ગાર્ડ્સ અને પોલીસ પેટ્રોલિંગ પણ ગોઠવવામાં આવ્યું હતું. જ્યાં સુધી પાણીનું સ્તર સામાન્ય ન થાય ત્યાં સુધી લોઅર પ્રોમિનાડ બંધ રહેશે. વાસણા બેરેજના કુલ ૨૫ ગેટ ખોલી ૩૦૮૩૬ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. જેમાં ધીમે ધીમે વધારો કરવામાં આવશે.

અમદાવાદ શહેર પોલીસ ૭૭૮ અકસ્માત પૈકીના ૬૮ ગુનાનો ભેદ ઉકેલવામાં નિષ્ફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર પોલીસના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તરફથી શહેરમાં ચારેય દિશામાં હજારોની સંખ્યામાં સીસીટીવી લાગેલા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, ત્યારે આ સીસીટીવીના કારણે ગુનાખોરી ઓછી થઈ હોવાનો પણ દાવો કરવામાં આવે છે.

તેવામાં શહેરમાં સર્જાતા અનેક અકસ્માતના બનાવોના ભેદ ઉકેલવામાં પોલીસ નિષ્ફળ સાબિત થઇ છે. શહેરમાં હજારોની સંખ્યામાં સીસીટીવી લગાવ્યા હોવા છતાંય કુલ ૭૭૮ કેસમાંથી ૬૮ જેટલા કેસમાં આરોપીઓ સુધી પહોંચવામાં પોલીસ નિષ્ફળ સાબિત થઇ છે.

મળતી વિગત મુજબ શહેરમાં કુલ ૨૮ જેટલા બ્લેકસ્પોટ આવેલા છે જ્યાં સૌથી વધુ અકસ્માતો સર્જાય છે. આ સ્પોટની આસપાસ અનેક જગ્યાએ સીસીટીવી લગાવવામાં આવ્યા છે. તેમ છતાંય શહેરમાં ચાલુ વર્ષે સર્જાયેલા કુલ ૭૭૮ અકસ્માતની ઘટનાઓમાંથી ૬૮ જેટલી ઘટનાઓમાં હજુ આરોપીઓ ઝડપાયા નથી. ચાલુ વર્ષે ૨૩૧ જેટલા ફેટલમાંથી માત્ર ૧૯૮ કેસમાં આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે, પરંતુ ૩૩ જેટલા કેસ વણઉકેલાયેલા છે. જ્યારે ૪૪૫ જેટલા ગંભીર અકસ્માતોમાં માત્ર ૪૧૪ કેસમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને ૩૧ જેટલા બનાવોમાં આરોપીઓ પકડવામાં પોલીસ નિષ્ફળ નિવડી છે. જ્યારે ૧૦૨ જેટલા સામાન્ય અકસ્માતોમાં ૯૮ કેસમાં આરોપીઓ ઝડપાયા છે, પરંતુ હજુ ચાર કેસના આરોપીઓ પકડવામાં પોલીસ નિષ્ફળ નિવડી છે. શહેરમાં હજારોની સંખ્યામાં સીસીટીવી હોવા છતાં પોલીસ આરોપીઓ સુધી ન પહોંચી શક્તા અનેક તર્કવિતર્ક સર્જાયા છે. જોકે સૂત્રોનું કહેવું છે કે તમામ કિસ્સામાં પોલીસને સીસીટીવી ન મળ્યા હોવાના કારણે ૬૮ જેટલા ગુનાના ભેદ ઉકેલાયા નથી. ત્યારે સારી કામગીરીના દાવા કરતી પોલીસ આ ગુનાનો ભેદ ઉકેલવામાં ઊંડી ઊતરે છે કે નહિ તે સવાલ છે.

શહેરમાં અનેક જગ્યાએ સીસીટીવી હોવા છતાં ત્રણ વર્ષમાં અકસ્માતની ઘટનાઓમાં ૨૯ મૃતકોની ઓળખ થઇ નથી. વર્ષ ૨૦૨૩માં ૧૩ મૃતક, ૨૦૨૪માં ૧૦ મૃતક જ્યારે ચાલુ વર્ષે ૬ એમ કુલ ૨૯ મૃતકની ઓળખ થઇ નથી.

સિવિલમાં પોસ્ટમોર્ટમ કરાયા બાદ મૃતકોને ચોક્કસ દિવસો સુધી કોલ્ડ સ્ટોરેજમાં રાખ્યા બાદ સંસ્થા દ્વારા તેની અંતિમવિધિ કરી દેવામાં આવી હતી.

નિવૃત્ત ડીવાયએસપી જે જે મેવાડાની ₹300 કરોડની સંપત્તિ જપ્ત કરવાનો કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભ્રષ્ટાચારના કેસમાં ફસાયેલા નિવૃત્ત ડીવાયએસપી જયંતીલાલ જેઠાભાઈ મેવાડાને મોડાસા કોર્ટે મોટો ઝટકો આપ્યો હતો. કોર્ટે તેમની ₹૩૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ કર્યો હતો. આ કાર્યવાહી વર્ષ ૨૦૨૨માં તેમની સામે દાખલ થયેલી ફરિયાદના આધારે કરવામાં આવી હતી. તે સમયે તેઓ આમ આદમી પાર્ટીના નેતા હતા. આ મામલો ૨૦૨૨નો છે.તે સમયે જયંતીલાલ મેવાડા અમદાવાદ શહેર આપના પ્રમુખ હતા. કલોલના રહેવાસી વિરલગીરી ગોસ્વામીએ અરવલ્લી જિલ્લા સેશન્સ કોર્ટમાં જયંતીલાલ મેવાડા અને તેમના પરિવારના છ સભ્યો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે મેવાડાએ તેમની ફરજ દરમિયાન ₹૩૦૦ કરોડથી વધુની અપ્રમાણસર મિલકતો ગેરકાયદેસર રીતે ખરીદી હતી.ફરિયાદી વિરલગીરી ગોસ્વામીએ આક્ષેપ કર્યો હતો કે જયંતીલાલ મેવાડાએ અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ભ્રષ્ટાચાર કરીને કરોડોની મિલકતો વસાવી હતી. આ ઉપરાંત, ૨૦૧૪ અને ૨૦૧૭ની ચૂંટણીમાં તેમણે ખોટી એફિડેવિટ રજૂ કરી હોવાનો પણ આરોપ લગાવાયો હતો.અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં તેમણે ૨૪ મિલકતો વસાવી હોવાનો દાવો પણ કરવામાં આવ્યો હતો. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને મોડાસા સેશન્સ કોર્ટે તેમની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ કેસ નોંધાયા બાદ જયંતીલાલ મેવાડા ભાજપમાં જોડાયા હતા, છતાં તેમને કાયદાકીય કાર્યવાહીમાંથી મુક્તિ મળી નથી. આ ઘટનાથી રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જાગી હતી.

સેવન્થ ડે સ્કૂલમાં ઓનલાઇન શિક્ષણ શરૂ: અન્ય શાળામાં પ્રવેશ અંગે ડીઈઓએ આપી સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાના એક અઠવાડિયા બાદ ફરીથી શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જોકે, આ શિક્ષણ કાર્ય હાલ પૂરતું ઓનલાઈન જ શરૂ કરવામાં આવ્યું છે. ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસ શરૂ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે હાલ કોઈ શિક્ષણકાર્ય શરૂ કરાયું નથી. સ્કૂલ સ્ટાફ, શિક્ષકોની સુરક્ષા માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સરકારે આ મામલે મોટો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ ખોરવાય નહીં તે માટે વચગાળાના આયોજનની શરૂઆત કરવામાં આવી છે. આ માટે ડીઈઓ (જિલ્લા શિક્ષણ અધિકારી) કચેરીના ચાર અધિકારીઓની એક ટીમને સ્કૂલમાં ડેપ્યુટ કરવામાં આવી છે. આ ટીમ વાલીઓના પ્રશ્નોનું નિરાકરણ કરશે અને જે વાલીઓ પોતાના બાળકનો પ્રવેશ સેવન્થ ડે સ્કૂલમાંથી રદ કરાવીને અન્ય સ્કૂલમાં દાખલ કરવા ઈચ્છતા હશે તો તેમને મદદ કરશે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, હાલમાં સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (એલસી) વિના પણ વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં પ્રોવિઝનલ એડમિશન આપીને તેમનો અભ્યાસ શરૂ કરાવી દેવામાં આવશે. ડીઈઓ દ્વારા મણિનગર અને તેની આસપાસની શાળાઓને આ અંગે સૂચના પણ આપવામાં આવી છે કે તેઓ સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓને સરળતાથી પ્રવેશ આપે.

વાલીઓ હવે સીધા ડીઈઓ કચેરીના અધિકારીઓનો સંપર્ક કરીને તેમના બાળકનું એડમિશન સેવન્થ ડે સ્કૂલમાંથી કઢાવીને અન્ય સ્કૂલમાં મેળવી શકશે. આ પગલાંથી વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહીં તેની ખાતરી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય ૭-૮ વિદ્યાર્થીઓ સાથે મળીને ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર હુમલો કરતા તેને ચપ્પુ મારી દીધું હતું. હકીકતમાં, હુમલો કરનાર વિદ્યાર્થી અને પીડિત વિદ્યાર્થીનો થોડા દિવસ પહેલાં ધક્કામુક્કીના મામલે ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવત રાખી આરોપી વિદ્યાર્થીએ સ્કૂલમાંથી છૂટ્યા બાદ ૭-૮ અન્ય વિદ્યાર્થીને ભેગા કરી બદલો લેવા માટે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર ચપ્પાનો વાર કર્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થી લોહીલુહાણ થઈ ગયો અને બાદમાં તેને તાત્કાલીક ધોરણે સારવાર અર્થે હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું. આ ઘટનામાં સ્કૂલ મેનેજમેન્ટની ગંભીર બેદરકારી હોવાનો ડીઈઓ દ્વારા શિક્ષણ વિભાગને રિપોર્ટ કર્યા બાદ એનઓસી કેમ રદ ન કરવી એ અંગેનો ખુલાસો માગતી ફરી એક વખત નોટિસ ફટકારાઈ છે. ડીઈઓની નોટિસની મુદત મંગળવારના રોજ પૂર્ણ થશે.

રાજકોટમાં સાયબર માફિયાઓએ નિવૃત્ત ક્લાર્કને ૪૫ દિવસ ડિજિટલ એરેસ્ટ કરી ૮૮ લાખ પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વ્યક્તિને ડિજિટલ અરેસ્ટ કરી નાણાં ખંખેરવાની ઘટનાઓ સતત વધી રહી છે. રાજકોટમાં સાયબર માફિયાઓએ એક નિવૃત્ત ક્લાર્કને મની લોન્ડરિંગ અને ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૪૫ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટમાં રાખીને ૮૮.૫૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ ઘટનાની ફરિયાદ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સાધુ વાસવાણી રોડ પર રહેતા દિનેશભાઈ જીવણભાઈ દેલવાડિયા, જેઓ સેશન્સ કોર્ટમાંથી નિવૃત્ત થયા છે, તેમણે ફરિયાદ નોંધાવી હતી કે તેમને ટેલિફોન વિભાગમાંથી વ્હોટ્સએપ ફોન આવ્યો હતો અને દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાંથી સુનીલકુમાર ગૌતમનો ફોન આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ, એક અજાણ્યા વ્યક્તિએ વ્હોટ્સએપ ફોન કરીને જણાવ્યું હતું કે, તેઓ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાંથી બોલી રહ્યા છે અને આઈસીઆઈસીઆઈ બેંકના મેનેજર સંદીપ કુમાર વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ ચાલી રહ્યો છે, જેમાં દિનેશભાઈ પણ સંડોવાયેલા છે.

આરોપીઓએ દિનેશભાઈને ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી અને જણાવ્યું હતું કે સંદીપ કુમારના ઘરેથી મોટી રકમ અને ડ્રગ્સ મળી આવ્યા છે, જેમાં દિનેશભાઈ પણ ભાગીદાર છે. આથી, તેઓ ડરી ગયા હતા અને કોઈને વાત કરી ન હતી. ત્યારબાદ, આરોપીઓએ દિનેશભાઈને તેમના બેંક ખાતામાં દસ ટકા રકમ જમા કરાવવાનું કહ્યું અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં ૮ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. આરોપીઓએ વિશ્વાસ અપાવ્યો હતો કે તપાસ પૂરી થયા બાદ પૈસા પાછા મળી જશે. આગળના દિવસોમાં, આરોપીઓએ દિનેશભાઈને લોકરમાં રહેલું સોનું ગીરવે મૂકીને પૈસા જમા કરાવવાનું કહ્યું હતું. આમ, ૪૫ દિવસ સુધી આરોપીઓએ દિનેશભાઈ અને તેમના પત્નીને ડિજિટલ એરેસ્ટમાં રાખીને કુલ ૮૮.૫૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

ગુજરાતમાં ડ્રગ્સની હેરાફેરી અટકાવવા એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટની સ્થાપના કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે વધુ એક મોટું પગલું ભર્યું હતું. રાજ્યમાં ઝોન મુજબ કુલ ૬ નવી એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સ શરૂ કરવામાં આવશે, જે ડ્રગ્સના વેચાણ, હેરફેર અને ઉત્પાદન પર અંકુશ લગાવશે. આ યુનિટ્સની સ્થાપનાથી ગુજરાતમાં ડ્રગ્સ સામેની લડાઈ વધુ મજબૂત બનશે.

વર્તમાનમાં કાર્યરત નાર્કોટિક્સ સેલને વધુ શક્તિશાળી બનાવવા માટે આ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સ ઊભા કરવામાં આવશે. તેમાં એક એસ.પી., છ ડીવાયએસપી અને ૧૩ પીઆઇ સહિત કુલ ૧૭૭નું વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું હતું. અગાઉ નાર્કોટિક્સ સેલમાં ૩૪ અધિકારી કર્મચારીઓ હતા, જે હવે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સ ઓપરેશનલ થતા ૨૧૧ અધિકારી કર્મચારીનું મહેકમ થશે. આ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માત્ર અને માત્ર એનડીપીએસ સંબંધિત ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ યુનિટ્સનું સમગ્ર સુપરવિઝન સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવશે.

આ છ નવા એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને બોર્ડર ઝોનમાં કાર્યરત થશે. આ ઝોનલ માળખું રાજ્યના દરેક ખૂણામાં ડ્રગ્સ નેટવર્કને તોડવામાં મદદ કરશે.

ગૃહરાજ્ય પ્રધાને જણાવ્યું કે, આ યુનિટ્સ દ્વારા સમગ્ર રાજ્યમાં નાર્કોટિક્સ નેટવર્ક સાથે જોડાયેલા ડ્રગ્સ માફિયાઓ, સપ્લાયર્સ અને પેડલર્સ સામે કટિંગ એજ લેવલની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, આ ઝોન વાઇઝ પોલીસ સ્ટેશનો દ્વારા ડ્રગ્સના ગુનાઓની તપાસમાં એકસૂત્રતા જળવાઈ રહેશે. એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સ દ્વારા નોંધાયેલા ગુનાઓની તપાસ વ્યવસ્થિત રીતે થઈ શકશે, જેનાથી આરોપીઓને કડક સજા અપાવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે. રાજ્યને ડ્રગ્સના દૂષણથી મુક્ત કરવાના સંકલ્પને સાર્થક કરવા માટે એ નિર્ણય મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

અમદાવાદ કોર્પોરેશનના અધિકારીઓએ બે વર્ષમાં ₹ ૯.૮૦ કરોડની લાંચ લીધાના કેસ

અમદાવાદઃ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી-અધિકારીઓ લાંચ લીધા સિવાય કોઈ કામ કરતા હોતા નથી તેવી અઢળક ફરિયાદો અનેક વખત થઇ છે. જોકે, નઘરોળ તંત્રમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ એક બીજા પર દોષનો ટોપલો ઢોળતા રહે છે. સામાન્ય વ્યક્તિને વારંવાર મ્યુનિ.માં નાના-મોટા કામકાજ રહેતા હોય છે, પરંતુ સિનિયર અધિકારીઓના ખિસ્સામાં લાંચના રૂપિયા આવે નહીં ત્યાં સુધી કામ થતા જ નથી. જો કે નાગરિકોના કામ કરવા માટે મ્યુનિ. કોર્પોરેશનના અમદાવાદ મનપાની અનેક ચેમ્બરમાં ભ્રષ્ટાચાર પ્રસરી ચૂક્યો છે તેવી ફરિયાદો વચ્ચે એસીબીએ સફાઈ અભિયાન શરૂ કર્યું છે. એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી) દ્વારા ભ્રષ્ટાચારને નાબૂદ કરવા સોશ્યલ મીડિયા પર ટોલ ફ્રી નંબરની જાહેરાતો કરવામાં આવે છે. આ દરમિયાન બે વર્ષમાં ક્લાસ-૧ અને ક્લાસ-૨ સહિત કુલ ૭ અધિકારી ગુના નોંધીને કુલ રૂ. ૯.૮૦ કરોડની લાંચ લીધાના કેસ કર્યા છે. મળતી વિગત મુજબ, અમદાવાદ મનપાના મનોજ સોલંકી ડે. સિટી ઈજનેર ક્લાસ-૧ સામે રૂ. ૨,૯૯,૩૬,૫૮૦, વોર્ડ ઇન્સ્પેક્ટર ક્લાસ- ૨ સામે રૂ.૨,૭૫,૧૮,૨૨૩, હર્ષદ ભોજક આસિસ્ટન્ટ ટીડીઓ ક્લાસ- ૨ સામે રૂ. ૨,૦૦,૦૦,૦૦૦, મનીષ મોડ ડિવિ. ફાયર ઓફિસર ક્લાસ-૨ સામે રૂ. ૨૫૦૦, હર્ષદ ભોજક આસિસ્ટન્ટ ટીડીઓ ક્લાસ-૨ સામે રૂ. ૭૭,૮૮,૪૪૯, ઇનાયત હુસેન શેખ ડિવિ. ફાયર ઓફિસર ક્લાસ-૨ સામે રૂ. ૬૫૦૦૦, જિજ્ઞેશ શાહ એસ્ટેટ ટીડીઓ ક્લાસ-૨ સામે રૂ. ૩,૦૭,૪૯,૯૯૧ની લાંચના કેસ થયા છે.

વડા પ્રધાન મોદીના કાર્યક્રમ માટે એસ.ટી.ની ૨૧૦૦થી વધુ બસ ફાળવાઇઃ હજારો મુસાફરને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની ગુજરાત મુલાકાતે આવ્યા છે. ત્યારે, તેમના બે દિવસના વિવિધ કાર્યક્રમોમાં જનમેદનીને લઇ જવા અને પરત મુકવા માટે એસ.ટી.નિગમની ૨૧૦૦થી વધુ બસો સોમવારથી જ રોકી લેવાઇ છે. આથી બે દિવસ માટે હજારો મુસાફરોને હાલાકી ભોગવવી પડશે.

રાજકોટ સહિતના રાજ્યના જુદા-જુદા ડિવિઝનોમાંથી ૧૦૦થી વધુ બસ વડા પ્રધાનના કાર્યક્રમ માટે ફાળવાઇ છે. રાજકોટ વિભાગમાંથી જ ૧૦૦ જેટલી એસટી બસો પી.એમ.ના કાર્યક્રમ માટે ફાળવાઇ છે. એકંદરે ૨૧૦૦ જેટલી બસ ફાળવી દેવાતા દર વખતની જેમ આ વખતે પણ ૨૦ ટકા જેટલા રૂટો કેન્સલ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને રાજકોટ સહિત જુદાજુદા ડીવીઝનોના ગ્રામ્ય રૂટો કેન્સલ કરાયા હતા. આથી બે દિવસ માટે ગ્રામ્ય જનતાને અવર જવર માટે ભારે હેરાનગતી ભોગવવી પડશે. જ્યારે પણ રાષ્ટ્રીય નેતાઓના કાર્યક્રમો ગુજરાતમાં હોય છે ત્યારે એસટીની થોક બંધ બસો અવાર નવાર રોકી લેવાય છે. જેથી સામાન્ય લોકોને પરેશાનીનો સામનો કરવો પડે છે.

ગુજરાતના ગીરના સિંહોને મધ્ય પ્રદેશના કુનો જંગલમાં મોકલવાનો લાયન પાર્ક પ્રોજેક્ટ બંધ

અમદાવાદઃ મધ્ય પ્રદેશ સરકારે ગુજરાતના ગીરના સિંહોને મધ્ય પ્રદેશના કુનો જંગલમાં લાવવા માટે લાયન પાર્ક પ્રોજેક્ટઓ શરૂ કર્યો હતો. જો કે હવે મધ્યોપ્રદેશ સરકારે પોતાનો પ્રોજેક્ટ પડતો મૂકતા ગુજરાતના સિંહ હવે મધ્ય પપ્રદેશ મોકલવામાં આવશે નહીં. વન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક વર્ષથી ગુજરાતના સિંહોને કુનોમાં મોકલીને ત્યાંક લાયન પાર્ક બનાવવા માટેની યોજના ચાલતી હતી. આ યોજના અગાઉ કાયદાકીય અડચણો અને રાજકીય વિવાદોને કારણે વિલંબમાં રહી હતી. વર્ષ ૨૦૦૮માં તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ગીરના સિંહોને મધ્ય પ્રદેશમાં આપવાની પ્રક્રિયા શરૂ કરી હતી. મધ્ય પ્રદેશ દ્વારા લાયન પાર્ક પ્રોજેક્ટ ને સફળ બનાવવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવ્યો હતા, પરંતુ કુનોના જંગલોમાં ભેજવાળું વાતાવરણ અને પર્યાવરણના અસુવિધાજનક માહોલને કારણે સિંહોનો વસવાટ અઘરી સ્થિલતિમાં હોવાનું તારણ વન વિભાગે કાઢ્યું હતું. ગુજરાતના ગીરના સૂકાં અને ગાઢ જંગલની તુલનામાં, કુનોના વાતાવરણમાં સિંહોને યોગ્યે જીવસહાય મળવી મુશ્કેલ હોવાનું જાણવા મળ્યું હતું. વન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, 'ગીરના સિંહને કુનોમાં ખસેડવા યોગ્યા પર્યાવરણીય માહોલ ન હોવાને કારણે આ નિર્ણય લેવાયો છે.'

ગુજરાતને ટૂંક સમયમાં નવા પ્રદેશપ્રમુખ મળશેઃ સી. આર. પાટીલનો સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. પીએમ મોદીના પ્રવાસ પહેલા પ્રદેશપ્રમુખ સી આર પાટીલે કમલમમાં બેઠક યોજી હતી, જેમાં તેમણે ટૂંક સમયમાં પ્રધાનમંડળનું વિસ્તરણ થશે તેવો સંકેત આપ્યો હતો. સૂત્રો મુજબ, તેમણે બેઠકમાં કહ્યું કે, પ્રધાનમંડળમાં સ્થાન મેળવનારા નસીબદાર હશે. આ ઉપરાંત તેમણે આપણે ટૂંક સમયમાં બે વખત મળીશું તેવી ટકોર પણ કરી હતી. તેમણે નજીકના સમયમાં નવા પ્રદેશ પ્રમુખ આવશે તેવો ઈશારો કર્યો હતો. આ બેઠક ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ સહિત સંગઠન મહામંત્રી રત્નાકર પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી.જેને 'સેવા પખવાડિયા' તરીકે ઉજવવામાં આવશે. આ બેઠકમાં રાજ્યના તમામ ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા.

ઉદ્ધવ - રાજ પણ મત ચોરીના આક્ષેપમાં જોડાયા

મુંબઈ: રાજ ઠાકરેના નેતૃત્વ હેઠળની મનસે અને તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) વચ્ચે ગઠબંધનની અટકળો વચ્ચે બંને નેતાઓએ મત ચોરીનો મુદ્દો ઉઠાવ્યો છે અને બોગસ મતદારોનું મૂલ્યાંકન કરવા માટે તેમના પક્ષના કાર્યકરોને મતદાર યાદી તપાસવા જણાવ્યું છે. કોંગ્રેસના સંસદ સભ્ય રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી પક્ષો દ્વારા મતદાર યાદીમાં હેરાફેરી કરવાના આવા જ આરોપો મૂકવામાં આવ્યા છે ત્યારે તેમની આ ટિપ્પણીઓ આવી છે.

ગયા વર્ષે ૨૮૮ સભ્યની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી (એસપી) સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડનાર શિવસેના (યુબીટી)ને ૨૦ બેઠક મળી હતી, જ્યારે મનસેને એક પણ બેઠક નહોતી મળી. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) સહિત રાજ્યમાં આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) વચ્ચે સંભવિત જોડાણની અટકળો ચાલી રહી છે.

રવિવારે ઉદ્ધવ ઠાકરેએ દાવો કર્યો હતો કે લોકસભાની ચૂંટણી (ગયા વર્ષે) પછી ૪૦-૪૨ લાખ મતદારોના નામની મતદાર યાદીમાં ઘૂસણખોરી થઈ હતી. તેમણે પક્ષના કાર્યકરોને બોગસ મતદારો અંગે જાણવા માટે મતદાર યાદી તપાસવા જણાવ્યું હતું. શનિવારે પુણેમાં બોલતા મનસે પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું હતું કે તેઓ ૨૦૧૬ થી મત ચોરીનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. (પીટીઆઈ)

રાઉત દ્વારા દાખલ કરાયેલા માનહાનિના કેસમાં ભાજપના સાંસદ રાણે કોર્ટ સમક્ષ હાજર થયા: ટ્રાયલનો સામનો કરવો પડશે

મુંબઈ: ભારતીય જનતા પાર્ટીના લોકસભા સાંસદ નારાયણ રાણેએ સોમવારે મુંબઈની કોર્ટ સમક્ષ શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉત દ્વારા ૨૦૨૩માં દાખલ કરાયેલા માનહાનિના કેસમાં પોતાને નિર્દોષ જાહેર કર્યા. રાણેની દોષિત ન હોવાની અરજીની નોંધ બાદ, ૧૧ નવેમ્બરથી મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ સાક્ષીઓની તપાસ સાથે આ કેસમાં ટ્રાયલ શરૂ થશે. રાઉતે ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ ઉપનગરીય ભાંડુપમાં આયોજિત કોંકણ મહોત્સવમાં તેમના વિશે ''માનહાનિકારક, દ્વેષપૂર્ણ અને ખોટી '' ટિપ્પણી કરવા બદલ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. રાઉતે રાણે વિરુદ્ધ આઇપીસી કલમ ૪૯૯ અને ૫૦૦ (માનહાનિ) હેઠળ કાર્યવાહીની માગ કરી હતી.

સોમવારે, ભાજપના વરિષ્ઠ નેતા તેમના વકીલ સાથે ન્યાયિક મેજિસ્ટ્રેટ (મઝગાંવ કોર્ટ) એ.એ. કુલકર્ણી સમક્ષ હાજર થયા. એપ્રિલની શરૂઆતમાં, ફરિયાદની નોંધ લેતા, મેજિસ્ટ્રેટ કોર્ટે મહારાષ્ટ્રના રત્નાગિરી-સિંધુદુર્ગના ભાજપના સાંસદને સમન્સ જારી કર્યા હતા. રાણેએ ખાસ સાંસદ/ધારાસભ્ય કોર્ટ સમક્ષ સમન્સને પડકારતા કહ્યું હતું કે તેમની સામે કોઈ માનહાનિનો કેસ બન્યો નથી. તેમણે કહ્યું હતું કે મેજિસ્ટ્રેટે ''કોઈપણ કારણ આપ્યા વિના અથવા ન્યાયિક પ્રક્રિયાનો ઉપયોગ કર્યા વિના'' સમન્સ જારી કર્યા હતા.

થાણેમાં મેટ્રો ગાડીના ડબ્બા ચઢ્યા પાટે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણેવાસીઓનું મેટ્રો રેલવેમાં પ્રવાસ કરવાનું સપનું બહુ જલદી પૂરું થવાનું છે. ડિસેમ્બરમાં મેટ્રો ચાર અને વડાલાથી થાણે-કાસારવડવલી વચ્ચે દોડનારી મેટ્રો ચાર-એ રૂટમાં કેડબરી જંક્શનથી ગાયમુખ એમ પહેલા તબક્કામાં મેટ્રો ટ્રેન શરૂ કરવાનું આયોજન મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ (એમએમઆરડીએ)કરી રહી છે. તે માટે સપ્ટેમ્બરથી મેટ્રો ટ્રેનની ટ્રાયલ શરૂ કરવામાં આવવાની છે. જોકે તે પહેલા કેડબરી જંક્શનથી ગાયમુખ આ પહેલા તબક્કાના રૂટ પર મેટ્રો ટ્રેનના ડબ્બાઓને ક્રેનની મદદથી પાટા પર ચઢાવવાનું કામ એમએમઆરડીએ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

એમએમઆરડીએ દ્વારા મેટ્રો ચાર અને મેટ્રો ચાર-એનું કામ ઝડપભેર કરવામાં આવી રહ્યું છે, જેમાં મેટ્રો-ચાર વડાલાથી કાસારવડવલીનો ૩૨.૩૨ કિલોમીટર લંબાઈનો રૂટ છે. આ રૂટ પર મેટ્રો ચાર-એનું વિસ્તારીકરણ કરવામાં આવી રહ્યું છે. મેટ્રો ચાર-એ રૂટ પર કાસારવડલીથી ગાયમુખ ૨.૭ કિલોમીટર લંબાઈનો છે. રાજ્ય સરકારના નિર્દેશ મુજબ ડિસેમ્બર સુધી મેટ્રો ચાર અને મેટ્રો ચાર-એ રૂટ પર કેડબરી જંક્શનથી ગાયમુખ એમ ૧૦.૫ કિલોમીટર પર મેટ્રો શરૂ કરવામાં આવવાની છે. ૧૦ કિલોમીટરના તબક્કાના આ રૂટમાં ૧૦ મેટ્રો સ્ટેશનનો સમાવેશ થાય છે, જેમાં કેડબરી જંક્શન, માજીવાડા, કાપૂરબાવડી, માનપાડા, ટિકુજીની વાડી, ડોંગરી પાડા, વિજય ગાર્ડન, કાસારવડવલી, ગોવાનિવાડા અને ગાયમુખ સ્ટેશનનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બર મહિનાથી આ તબક્કાના રૂટમાં જુદા જુદા ટેક્નિકલ ટેસ્ટ અને મેટ્રો ગાડીની ટેસ્ટ એમએમઆરડીએ દ્વારા શરૂ કરવામાં આવશે એવું માનવામાં આવે છે. તે માટે એમએમઆરડીએ દ્વારા સ્ટેશન પર ક્રેનની મદદથી ડબ્બા ચઢાવવામાં આવી રહ્યા છે, જેનું કામ એકાદ-બે દિવસમાં પૂરું થશે.

સંસ્થા સમાચાર

ગોંડલ સંપ્રદાયનાં હંસાબાઈ મહાસતીજી દેવલાલી મુકામે કાળધર્મ પામ્યાં

ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂજ્ય શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબના પરિવારના ઉગ્ર તપસ્વી પૂજ્ય શ્રી જયાબાઈ મહાસતીજીના સુશિષ્યા ૯૪ વર્ષીય પૂજ્ય શ્રી હંસાબાઈ મહાસતીજી ૨૪/૮/૨૫ રવિવારે સાંજના સવા પાંચ કલાકે દેવલાલી મુકામે સમાધિભાવપૂર્વક કાળધર્મ પામ્યા છે. સૌરાષ્ટ્રના સાવરકુંડલાના વતનની શ્રી સમજુબા હરજીવનદાસ મગિયાના સુપુત્રી એવા પૂજ્ય શ્રી હંસાબાઈ મહાસતીજીએ ૧૮ વર્ષની ઉંમરે પૂજ્ય શ્રી પ્રાણ ગુરુના શ્રીમુખેથી સદબોધ પામીને ૨૪ વર્ષની ઉંમરે તેમના શ્રીમુખેથી દીક્ષા અંગીકાર કરીને ગોંડલ ગચ્છ શિરોમણિ પૂજ્ય ગુરુદેવ શ્રી જયંતીલાલજી મહારાજ સાહેબ તેમજ પૂજ્ય શ્રી જયાબાઈ મહાસતીજીના ચરણમાં જીવન સમર્પિત કરીને સંયમ સાધનાનો પ્રારંભ કર્યો હતો. ૨૫-૮-૨૫ બપોરે બે વાગે પૂજ્ય શ્રી દિવંગત મહાસતીજીની પાલખીયાત્રા બપોરે ૨:૩૦ કલાકે દેવલાલી 'વૈભવ'થી નીકળેલ. ૨૬-૮-૨૫, મંગળવારે સાડા દસ કલાકે ગુણાનુવાદ સભા દેવલાલીમાં બિરાજમાન સંત- સતીજીના સાંનિધ્યે યોજાશે.

ગણેશચતુર્થીના દિવસે રાણીબાગ ખુલ્લો રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશચતુર્થી નિમિત્તે બુધવાર, ૨૭ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ સાર્વજનિક રજા છે, છતાં ભાયખલામાં આવેલું વીરમાતા જિજાબાઈ ભોસલે ઉદ્યાન અને પ્રાણીબાગ(રાણીબાગ) નાગરિકો માટે ખુલ્લો રહેશે. તો બીજા દિવસે ગુરુવાર, ૨૮ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ બંધ રહેશે એવું મુંબઈ મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. ભાયખલા(પૂર્વ)માં આવેલ રાણીબાગ દર અઠવાડિયે બુધવારના બંધ રાખવામાં આવે છે. જોકે પાલિકાએ અગાઉ મંજૂર કરેલા એક પ્રસ્તાવ મુજબ બુધવારે સાર્વજનિક રજા આવે તો તે દિવસે ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય જનતા માટે ખુલ્લું રાખવું અને બીજા દિવસે બંધ રાખવું. આ પ્રસ્તાવ મુજબ બુધવાર, ૨૭ ઑગસ્ટના રાણીબાગ ખુલ્લો રાખવામાં આવશે.

પુણેમાં સદાભાઉ ખોટ પર ગૌરક્ષકો દ્વારા હુમલો

પુણે: પુણેમાં ધારાસભ્ય સદાભાઉ ખોટ પર ગૌરક્ષકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટના પુણેમાં દ્વારકાધીશ ગૌશાળા પાસે બની હતી. ધારાસભ્ય સદાભાઉ ખોટે ગૌરક્ષકો વિશે નિવેદન આપ્યું હતું અને ત્યારબાદ ગૌરક્ષકોએ આક્રમક બની તેમના પર હુમલો કર્યો હતો. ધારાસભ્ય સદાભાઉ ખોટ કાર્યકર્તાઓ સાથે પુણેના ફુરસુંગીમાં દ્વારકાદાસ ગૌશાળા ગયા હતા. તે સમયે, કેટલાક ગૌરક્ષકોએ તેમના પર હુમલો કર્યો હતો.

આ કિસ્સા વિશે વાત કરતાં સદાભાઉ ખોટે કહ્યું કે, ''રાજ્યમાં ગૌવંશ કાયદાની આડમાં, જો ખેડૂતો દૂધાળા પશુઓ વેચવા જાય તો પણ તેમને મારવામાં આવે છે અને તેમના પશુઓને બળજબરીથી લઈ જવામાં આવે છે. આ પશુઓને પોલીસ સ્ટેશન લઈ ગયા પછી તેમને ગૌશાળામાં લઈ જવામાં આવે છે. ત્યારપછી, દિવસના ૨૦૦ થી ૫૦૦ રૂપિયાનો દંડ લેવામાં આવે છે. જો આ કેસનો નિર્ણય એક કે દોઢ વર્ષ પછી આવે તો ખેડૂત દંડ ભરી શકતો નથી અને, તે પશુઓને પાછા લઈ જઈ શકતો નથી. સાતારાના કોરેગાંવ તાલુકાની ૧૦ ભેંસ અને તેના ૧૧ પાડાને પુણેની દ્વારકાધીશ ગૌશાળામાં લાવવામાં આવ્યા હતા. આજે હું એ જોવા ગયો હતો કે તે ભેંસો ત્યાં જ છે કે નહીં. પણ ગૌરક્ષકોએ તેનો વિરોધ કર્યો.'' બે મહિના પહેલા, એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે સાંગલીના ખેડૂતોને માર મારવામાં આવ્યો હતો અને તેમની દસ ભેંસને બળજબરીથી ફુરસુંગીના ગૌશાળામાં લઈ જવામાં આવી હતી. આ કેસમાં, ખેડૂતો કોર્ટમાં ગયા અને ભેંસો પાછી મેળવવાનો આદેશ મેળવ્યો. આદેશ મળ્યા પછી, ખેડૂતો ભેંસો મેળવવા માટે ગૌશાળામાં ગયા, પરંતુ ખબર પડી કે ભેંસો ત્યાં નહોતી. ગૌશાળામાં આ બાબતે પૂછવામાં આવતા, તે સ્થળના ગૌરક્ષકોએ એ જવાબ આપ્યો કે ભેંસોને પર્વતો પર ચરાવવા માટે છોડી દીધા પછી તે ચાલી ગઈ હતી. આ કિસ્સામાં, ખેડૂતો તરફથી કોઈ જવાબ કે ફરિયાદ મળી નથી. તેથી, સદાભાઉ ખોટે માગ કરી છે કે આ ગૌરક્ષકો સામે કાર્યવાહી કરવામાં આવે. ગૌરક્ષકો ખેડૂતોને હેરાન કરી રહ્યા છે. સરકારે આની તપાસ કરીને કાર્યવાહી કરવી જોઈએ. સદાભાઉ ખોટે ચેતવણી આપી હતી કે જો ખેડૂતોને હેરાન કરનારા ગૌરક્ષકો સામે કાર્યવાહી નહીં કરવામાં આવે તો અમે પોલીસ સ્ટેશનની સામે પશુ છાવણી લગાવીશું.

જૈન મરણ

દશા શ્રીમાળી જૈન

ચાવંડ નિવાસી હાલ મુંબઇ સ્વ. શાંતિલાલ સોમચંદ કાપડી (પરીખ)ના સુપુત્ર. સ્વ. બચુભાઇના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં. વ. ૮૯) તા. ૨૪-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શીરીષભાઇ તથા રાજુભાઇના માતુશ્રી. અ. સૌ. કલ્પનાબેન તથા અ. સૌ. સ્મીતાબેનના સાસુ. હર્ષદા જયેશ પરીખ તથા વિશાખા વિશ્વાસ આયરેના દાદી. તનીશ્કા તથા વિઆના વડ દાદી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

મેંદરડા નિવાસી હાલ અંધેરી વે. સ્વ શાંતાબેન શાંતિલાલ કામાણીનો પૌત્ર. તે હીનાબેન કિરણકુમાર કામાણીનો પુત્ર ચિ. સચિન (ઉં. વ. ૪૮) તે તરૂલતાબેન દિલીપભાઈ કામાણી, રંજનાબેન વિરેન્દ્રભાઈ અવલાણી, સ્વ. નીલાબેન શ્યામસુંદર પ્રપન્નાનો ભત્રીજો. ધરા ચિરાગ બોટાદરા, પ્રતીક કમાણીનો ભાઈ. રવિવારે તા. ૨૪-૦૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ઝાલાવાડ વિશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન

વઢવાણ નિવાસી, હાલ વસઈ, સ્વ. હિરેન (પપ્પુ) શાહ (ઉં. વ. ૪૭) તા. ૨૪-૦૮-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે રમેશભાઈ હરજીવનદાસ શાહ અને સ્વ. કુસુમબેન શાહના સુપુત્ર. ભાવેશના ભાઈ. અલ્પાબેનના દિયર. અક્ષત અને નવ્યાના કાકા. સ્વ. હસમુખભાઈ નરસીદાસ શાહના ભાણેજ. લૌકિક વેહવાર બંધ રાખેલ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન

ડુમરા હાલે ભાવનગરના લક્ષ્મીચંદ વાલજી ગોવિંદજી મારૂ (ઉં. વ. ૮૨) તા. ૨૧-૦૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. રતનબેન વાલજી ગોવિંદજીના સુપુત્ર. સ્વ. કસ્તુરબેનના પતિ. તુષારના પિતા. સ્વ. કલ્યાણજી, સ્વ. પ્રેમજી, સ્વ. શાંતિલાલ, સ્વ. કેસરબેન મેઘજી, સ્વ. દેવીબાઇ દામજી, સ્વ. ડો. કસ્તુરી એડ. નરેન્દ્ર ગડા, નવલબેન વિશનજીના ભાઈ. રાયઘણજારના સોનબાઈ મોરારજી ગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણુ. લક્ષ્મીચંદ વી. મારૂ, બિલ્ડીંગ નં. ૭, રૂમ નં. ૬૦૭૬, ભારતનગર, ભાવનગર -૩૬૪૦૦૧, ગુજરાત.

મુન્દ્રા હાલે વડોદરાના અ.સૌ હેમલ પ્રિતુલ શાહ (ઉં. વ. ૫૮) તા. ૨૪/૮/૨૫ના રોજ અવસાન પામ્યા છે. જયાલક્ષ્મી કાન્તીલાલના પુત્રવધૂ. પ્રિતુલના પત્ની. અમોલના માતુશ્રી. જ્યોતિબેન નેમજી પરમાર નાનાભાડીયાના સુપુત્રી. કાંતિભાઈ, જયેન્દ્રાબેન, ઉમેશભાઈના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રિતુલ શાહ, કલુંબી, એસ.બી. ૪, ૫, ૬, લેન્ડ માર્ક કોમ્પલેક્સ, રેસકોર્સ, વડોદરા.

તલવાણા ના હેમલતા ભવાનજી પોલડિયા (ઉં. વ. ૭૮) તા. ૨૩/૮ના કચ્છ મુકામે દેવલોક પામ્યા છે. કુંવરબાઈ મુરજીના પુત્રવધુ. ભવાનજીના પત્ની. મીના, જ્યોતિ, રાહુલના માતા. કોડાય દેવકાબેન રામજી માલદેના પુત્રી. કસ્તુર, પ્રેમચંદ, પ્રવિણના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાહુલ પોલડીયા, ૩૦૧, ઓશો મહાવીર કો. ઓ. સોસાયટી, ટેમ્ભી નાકા, થાણા વેસ્ટ. ૪૦૦૬૦૧.

પારસી મરણ

જેહાંગીર મીનોચેર ચોકસી તે મરહુમ નાજુ જેહાંગીર ચોકસીના ખાવીંદ. તે મરહુમો દીના તથા મીનોચેર ચોકસીના દીકરા. તે રયોમંદના બાવાજી. તે રશનાના સસરાજી. તે શેહેરનાઝ માર્કર, કાવસ તથા મરહુમો અસ્પી ને અદીના ભાઇ. તે ઝાલ રયોમંદ ચોકસીના બપાવાજી. તે દારાયુસ, ફરહાદ ને સીમોનના કાકા. (ઉં. વ. ૯૩) રે. ઠે. એમ-૬૦, ખુશરૂ બાગ, એસ. બી. એસ. રોડ, ઇલેક્ટ્રીક હાઉસ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૭-૮-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે કરાની અગિયારી, ખુશરૂબાગ, કોલાબા.

હિન્દુ મરણ

બાલાસિનોર દશા નિમા વણિક

ઇન્દિરાબેન પ્રવીણચંદ્ર પરીખ (ઉં. વ. ૮૬) શનિવાર, તા. ૨૩-૮-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સંજય, કવિતા, યશની, ભવ્ય, જેયાંશ, જીતા, પરેશ, શીવાની, કુનાલ, અર્જુન, સૌમિલ, સ્ટેલા. સુબોધ, મંથન, ઇશાની, અધિરાજ, તમન્ના, લૌકિક પ્રથા બંધ છે.

બ્રહ્મક્ષત્રિય

યોગેન્દ્ર મુગટલાલ મુનશી (ઉં. વ. ૯૦) તે હર્ષાબેનના પતિ. પારુલ તુષાર વકીલના પિતા. અર્ચિત તુષાર વકીલના નાના. કિન્નરી અર્ચિત વકીલના નાના સસરા તા. ૨૫-૮-૨૫ના સ્વર્ગવાસ થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે. દેહદાન કરેલ છે.

ઘોઘારી લોહાણા

દહાણુ નિવાસી રાજેન્દ્રભાઇ મનુભાઇ અઢીયાના ધર્મપત્ની સૌ. ભાવનાબેન (ભારતીબેન) તા. ૨૫-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે અસ્મિતા ચંદારાણા, પિનલ તથા અંકિતના માતુશ્રી. યોગિની, નેહા તથા રિતેશકુમારના સાસુ. કિર્તન, તેજસ, ઓમકાર તથા રિયાના દાદી. દર્શન, જાનવી તથા આયુષીના નાની. પિયર પક્ષે રમાબેન મોરારજીભાઇ દાવડાનાં દીકરી. મધુભાઇ, પૂર્ણેન્દુભાઇ, ભરતભાઇ, દિપકભાઇ તથા હેમંતભાઇના બેન. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૬-૮-૨૫ના દહાણુ લોહાણા મહાજનવાડી, પારનાકા ખાતે સાંજે ૩.૩૦થી ૫.

કપોળ

જાફરાબાદવાળા હાલ અંધેરી સ્વ. વિમળાબેન દ્વારકાદાસ ડાહ્યાભાઇ મહેતાના સુપુત્ર અનિલભાઇ (ઉં. વ. ૮૨) સ્વ. ભારતીબેનના પતિ. જયેશ અને કવિતાના પિતાશ્રી. ઉર્વશી-હેમંતના સસરા. નવ્ય-ધ્રુવ અને દૃષ્ટિનાં દાદા-નાના. શ્વસુર પક્ષે સ્વ. ગોવિંદજી માધવજી કાચરીયાનાં જમાઇ સોમવાર, તા. ૨૫-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

દશા સોરઠીયા વણિક

એડનવાળા હાલ મલાડ, ગં. સ્વ. તારાબેન (ઉં. વ. ૮૭) તે સ્વ. તુલસીદાસ મનસુખલાલ ગોરસીયાના ધર્મપત્ની. સ્વ. મથુરાદાસ જમનાદાસના સુપુત્રી. રાજેશ અને સ્વ. જયેશના માતુશ્રી. હર્ષા અને પલ્લવીના સાસુ. જય,પુનિત, કુશલ અને તેજસના દાદી. નિકિતાના દાદીસાસુ તા. ૨૪/૮/૨૫ રવિવારના અવસાન પામેલ છે. સાદડી અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

હાલાઇ લોહાણા

જૂનાગઢ, હાલ અંધેરી, ભાવનાબેન ભગવાનદાસ ઘિયા (ઉં. વ. ૮૨) તે હિતેન, સ્વ. વિનય, દિપ્તી, પ્રીતિના માતુશ્રી. પારૂલ, પ્રફુલકુમાર રાયચડા, જનકકુમાર ગોરખ, નીનાના સાસુ. સેજલ, ખુશી, નૈશાના દાદી. વૃષાલી, હર્ષ, મિનલ, વિનીત, મંથનના નાની. સ્વ. લલિતાબેન મથુરાદાસ દત્તાના પુત્રી. સ્વ. જગજીવનદાસ પ્રેમજી ઘિયાના પુત્રવધૂ રવિવાર તા. ૨૪/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથાઓ બંધ રાખેલ છે.

ઘોઘારી દશાશ્રીમાળી વણિક

ભૂંભલી નિવાસી હાલ મુલુંડ, સ્વ. રણજીતકુમાર છોટાલાલ મહેતાના ધર્મપત્ની પ્રમિલાબેન (ઉં. વ. ૯૨) તા ૨૩-૮-૨૫ના મુંબઈ શ્રીજીચરણ પામેલ છે. તે સંજયભાઈ અને જાગૃતિબેન નરેશકુમાર મહેતાના માતુશ્રી. નીલ- નેહલના દાદી, સ્વ. રોહન, કરણ - એકતાના નાની. પિયરપક્ષે સ્વ. લીલાવતીબેન ભૂપતરાય વાસાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ભાવસાર

કાંદિવલી નિવાસી, ગં. સ્વ. ચંદ્રાબેન રમણભાઈ મિસ્ત્રી (ભાવસાર), તે રાજેશભાઈ, બિરેનભાઈના માતુશ્રી. દિપ્તીબેનના સાસુ. મોનિષા, હર્ષિલ, અભિષેકના દાદી શુક્રવાર તા. ૨૨/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા લૌકિક પ્રથા બંધ છે.

લોહાણા

ગામ દૂધઈ (કચ્છ) હાલ ભાન્ડુપ, ગ. સ્વ. ગંગાબેન ઠક્કર(ધામે) (ઉં. વ. ૯૫) રવિવાર, તા. ૨૪/૮/૨૫ના શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ.ગોવિંદજી દેવચંદ ધામેના ધર્મપત્ની, સુરેશભાઈ, ભરતભાઈ, અરવિંદભાઈ, પંકજભાઈના માતુશ્રી, વસંતબેન, છાયાબેન, સ્વ.સંધ્યાબેન, પન્નાબેનના સાસુમા. રૂપલ હિરેનકુમાર, ચિરાગ, પૂનમ વિશાલકુમાર, ખુશાલ-પ્રિયંકા, અમિતા વીરેન્દ્રકુમાર, હિરલ, દર્શન-પૂજાના દાદીમાં. સ્વ. સાકરબેન બચુભાઈ ભીંડેના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૬/૦૮/૨૫ના ૪.૦૦ થી ૬.૦૦. જલારામ સભાગૃહ, શ્રી કલ્યાણ લોહાણા મહાજન, સરદાર પટેલ રોડ, કલ્યાણ (પ.)

શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ

હરેશભાઈ પ્રહલાદરાય જાની (ઉં.વ.૭૨) તે સ્વ. પ્રહલાદરાય અને સ્વ. શારદાગૌરી જાનીના સુપુત્ર. સ્વ. અનંતરાય જાની, શરદભાઈ જાનીના ભત્રીજા, વિજય જાની, સરલા પંડ્યા, કાશ્મીરા પંડ્યા અને મીના જોશીના ભાઈ તા. ૨૪-૮-૨૫ને રવિવારે કૈલાસવાસી થયેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

નવમા પાનાનું ચાલુ

બનાવટી જીઆરની

આરોપી બનસોડે ઔરંગાબાદ અને પવાર લાતુરના રહેવાસી છે. પોલીસે તેમની પાસેથી જીઆર પણ હસ્તગત કર્યો હતો. આ જીઆર મંત્રાલયમાં જારી કરાયાનો દાવો આરોપીઓએ કર્યો હતો.

ખોપોલી નજીક ઈન્ટિરિયર ડિઝાઈનની કંપની ચલાવતા બાન્દ્રાના રહેવાસી તૌફેલ ખાને (૪૫) આ પ્રકરણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીઓએ એપ્રિલમાં ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને પોતાની ઓળખ પ્રધાનોના સ્પેશિયલ ડ્યૂટી ઑફિસર તરીકે આપી હતી. ફરિયાદીને સરકારી હૉસ્પિટલો માટે ૧૮,૦૦૦ બેડનો કોન્ટ્રાક્ટ આપવાની લાલચ આરોપીએ આપી હતી.

આરોપીઓએ ફરિયાદી સાથે મીટિંગ કરી ત્યારે તેમની પાસે સરકારી આદેશ હોવાથી ૩૦૦ કરોડ રૂપિયાનો ઑર્ડર આપવાની ખાતરી આપી હતી. એ જ મહિને ફરિયાદીને મંત્રાલયના ગેટ બહાર મળવા બોલાવાયો હતો અને એક કરોડ રૂપિયાની માગણી કરાઈ હતી. ફરિયાદી એક કરોડ રૂપિયા આપ્યા પછી આરોપીઓએ વધુ પાંચ કરોડ રૂપિયા પડાવ્યા હતા, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

જોકે રૂપિયા લીધા પછી આરોપી છૂ થઈ ગયા હતા. ફરિયાદીએ મંત્રાલયમાં તપાસ કરતાં એવો કોઈ જીઆર સરકારે જારી કર્યો ન હોવાનું જાણવા મળ્યું હતું. પોતે છેતરાયો હોવાની જાણ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. કોર્ટે આરોપીઓને ૨૯ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ગણેશોત્સવ

કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને ભાવિકો પણ મોટા પ્રમાણમાં ગણપતિના દર્શન કરવા માટે આવતા હોય છે. આથી ગણેશોત્સવ વખતે મુંબઈ પોલીસ દ્વારા વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જેમાં ૩૬ ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી), ૫૧ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (એસીપી), ૨,૬૩૭ પોલીસ અધિકારી અને ૧૪,૪૩૦ કર્મચારી તહેનાત હશે.

મહત્ત્વનાં સ્થળોએ સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ની ૧૨ પ્લાટૂન સહિત આરપીએફ, ક્વિક રિસ્પોન્સ ટીમ, રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ, ડેલ્ટા, કોમ્બેટ તથા હોમ ગાર્ડસ પણ બંદોબસ્તમાં હાજર રહેશે. એ સિવાય બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) તેમ જ ડોગ સ્કવોડની પણ મદદ લેવામાં આવશે. આવશ્યતા અનુસાર ઘોડેસવાર પોલીસ યુનિટને પણ કામે લગાવાશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ખાસ કરી લાલબાગચા રાજા ગણપતિ મંડળ માટે અલગથી પોલીસ બંદોબસ્ત ગોઠવવામા આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

'અમે ગણેશ મંડળો સાથે છેલ્લા થોડા દિવસમાં અનેક બેઠકો યોજી છે, જેમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે ઉજવણી માટે સૂચનાઓ આપવામાં આવી છે. વિસર્જન સ્થળ અને સમુદ્રકાંઠાઓ પર પૂરતો બંદોબસ્ત રખાશે, જેમાં ગિરગામ ચોપાટી ખાતે વિશેષ સુરક્ષાવ્યવસ્થા રહેશે,' એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

એ ઉપરાંત વોચટાવર્સ, પબ્લિક અનાઉન્સમેન્ટ સિસ્ટમ, બીટ માર્શલો તેમ જ સાદાવેશમાં પોલીસ જવાનો તહેનાત રહશે.

ગિરદીના સ્થળે સંયમ રાખવા અને સહકાર આપવા તથા શંકાસ્પદ વ્યક્તિ કે વસ્તુ નજરે પડે તો પોલીસ હેલ્પલાઇન ૧૦૦/૧૧૨ પર સંપર્ક સાધવા પોલીસે લોકોને અપીલ કરી છે.

૨૬ ઓગસ્ટ

સમાવિષ્ટ એક કૃષિ જ્ઞાતિ - જેથી તેઓ શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામત માટે પાત્ર બને.

જરાંગેએ મરાઠા સમુદાયના તમામ સભ્યોને તેમના આંદોલનમાં જોડાવા અપીલ કરી જણાવ્યું હતું કે શિક્ષકો, બસ કંડકટરો, ખેડૂતો, ઉદ્યોગપતિ સહિત દરેક વ્યક્તિએ પોતાનું કામ બંધ કરી દેવું જોઈએ અને મુંબઈ જવાની તૈયારી કરવી જોઈએ. હવેથી આવું આંદોલન નહીં થાય તેથી દરેકે આ આંદોલનમાં જોડાવું જોઈએ.

જરાંગેએ વધુમાં જણાવ્યું હતું કે મરાઠા સમુદાયના સભ્યો ૨૭ ઓગસ્ટની સાંજે નીકળી ૨૮ ઓગસ્ટે શિવનેરી કિલ્લા પર જઈશું અને પછી રાજગુરુનગર, ચાકન, લોનાવાલા, પનવેલ, વાશી અને ચેમ્બુર થઈને આઝાદ મેદાન પહોંચીશું. આંદોલન ૨૯ ઓગસ્ટે સવારે ૧૦ વાગ્યે આઝાદ મેદાન ખાતે શરૂ થશે.

રાહુલ ગાંધી

મેળવવો પડશે એવો એહસાસ ન થાય ત્યાં સુધી તેમના જુઠ્ઠાણાઓ ફક્ત પોતાના મનને મનાવવા માટે જ હોય છે.' રાહુલ ગાંધીએ આરોપ મૂક્યો છે કે કર્ણાટક, મહારાષ્ટ્ર અને હરિયાણામાં મતોની ચોરી કરવામાં આવી હતી, અને બિહારમાં આગામી વિધાનસભાની ચૂંટણી પહેલા, કેન્દ્રમાં શાસક ભાજપ દ્વારા ચૂંટણી પંચ સાથે સાંઠગાંઠ કરીને લોકોના મતની ચોરી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) સહિત અન્ય કેટલાક વિરોધ પક્ષોએ પણ 'મત ચોરી'નો મુદ્દો ઉઠાવ્યો છે.

યોગી પર

રિલીઝ થશે. કોર્ટના આદેશ પછી, નિર્માતાઓ આદેશની નકલ લઈને ફિલ્મની રિલીઝ તારીખ જાહેર કરશે. આ ફિલ્મ અંગે સેન્સર બોર્ડ દ્વારા ઘણા વાંધા કાઢવામાં આવ્યા હતા અને તેની રિલીઝ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હાઇ કોર્ટે તે બધાં દૃશ્યો જોયા જેના પર સીબીએફસીને વાંધો હતો. જોકે, કોર્ટેને કોઈપણ દૃશ્યમાં કંઈ વાંધાજનક લાગ્યું નથી અને હવે આ ફિલ્મને રિલીઝ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.યોગી આદિત્યનાથના જીવન અને રાજકીય કારકિર્દી પર આધારિત આ ફિલ્મમાં તેમના જીવનના તમામ પાસાઓ દર્શાવવામાં આવશે. ગોરખપુરથી લઈને યુપીના મુખ્ય પ્રધાન બનવા સુધીની તેમની યાત્રા તેમાં દર્શાવી હોઈ શકે છે.

લાડકી બહિણ યોજનામાં

અયોગ્ય જણાશે તેમના સંદર્ભમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તથા નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારના માર્ગદર્શન અનુસાર યોગ્ય પગલાં લેવામાં આવશે.

ગયા વર્ષે જુલાઈમાં શરૂ કરવામાં આવેલી આ યોજનામાં વાર્ષિક આવક અઢી લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતી ૨૧થી ૬૫ વર્ષની વય જૂથની મહિલાઓને દર મહિને રૂપિયાની સહાય આપવામાં આવે છે. તેમણે અન્ય કોઈ સરકારી યોજના હેઠળ લાભ ન મળવો જોઈએ. ગયા મહિને પ્રધાને કહ્યું હતું કે અયોગ્ય લાભાર્થીઓ અનેક યોજનાનો લાભ લઈ રહ્યા છે, અને કેટલાક પરિવારોમાં બેથી વધુ લાભાર્થીઓ છે. કેટલાક કિસ્સામાં તો પુરુષોએ પણ આ યોજના માટે અરજી કરી હતી. (પીટીઆઈ)

લાડકી બહિણ યોજના પર

મહિલાઓને દર મહિને ૧ હજાર ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. તેમની દલીલ હતી કે 'લાડકી બહિણ યોજનામાંથી આશરે ૨૫થી ૨૬ લાખ નામ દૂર કરવામાં આવ્યા છે, જેમાંથી લગભગ બે લાખ પુણેના છે. મારો સરકારને સવાલ છે કે શરૂઆતમાં કયા આધારે ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા અને હવે કયા માપદંડ પર નામ બાકાત રાખવામાં આવ્યા છે?' માત્ર મહિલાઓ માટેની આ યોજનામાં પુરુષ અરજદારોને પણ સામેલ કરવામાં આવ્યા હતા એ મુદ્દાનો ઉલ્લેખ કરી બારામતીનાં સંસદ સભ્યએ જણાવ્યું હતું કે 'શું સરકાર પુરુષ અને મહિલા અરજદારો વચ્ચે તફાવત કરવામાં અસમર્થ હતી? કેવા પ્રકારના સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને આ પદ્ધતિ કોણે તૈયાર કરી હતી? આ સમગ્ર મામલાની સંપૂર્ણ તપાસ થવી જોઈએ.' આ યોજનામાં ૪ હજાર ૮૦૦ કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ મૂકી સુળેએ કહ્યું હતું કે તેઓ મુખ્ય પ્રધાનને કેગ (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા)નો અહેવાલ, શ્વેતપત્ર બહાર પાડી આ મામલે તપાસ શરૂ કરવાની વિનંતી કરશે. (પીટીઆઈ)



દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

દર્દીઓના નામ	ઉંમર	ખર્ચ (રૂ.)
૧) મુસ્તફા ખાન	૪૨	૧,૦૦,૦૦૦
૨) મમતા સિંહ	૪૨	૭,૦૦,૦૦૦
૩) મમતા દેવી	૪૭	૩૦,૦૦૦
૪) માર્જિન	૪૨	૬૦,૦૦૦
૫) મોહિની વિશ્વકર્મા	૨૧	૯,૦૦૦
૬) મહિલા ખાતુન	૨૯	૧,૨૦,૦૦૦
૭) મનોજ કુમાર	૪૧	૧,૦૦,૦૦૦
૮) એમ ડી સમ્સુલ	૫૪	૧,૫૦,૦૦૦
૯) મોહડ શોઉંકાત આલઈ	૫૮	૧,૦૦,૦૦૦
૧૦) માનસ સહુ	૪૬	૮૦,૦૦૦
૧૧) એમ ડી નસીમ અખ્તર	૮૮	૧,૦૦,૦૦૦
૧૨) મનોવારા બીબી	૫૧	૧,૨૦,૦૦૦
૧૩) મરિયમ ચૌધરી	૬	૩,૫૦,૦૦૦
૧૪) મોહમ્મદ અલી	૭૧	૪,૦૦,૦૦૦
૧૫) મન રોય	૬૪	૮૦,૦૦૦
૧૬) મુસર્રત ખાતુન	૪૪	૩૦,૦૦૦
૧૭) મોલિન હળદર	૪૦	૧,૦૦,૦૦૦
૧૮) મોબીનાર અન્સારી	૪૫	૧,૫૦,૦૦૦
૧૯) મિથિલેશ કુમાર ત્રિપાઠી	૬૫	૧,૫૦,૦૦૦

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

દર્દીઓના નામ	ઉંમર	ખર્ચ (રૂ.)
૨૦) મોહમ્મદ અયુબ શૈખ	૧૬	૧,૦૦,૦૦૦

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

કાંદિવલીમાં કારમાં આગ

મુંબઈ: કાંદિવલીમાં બૅન્ક બહાર પાર્ક કરાયેલી બીએમડબ્લ્યુ કારમાં અચાનક આગ લાગી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારે બપોરે બની હતી. કાર બૅન્ક બહાર પાર્ક હતી ત્યારે તેમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો અને પછી કાર સળગી ગઈ હતી. સદ્નસીબે કારના ડ્રાઈવરને કોઈ ઇજા થઈ નહોતી.

બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ૧૫ મિનિટમાં જ આગ ઓલવી નાખી હતી. આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો તરોતાજા

My LOAN એટલે My Lost Opprtunity on Asset Nourishment

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

થોડા દિવસ પહેલાં ટીવી પર એક રસપ્રદ મુલાકાત ચાલી રહી હતી. એન્કર એક રાક્ષસનો ઇન્ટરવ્યૂ લઈ રહ્યો હતો. તેમાં આવી કંઈક વાતચીત ચાલી રહી હતીઃ

એન્કરઃ તારું અત્યાર સુધીનું સૌથી વધુ ક્રૂર કૃત્ય કયું?

રાક્ષસઃ (હસે છે) હું ફક્ત ક્રૂર કૃત્યો જ કરું છું. મારું કામ જ એ છે.

એન્કરઃ અમારા દર્શકોને કહે કે તું એવાં કયાં કૃત્યો કરે છે, જેના વિશે સાંભળીને એમને કમકમાટી ઊપજશે?

રાક્ષસઃ હું વિશ્વયુદ્ધો કરાવું છું, બોમ્બમારા કરાવું છું, રોગચાળા ફેલાવું છું, બાળકોને અનાથ બનાવું છું, વગેરે, વગેરે.

એન્કરઃ તારી પ્રવૃત્તિઓમાં તું શિરમોર ગણતો હોય અને તેનું અભિમાન હોય એવું એક કૃત્ય બતાવ.

રાક્ષસ (વિચાર કરીને ચહેરા પર સ્મિતનો ભાવ લાવીને)ઃ મેં ક્રેડિટ કાર્ડનું સર્જન કર્યું છે!

પેમેન્ટ કરવાના વિકલ્પ તરીકે ક્રેડિટ કાર્ડમાં કંઈ ખોટું નથી. ફક્ત તેનું પૂરેપૂરું બિલ સમયસર ભરી દેવું જોઈએ. જો બિલની આંશિક ચુકવણી કરવામાં આવે અને બાકીનું બિલ પછીથી ભરવાનો વિચાર આવે તો સમજવું કે ઉપર કહ્યું એ રાક્ષસ ખેર મનાવશે અને તમારી જિંદગી બેહાલ થઈ જશે.

લોન કોઈ પણ હોય, સંપત્તિસર્જનમાં બાધારૂપ બનતી હોય છે. જો કે, તેનો અર્થ એવો નથી કે ક્યારેય લોન લેવી જોઈએ નહીં. ભાડાના ઘરમાં રહેવું એના કરતાં હોમ લોન લઈને ઈક્વેટેડ મંથલી ઇન્સ્ટોલમેન્ટ્સ દ્વારા લોનની ચુકવણી કરવાનું સારું કહેવાય.

આ જ રીતે, જો કોઈ સંજોગોમાં પરિવારની કોઈ વ્યક્તિ બીમાર હોય અને મેડિક્લેઇમ અપૂરતો પડતો હોય તો ઈલાજ માટે કરજ લેવું પણ પડે. સંતાનના શિક્ષણ માટે પણ લોન લેવાનું વાજબી કહેવાય. તેની પરત ચુકવણી વહેલામાં વહેલી તકે કરી દેવી જોઈએ.

મેં એવા લોકો જોયા છે જેઓ ફિક્સ્ડ ડિપોઝિટમાં સાત ટકા વ્યાજ મેળવતા હોય અને એ રકમ એમ ને એમ રાખીને નવ ટકાના દરે હોમ લોન લેતા હોય. આવું કરવાનો કોઈ અર્થ નથી. કેટલીક વાર લોકો શેરબજાર વધી રહ્યું હોય ત્યારે તેમાં રોકાણ કરવા માટે નાણાં ઉછીનાં લેતા હોય છે. ‘કરજ પર બાર ટકા ભરીને શેરબજારમાં અઢાર ટકા વળતર મેળવશું એવી ગણતરી કરવામાં આવતી હોય છે, પરંતુ લોકો ભૂલી જતા હોય છે કે શેરબજારમાં અઢાર ટકા વળતરની ગેરંટી નથી, જ્યારે કરજ પર બાર ટકા વ્યાજ કોઈ પણ સંજોગોમાં ફરજિયાતપણે ચૂકવવું પડશે. જો શેરબજારમાંથી અઢાર ટકા વળતર મળે તો પણ લોન લેનારને ફક્ત ઉપરનું છ ટકા વળતર મળે, જ્યારે બીજા બધા લોકો અઢાર ટકા કમાય. જો કોઈ કારણસર શેરબજાર ફરી ઘટવા લાગે તો એમણે શેરબજારમાં થનારા નુકસાન ઉપરાંત બાર ટકાના વ્યાજનું નુકસાન સહન કરવું પડે. આમ, એમનું વળતર બીજા કરતાં ઓછું અને નુકસાન બીજા કરતાં વધારે થાય. વાત થોડી જૂની છે, પણ સમજવા જેવી છે.’

રાધા અને પંકજ નામના એક યુગલે મને એક પત્ર લખ્યો હતો. એમની ઉંમરની ત્રીસીના દાયકામાં હતાં. એમણે હોમ લોન લીધી હતી અને તેના હપ્તા સમયસર ચૂકવતાં હતાં. એમની પાસે થોડી વધુ આવક થતાં એમણે મને પુછાવ્યું હતું કે એમણે તેનું રોકાણ ક્યાં કરવું.? એ વર્ષે ઈક્વિટી માર્કેટમાં જોરદાર તેજી આવી હતી અને દરેકને એમના રોકાણ પર અસાધારણ વળતર મળી રહ્યું હતું. ‘એમણે ક્યાંય રોકાણ કરવાને બદલે પહેલાં હોમ લોન ચૂકતે કરી દેવી’ એવું મારું સૂચન તેમને રુચ્યું ન હતું.

થોડાં વર્ષ પછી એમણે ફરી મારો સંપર્ક સાધ્યો. હું તો એમનો કિસ્સો ભૂલી ગયો હતો, પરંતુ એમણે મને યાદ દેવડાવ્યું ત્યારે ખબર પડી. એમણે હોમ લોન ચૂકવવાને બદલે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કર્યું અને પાછળથી જ્યારે અર્થતંત્રની માઠી દશા બેઠી ત્યારે પંકજની નોકરી જતી રહી એણે ઓછા પગારે બીજી નોકરી કરવી પડી. દરમિયાન, એના ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડનું મૂલ્ય પણ ઘણું ઘટી ગયું હતું ને હોમ લોન પરના વ્યાજનો દર વધી ગયો હતો!.

આથી કહેવાનું કે લોન વહેલામાં વહેલી તકે ચૂકવી દેવી જોઈએ અને પછી એ હપ્તાની બચેલી રકમનું SIP મારફતે રોકાણ શરૂ કરી દેવું જોઈએ. દરેક લોનના હપ્તામાં વ્યાજ પણ સામેલ હોય છે. આપણે ચૂકવેલું વ્યાજ બીજા કોઈની કમાણી હોય છે, જ્યારે જઈંડ કરાવ્યા બાદ તેના પર મળતું વળતર આપણી કમાણી હોય છે અને એ લાંબા ગાળે સંપત્તિસર્જન કરે છે.

મારી લોન એટલે કે My LOAN ખરા અર્થમાં ‘My Lost Opportunity on Asset Nourishment’ અર્થાત્ સંપત્તિને પોષણ આપવા માટે મેં ગુમાવેલી તક કહેવાય.

છેલ્લે એટલું જ કહેવાનું કે લોન દ્વારા બીજાને કમાણી કરી આપવાને બદલે લોન વહેલી ચૂકવીને પોતાના સંપત્તિસર્જનને રોકાણનું પોષણ (Nourishment) આપવું જોઈએ. ■



સપ્તમ દિવસ

तू है तो... मुश्किलें आसान हैं

''પરમ ગુરુદેવ''

Unity પરિવારની Immunity હોય.

Immunity જાય તો પરિવારમાં problems શરૂ થાય!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે સમસ્યા સમયે સહુની સાથે રહી, સમજ સાથે સફળતાને પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ અવસર!

જીવનની આ યાત્રામાં ક્યારેક કોઈનું એક વાક્ય આખી lifeને change કરી દે, ક્યારેક પરિવારને ખુશીઓથી ભરી દે તો ક્યારેક વર્ષોના વર્ષો સુધીનું વેર બાંધી દે!

બે ભાઈઓની વચ્ચે, બે પરિવારોની વચ્ચે, બે સમાજ વચ્ચે, બે પંથો વચ્ચે, બે દેશ વચ્ચે જો એક નાનકડું વાક્ય... ‘Yes, as you say,’ ‘જી! જેમ આપ કહો,’ આવી જાય તો બધી મુશ્કેલીઓ દૂર થઈ જાય.

જ્યાં મગજ ચાલે, ત્યાં મારું અને તારું હોય અને જ્યાં હૃદય ચાલે, ત્યાં આપણું હોય. જ્યાં આપણું હોય, ત્યાં પરમાત્માનો આનંદ હોય.

જ્યાં આમ ‘જ’ આગ્રહ, અક્કડતાનો ‘જ’ આવે ત્યાં મુશ્કેલીઓ હોય અને જ્યાં સ્વીકારભાવનો ‘જી’ આવે ત્યાં દરેક મુશ્કેલીઓ આસાન થઈ જાય.

તમે જેમની સમક્ષ, જેમની વાતમાં ‘જી’ કરો છો, ત્યારે automatic તે તમારા ગુરુ બની જાય છે અને તમે એમના શિષ્ય બની જાવ છો અને શિષ્યને ક્યારેય કોઈ મુશ્કેલી હોય?

જેવું તમે કહો કે, I agree... સામેવાળાની angry થવાની ક્ષમતા ઘટી જાય છે.

જે ઘરમાં ‘I agree'નું agreement હોય, તે ઘરમાં ક્યારેય સંવત્સરી કે ક્ષમાપનાની જરૂર ન હોય, તે ઘરમાં પ્રત્યેક દિવસ સંવત્સરીનો દિવસ હોય.

મોટાભાગે બે ભાઈઓ વચ્ચે problems ક્યારે થાય?

જ્યારે મોટો ભાઈ weak હોય અને નાનો ભાઈ strong હોય. એટલે મોટાભાઈનો ego ક્યાંક ને ક્યાંક hurt થાય. Ego જ્યારે hurt થાય ત્યારે વિવેકની આંખ, સમજની આંખ અને વ્યવહારની આંખ બંધ થઈ જાય. જેવી વિવેકની આંખ બંધ થાય એટલે શબ્દોનો પ્રહાર શરૂ થઈ જાય. શરૂઆત હોઠથી થાય, પછી આંખ ઉપર આવે, પછી હાથ ઉપર આવે અને હાથ ઉપરથી ક્યારેક હથિયાર ઉપર આવી જાય.

Ego, angerમાં convert થઈ જાય.

Ego અને anger એક જ coinની બે sides છે.

શબ્દોના પ્રહાર થોડીવારમાં શાંત થઈ જાય પણ મગજની અંદર તો શબ્દોનું યુદ્ધ ચાલતું જ હોય!

જીભથી વધી વધીને ૧૦-૧૫ વાક્યો નીકળે પણ મગજથી તો હજારો નીકળે.

યાદ રાખજો,

જીભથી નીકળેલાં વાક્યો તો સામેવાળી કે આસપાસની વ્યક્તિઓ સાંભળે પણ મગજથી નીકળેલાં વાક્યો તો પરમાત્મા અને કર્મો સાંભળતા હોય. માટે જ, જીભથી બોલાયેલાં શબ્દો કરતાં મગજથી બોલાયેલાં શબ્દોની સજા બહુ મોટી હોય.

જેના હૃદયમાં શ્રદ્ધાપાત્ર ગુરુ હોય, જેની lifeમાં સ્નેહપાત્ર પ્રભુ હોય, તેને ક્રોધ અને આવેશ ભલે આવે પણ એ શ્રદ્ધાપાત્ર હોવાના કારણે એ easily break મારી શકે, સમભાવ રાખી શકે.

Accident થવો એ કર્મને આધીન હોય પણ helmet પહેરવી એ સમજને આધીન છે, આવેશ આવવો એ કર્મને આધીન છે પણ સમભાવ રાખવો, એ સમજને આધીન છે. સમભાવ ત્યારે જ રાખી શકાય, જ્યારે ગુરુની સમજ હોય.

प्रभु, तू है तो... मुश्किलें आसान हैं,
गुरु, तू हैं तो... समझ का सुरक्षा कवच है!

ઝઘડો કરનાર સાથે ઝઘડો કરતાં તો બધાંને આવડે, પણ ઝઘડાના કારણ સાથે ઝઘડો કરતાં તો કોઈક સમજદારને જ આવડે, ઝઘડાના કારણ સાથે ઝઘડો થાય તો સત્ય realise થાય અને ઝઘડો શાંત થઈ જાય, સામેવાળા પ્રત્યે પ્રેમ જાગૃત થાય.

Lifeમાં ઘણીવાર સ્નેહભર્યું સંબોધન પણ સમસ્યાનું સમાધાન લાવી શકે છે. તમે જ્યારે સામેવાળાને મોટા બનાવો છો, ત્યારે તમારી અડધી મુશ્કેલીઓ ત્યાં જ સહજ થઈ જાય છે અને તમે જ્યારે ઝૂકી જાવ છો, ત્યારે તમારી બધી મુશ્કેલીઓ દૂર થઈ જાય છે.

માગીને, લડીને સ્વાર્થ પૂરો કરતાં તો બધાંને આવડે પણ ઝૂકીને, નમીને, let go કરીને પોતાનો સ્વાર્થ છોડી દેવો એ તો પ્રભુના ભક્તને જ આવડે કેમ કે, ભક્ત હંમેશાં ભક્તિથી ભીંજાયેલો હોય અને જે ભીંજાયેલો હોય તે જ નમી શકે.

જેને સ્વાર્થ છોડી, સામેવાળાને મનાવતા આવડે છે, આખું જગત તેને માનવા તૈયાર થઈ જાય છે કેમ કે, મનાવવામાં egoને zero કરવો પડે છે.

દરેક મોટાએ યાદ રાખવું કે દરેક નાના કંઈ ખોટા ન હોય એટલે વિવેક રાખી, એમની વાત પણ સાંભળવી જોઈએ, એમની વાતનું માન રાખવું જોઈએ.

જીવનની સમસ્યા સમયે જ્યારે પરિવારનો સાથ હોય તો સફળતા સહજ બની જાય. જે પરિવારમાં એકબીજાનું માન સચવાય, તે પરિવારમાં બધાંના મન એક હોય છે.

જે પરિવારમાં unity હોય, એ પરિવારમાં પ્રસન્નતાની immunity best હોય.

Immunity જાય તો પરિવારમાં problems શરૂ થઈ જાય, immunity ઓછી હોય તો પરિવાર તૂટવા લાગે!

જ્યાં unity હોય ત્યાં એકબીજા પર blame ન હોય પણ પોતાની ઈચ્છાને છોડવાની અને સામેવાળાની ઈચ્છાને સ્વીકારવાની ભાવના હોય.

જે પોતાની ભાવનાઓને, ઈચ્છાઓને છોડી શકે છે, તે સંસારમાં રહીને પણ સંયમી કહેવાય છે.

એક વાક્ય પરિવારને પ્રસન્ન પણ રાખી શકે છે અને પરિવારમાં વેર પણ સર્જી શકે છે કેમ કે, તમારા શબ્દોમાં તમારા સ્વભાવનું પ્રતિબિંબ હોય છે.

કેટલીક વ્યક્તિઓ સંતાનોને સંપત્તિનો વારસો આપીને જાય તો કોઈક વેરનો વારસો આપીને જાય. માટે જ, તમારા problemsમાં ક્યારેય સંતાનોને involve ન કરવા જોઈએ, નહીં તો વેરની પરંપરા ચાલતી જ રહેશે.

જે પરિવારમાં problems solve થતાં રહે, તે પરિવારમાં સમજ ખીલતી રહે અને સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધતી રહે.

એક સમજપૂર્વકની line, એક શુભ વિચાર સામેવાળાના ભાવોને બદલી શકે છે, એક દ્રષ્ટિ કોઈને સત્ય દ્રષ્ટિ આપી શકે છે. જેમ-જેમ વ્યક્તિની દ્રષ્ટિ, વિચાર અને ભાવ બદલાતાં જાય તેમ-તેમ તેની lifeમાં, પરિવારમાં, સમાજમાં પરિવર્તન આવતું જાય. સમસ્યાઓ દૂર થતી જાય.

જેમ-જેમ respect વધે છે, તેમ-તેમ પાપ reject થતાં જાય છે.

એક વિચાર જ્યારે બદલાય છે, ત્યારે સ્વયંના સુખથી વધારે સર્વના સુખનો વિચાર આવે છે. જ્યાં સર્વના સુખનો વિચાર હોય ત્યાં સમસ્યા ક્યાંથી હોય?

ભાઈ-ભાઈ વચ્ચે ભય હોવો જોઈએ કે ભાવ હોવા જોઈએ? Fear હોવો જોઈએ કે feelings હોવી જોઈએ? Comparison હોવી જોઈએ કે compromise કરતાં આવડવું જોઈએ?

ઘણીવાર બને એવું કે બે વ્યક્તિ વચ્ચે તો માત્ર ૨૦% જ problems હોય પણ આસપાસવાળા ૮૦% create કરી દે, જેથી તે ૧૦૦% થઈ જાય. માટે જ, ક્યારેય ત્રીજી વ્યક્તિને પોતાની વાત કહેવી નહીં અને ત્રીજી વ્યક્તિની સલાહ માનવી નહીં.

જે બે વ્યક્તિ એક હોય, તે એકબીજાને સાંભળે ત્યાં સુધી એક રહે અને જેવા ત્રીજાને સાંભળે એટલે એકમાંથી બે થઈ જાય અને મુશ્કેલીઓ આસાન થવાના બદલે વધતી જાય.

મુશ્કેલીઓ આસાન ત્યારે જ થાય જ્યારે વિવેક હોય, let goની ભાવના હોય, સ્વાર્થ છૂટતો હોય, respect વધતો હોય અને ego zero થતો હોય!

સંકલ્પઃ

મતભેદ મનભેદ સુધી પહોંચે એ પહેલાં જ સમભાવે સમાધાન કરીશ

POINTERS

- બે ભાઈઓની વચ્ચે, બે પરિવારોની વચ્ચે, બે સમાજ વચ્ચે, બે પંથો વચ્ચે, બે દેશ વચ્ચે જો એક નાનકડું વાક્ય... ‘Yes, as you say,’ ‘જી! જેમ આપ કહો,’ આવી જાય તો બધી મુશ્કેલીઓ દૂર થઈ જાય.
- જ્યાં મગજ ચાલે, ત્યાં મારું અને તારું હોય અને જ્યાં હૃદય ચાલે, ત્યાં આપણું હોય. જ્યાં આપણું હોય, ત્યાં પરમાત્માનો આનંદ હોય.
- જે ઘરમાં ‘I agree’નું agreement હોય, તે ઘરમાં ક્યારેય સંવત્સરી કે ક્ષમાપનાની જરૂર ન હોય, તે ઘરમાં પ્રત્યેક દિવસ સંવત્સરીનો દિવસ હોય.
- Accident થવો એ કર્મને આધીન હોય પણ helmet પહેરવો એ સમજને આધીન છે, આવેશ આવવો એ કર્મને આધીન છે પણ સમભાવ રાખવો, એ સમજને આધીન છે. સમભાવ ત્યારે જ રાખી શકાય, જ્યારે ગુરુની સમજ હોય.
- ઝઘડો કરનાર સાથે ઝઘડો કરતાં તો બધાંને આવડે, પણ ઝઘડાના કારણ સાથે ઝઘડો કરતાં તો કોઈક સમજદારને જ આવડે, ઝઘડાના કારણ સાથે ઝઘડો થાય તો સત્ય realise થાય અને ઝઘડો શાંત થઈ જાય, સામેવાળા પ્રત્યે પ્રેમ જાગૃત થાય.
- દરેક મોટાએ યાદ રાખવું કે દરેક નાના કંઈ ખોટા ન હોય એટલે વિવેક રાખી, એમની વાત પણ સાંભળવી જોઈએ, એમની વાતનું માન રાખવું જોઈએ.
- જીવનની સમસ્યા સમયે જ્યારે પરિવારનો સાથ હોય તો સફળતા સહજ બની જાય.
- જે પરિવારમાં એકબીજાનું માન સચવાય, તે પરિવારમાં બધાંના મન એક હોય છે.જે પરિવારમાં unity હોય, એ પરિવારમાં પ્રસન્નતાની immunity best હોય. જેમ-જેમ respect વધે છે, તેમ-તેમ પાપ reject થતાં જાય છે.
- જેમ-જેમ respect વધે છે, તેમ-તેમ પાપ reject થતાં જાય છે. ■

ધૂમ્રપાન કરનારાએ આરોગ્ય વીમા વિશે શું શું જાણવું જરૂરી છે...?

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

ધૂમ્રપાન કરવાથી આરોગ્યને નુકસાન થાય છે એ તો સાચું જ છે, એની સાથે સાથે એ પણ સાચું છે કે આરોગ્ય વીમાને પણ ‘નુકસાન’ થાય છે. ભારતમાં ધૂમ્રપાન કરનારાઓને આરોગ્ય વીમા પોલિસી મળી શકે છે, પરંતુ એને અનેક શરતો લાગુ પડે છે. એમના માટેની પોલિસીનું પ્રીમિયમ વધારે હોય છે, એમના આરોગ્યની ઝીણવટભરી તપાસ થાય છે. સૌથી મહત્ત્વનું એ કે ધૂમ્રપાન કરનારી વ્યક્તિએ પોલિસી લેતી વખતે પોતાની ધૂમ્રપાનની આદત કે આરોગ્યને લગતી કોઈ પણ હકીકત છુપાવવી જોઈએ નહીં.

આ સાથે અહીં એ પણ નોંધવું રહ્યું કે ભારતમાં ધૂમ્રપાનથી થતી બીમારીઓને લીધે દર વર્ષે આશરે ૧૦ લાખ લોકો મૃત્યુ પામે છે. જો વીમાધારક બીમાર પડે તો એની સારવારનો ખર્ચ વીમા કંપનીએ જ ઉઠાવવો પડે. ધૂમ્રપાન કરનારાઓ બીમાર પડવાની શક્યતા વધારે હોય છે. આમ, વીમા કંપનીએ એ લોકોના ક્લેમ ચૂકવવા માટે વધારે રકમ ખર્ચવી પડે. આ જ કારણ છે કે વીમા કંપનીઓ ધૂમ્રપાન કરનારાઓને વીમો આપતી વખતે વધુ સાવચેતી રાખે છે.

જે લોકો ધૂમ્રપાન કરતા હોય અને આરોગ્ય વીમો કઢાવવા કે રિન્યુ કરાવવા ઈચ્છતા હોય એમણે ધ્યાનમાં રાખવાના અગત્યના મુદ્દા આપણે જાણી લેવા જોઈએ...

વીમા કંપનીઓ કઈ વ્યક્તિને ધૂમ્રપાન કરનાર (સ્મોકર) ગણે છે?

જે આ વસ્તુઓનું સેવન કરે છે એમને વીમા કંપનીઓ સ્મોકર ગણે છેઃ

* સિગારેટ બીડી-સિગાર- ગુટખા- ખૈની- હુક્કો, નિકોટિન પેચ કે નિકોટિન ગમ ... ઈત્યાદિ તમાકુનું એક યા બીજી રીતે સેવન એ તમામ આ શ્રેણીમાં આવે...
* અહીં જણાવવું રહ્યું કે પોલિસી લેવા પહેલાંના ૧૨ મહિનાની અંદર કોઈ પણ સ્વરૂપે તમાકુનું સેવન કર્યું હોય એમને પણ સ્મોકર ગણવામાં આવે છે. વળી, ક્યારેક ક્યારેક અથવા સોશ્યલ સ્મોકિંગ કરતા હોય એમને પણ સ્મોકર ગણવામાં આવે છે.

સ્મોકર માટેનું પ્રીમિયમ

ધૂમ્રપાન કરવાથી બીમાર થવાનું જોખમ વધી જાય છે. આથી વીમા કંપની સ્મોકર પાસેથી વધુ પ્રીમિયમ લેતી હોય છે. સામાન્યપણે નોન-સ્મોકરની તુલનાએ સ્મોકરનું પ્રીમિયમ ૨૦થી ૪૦ ટકા વધારે હોય છે.

પ્રીમિયમમાં કેટલો વધારો કરવામાં આવશે એનો નિર્ણય આ પરિબળ પર આધાર રાખે છે, જેમકે...

* ધૂમ્રપાન કરનારની ઉંમર
* સ્મોકિંગનું પ્રમાણ
* સ્મોકિંગની આદતનો સમયગાળો અને
* પ્રિ-એક્ઝિસ્ટિંગ કન્ડિશન્સ (દા.ત. સીઓપીડી- ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ, હાઇપરટેન્શન, વગેરે)

ઉદાહરણ તરીકે ૩૫ વર્ષના નોન સ્મોકર માટે પાંચ લાખના વીમાનું વાર્ષિક પ્રીમિયમ ધારો કે ૧૦ હજાર રૂપિયા હોય તો એ જ પોલિસી માટે સ્મોકરનું પ્રીમિયમ ૧૨ હજાર કે ૧૫ હજાર અથવા એનાથી વધુ હોઈ શકે છે.

સ્મોકર માટે તબીબી પરીક્ષણો ને અંડરરાઇટિંગ

સ્મોકરને પોલિસી આપતાં પહેલાં સામાન્ય રીતે આ તબીબી પરીક્ષણો ફરજિયાત કરાવવામાં આવે છેઃ

* છાતીનો એક્સ-રે
* ઈસીજી
* લંગ ફંક્શન ટેસ્ટ

બ્લડ ટેસ્ટ (કોલેસ્ટરોલ, સુગર, વગેરે માટે)

ઉક્ત પરીક્ષણોના આધારે વીમા કંપનીઓ આમાંથી કોઈ પણ નિર્ણય લેતી હોય છેઃ

* વધુ પ્રીમિયમ (જેને લોડિંગ કહેવાય છે) લઈને પોલિસી આપવી
* વેઇટિંગ પિરિયડ લાગુ કરવો અથવા અમુક એક્સક્લુઝન રાખવાં
* જો આરોગ્ય સામેનું જોખમ ઘણું જ વધારે હોય તો વીમો લેવા માટેની અરજી ફગાવી દેવી

ક્યારેક ક્લેમ ફગાવી દેવામાં આવે...

ધૂમ્રપાન કરતા હોવાનું જાહેર નહીં કરનાર પોલિસીધારકનો ક્લેમ ફગાવી દેવાનો વીમા કંપનીને અધિકાર હોય છે.

આથી આરોગ્ય વીમો લેવા માટેનું પ્રપોઝલ ફોર્મ નહીં ભરનાર વ્યક્તિએ ધૂમ્રપાનની આદત છુપાવવી જોઈએ નહીં.

ધારો કે કોઈ વ્યક્તિ આદત છુપાવે અને પછીથી એને કેન્સર અથવા હૃદયરોગ જેવી તકલીફ થઈ જાય તો વીમા કંપની ખોટી રજૂઆત કરવા બદલ એની પોલિસી રદ કરી શકે છે અથવા એનો ક્લેમ ફગાવી શકે છે. ક્યારેક જ ધૂમ્રપાન કરતા હો તો પણ એ વાત છુપાવવી જોઈએ નહીં. વીમા કંપની ધૂમ્રપાન વિશે તથા વીમા માટે અરજી કરનારની આરોગ્યની સ્થિતિ જાણવા માટે તબીબી પરીક્ષણો કરાવવા ઉપરાંત ડેટા એનાલિસીસ પણ કરાવે છે.

ધૂમ્રપાનને લગતી કઈ બીમારીઓ છે ને આરોગ્ય વીમા હેઠળ કઈ બીમારીઓ કવર કરવામાં આવે છે?

ધૂમ્રપાનને લીધે અહીં દર્શાવ્યા મુજબની અનેક બીમારીઓ થઈ શકે છે. વીમા કંપનીઓ વેઇટિંગ પિરિયડ લાગુ કરીને અને ડિસ્ક્લોઝર માગી લઈને આ બીમારીઓને કવર કરે છેઃ

▶ ફેફસાંનું કેન્સર- ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ – મોંનું કેન્સર-હૃદયરોગ- પક્ષાઘાત-શ્વસનતંત્રનાં ઇન્ફેક્શન- હાઇ બ્લડ પ્રેશર...

આ બીમારીઓ પોલિસી હેઠળ કવર કરવામાં આવી હોય તો એની સારવાર (હોસ્પિટલાઇઝેશન, સર્જરી, વગેરે)ને આવરી લેવામાં આવે છે. જો કે, એના માટે પોલિસીની શરતોનું પાલન થયેલું હોવું જોઈએ.

ધૂમ્રપાન કરનારાઓ જો આરોગ્ય વીમાનો લાભ લેવા માગતા હોય તો એમણે આ વાતોનું ધ્યાન રાખવુંઃ

* ધૂમ્રપાન કરતા હોવાનું પ્રામાણિકપણે જાહેર કરી દેવું. આ જાહેરાત વીમો લેવા માટેના પ્રપોઝલ ફોર્મમાં કરવાની હોય છે.
* જેટલું જલદી થઈ શકે એટલી ઉંમરે વીમો લઈ લેવો. ઉંમર નાની હોય તો આરોગ્યને લગતી તકલીફો પણ ઓછી હોય અને એને લીધે વીમો મળવાની શક્યતા વધી જાય છે.
* અલગ અલગ વીમા કંપનીની પોલિસીઓની તુલના કરી લેવીઃ કોઈક કંપની ધૂમ્રપાન કરનારાઓ માટે બીજી કંપનીઓ કરતાં ઓછી અથવા મર્યાદિત શરતો રાખતી હોય છે.
* તબીબી પરીક્ષણો કરાવી લેવાનો આગ્રહ રાખવો. ફુલ હેલ્થ ચેકઅપ કરાવી લીધું હોય તો પોલિસી સહેલાઈથી અને ઓછી શરતો સાથે મળી શકે છે.
* લાઇફસ્ટાઇલનો રેકર્ડ રાખવોઃ જો ધૂમ્રપાન છોડી દીધું હોય તો એને લગતો રેકર્ડ રાખવો. શક્ય હોય તો ધૂમ્રપાન છોડી દીધાનું તબીબી પ્રમાણપત્ર પણ લઈ લેવું અને વીમા કંપનીને જાણ કરવી.
* વીમાની રકમ વધારે રાખવીઃ ધૂમ્રપાનને લીધે લાંબા ગાળે મોટું નુકસાન થતું હોવાથી એના વ્યસનીઓએ ઓછામાં ઓછા ૧૦થી ૧૫ લાખનો આરોગ્ય વીમો લઈ લેવો જોઈએ.
* વેલનેસ બેનિફિટ જાણી લેવાઃ કેટલીક વીમા કંપનીઓ આરોગ્યપ્રદ જીવનશૈલીને પ્રોત્સાહન આપીને વેલનેસ બેનિફિટ આપે છે. આ બેનિફિટ પ્રીમિયમમાં ડિસ્કાઉન્ટ સ્વરૂપે અથવા લોયલ્ટી પોઇન્ટ્સ સ્વરૂપે આપવામાં આવે છે. ધૂમ્રપાન છોડવું એ પણ આરોગ્યપ્રદ જીવનશૈલી છે.

ધૂમ્રપાન છોડી દીધા બાદ શું પ્રીમિયમ ઘટી શકે?

હા, જો તમે ધૂમ્રપાન છોડી દો અને એક-બે વર્ષ સુધી એ આદત છૂટેલી રહે તો તમે પોલિસી રિન્યુ કરાવતી વખતે નવેસરથી તમારી આરોગ્યની સ્થિતિનું આકલન કરાવી શકો છો. ઉપરાંત, તમે ધૂમ્રપાન છોડી દીધું હોવાનું પુરવાર કરતું પ્રમાણપત્ર કે મેડિકલ રેકર્ડ વીમા કંપનીને સુપરત કરી શકો છો. વીમા કંપની તમારી સ્થિતિની સમીક્ષા કરીને તમને નોન સ્મોકર જાહેર કરી શકે છે. કંપની કદાચ પ્રીમિયમમાં ઘટાડો પણ કરી શકે છે. પ્રીમિયમમાં ઘટાડો કરવો કે નહીં એ વીમા કંપનીનો અબાધિત અધિકાર હોય છે. દરેકના કિસ્સામાં એવું બને એ જરૂરી નથી.

ટૂંકમાં....

અહીં ખાસ જાણી લો કે તમે ધૂમ્રપાન કરો છો એટલે તમને આરોગ્ય વીમો મળી જ શકે નહીં એવું નથી. સ્મોકરના કિસ્સામાં કંપની વધારાની ચકાસણી કરીને પ્રીમિયમમાં વધારો લાગુ કરી શકે છે. સ્મોકરે ફક્ત એટલું ધ્યાન રાખવું કે પોતાની આદત વીમા કંપનીથી છુપાવવી નહીં. શક્ય હોય તો નાની ઉંમરે જ વીમો લઈ લેવો. જો તમારી પાસે પહેલેથી આરોગ્ય વીમા પોલિસી હોય તો સમયસર રિન્યુઅલ કરાવી લેવું અને ધૂમ્રપાન છોડી દીધું હોય કે શરૂ કર્યું હોય તો સંબંધિત સ્થિતિની જાણ વીમા કંપનીને કરવી. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

શું છે સમાપત્તિ?

શરીર સપ્તધાતુનું બનેલું છે. આ સપ્તધાતુ આ પ્રમાણે છે - રસ, રક્ત, માંસ, મેદ, મજજા, અસ્થિ અને વીર્ય. આ સાતે ધાતુમાં ત્રણ તત્ત્વો છે - વાત, પિત્ત અને કફ. વાત, પિત્ત અને કફની વિષમ અવસ્થા રોગનું કારણ છે અને સમ અવસ્થા સ્વાસ્થ્યનું કારણ છે. સાતે ધાતુમાં ત્રણે તત્ત્વો સમ અવસ્થામાં હોય તે અવસ્થાને 'ધાતુ સામ્ય' કહેવામાં આવે છે. સાતે ધાતુમાંથી કોઈ પણ એક કે અધિકમાં વાત, પિત્ત કે કફમાંના કોઈ પણ એક કે અધિક દૂષિત થાય તો તે અવસ્થાને ધાતુની વિષમ અવસ્થા અર્થાત્ ધાતુવૈષમ્ય કહેવામાં આવે છે.

ધાતુસામ્ય આરોગ્યનું અને ધાતુવૈષમ્ય રોગનું કારણ છે. શરીરને ધાતુવૈષમ્યથી મુક્ત કરીને ધાતુસામ્ય સિદ્ધ કરવું તે માત્ર આરોગ્ય માટે જ નહિ, પરંતુ યોગાભ્યાસ માટે પણ અનુકૂળ ભૂમિકા છે.

ભગવાન પતંજલિ યોગની વ્યાખ્યા આપે છે-

योगश्चित्तवृत्तिनिरोधः । योगसूत्र ; ૧.૨

'યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ.' ચિત્તની વૃત્તિઓ શાંત થાય એટલે યોગ સિદ્ધ થાય છે.

ભક્તિમાર્ગે પ્રેમ દ્વારા, જ્ઞાનમાર્ગે આત્મચિંતન દ્વારા અને યોગમાર્ગે પ્રાણસંયમ દ્વારા ચિત્તની વૃત્તિઓનો નિરોધ સિદ્ધ થાય છે.

આપણા સમર્થ અધ્યાત્મપુરુષોએ જોયું કે જ્યાં સુધી શરીરમાં ધાતુસામ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી ચિત્તની વૃત્તિઓનો નિરોધ સિદ્ધ કરવાનું કાર્ય ઘણું દુષ્કર છે. સપ્ત - ધાતુની સમ અવસ્થાને ચિત્તની સમતુલા સાથે સંબંધ છે. ધાતુસામ્ય ચિત્તની નિરુદ્ધ અવસ્થામાં ઘણી મૂલ્યવાન સહાય આપે છે અને ધાતુવૈષમ્ય ચિત્તની વૃત્તિઓને ચંચળ બનાવે છે.

આ દર્શનને સ્વીકારીને યોગપથમાં પ્રારંભમાં ધાતુસામ્ય સિદ્ધ કરવાનો સમર્થ કાર્યક્રમ છે. શોધન કર્મ દ્વારા આ ધાતુસામ્ય સિદ્ધ કરવામાં ઘણી સહાયતા મળે છે. શોધન કર્મ અને યોગાસન આદિ અન્ય યોગાભ્યાસ દ્વારા ધાતુસામ્ય સિદ્ધ થાય છે અને પછી ઊચ્ચ યોગાભ્યાસ સાધક માટે સુકર અને અનુકૂળ બને છે.

(IV) યોગાભ્યાસ દરમિયાન સાધક ક્યારેક વ્યાધિઓનો ભોગ થઈ પડે, તેમ બને છે. આ વખતે જાણકારની સલાહ પ્રમાણે શોધનકર્મો દ્વારા રોગનિવારણ કરી શકાય છે. આમ શોધન કર્મો યૌગિક ચિકિત્સાનો પણ મહત્ત્વપૂર્ણ ભાગ છે.

આ બધી રીતે જોઈને આપણે કહી શકીએ કે શોધન કર્મો સાક્ષાત્ યોગસાધન નથી, પરંતુ એક મૂલ્યવાન સહાયક યોગસાધન છે.

(૩) યૌગિક શોધન કર્મોનું વિશિષ્ટ સ્વરૂપ:

આયુર્વેદ એક સમર્થ ભારતીય ચિકિત્સા પદ્ધતિ છે. આયુર્વેદમાં પણ શોધન કર્મનું સ્થાન છે અને ઘણું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આયુર્વેદમાં શોધન કર્મને પંચકર્મ કહેવામાં આવે છે. બસ્તિ, વમન, વિરેચન, સ્નેહન અને સ્વેદન - આ પાંચ આયુર્વેદનાં શોધન કર્મો છે. યૌગિક શોધન કર્મ અને આયુર્વેદનાં પંચકર્મમાં કેટલીક ભિન્નતાઓ રહેલી છે. યૌગિક શોધન કર્મોનું સ્વરૂપ આયુર્વેદનાં પંચકર્મની તુલનાએ ઘણું વિશિષ્ટ છે.

(I) આયુર્વેદના શોધન કર્મમાં સામાન્યતઃ ઔષધિનો ઉપયોગ થાય છે. યૌગિક શોધન કર્મમાં ઔષધિઓનો ઉપયોગ કરવામાં આવતો નથી. દા.ત. આયુર્વેદમાં વમન ઔષધિની સહાયથી કરાવવામાં આવે છે. વળી વિરેચનમાં પણ વિરેચક ઔષધિનો ઉપયોગ કરવામાં આવે છે. યૌગિક વમનમાં અને યૌગિક વિરેચન અર્થાત્ શંખપ્રક્ષાલનમાં ઔષધિનો ઉપયોગ કરવામાં આવતો નથી

(II) આયુર્વેદમાં શોધન કર્મનો હેતુ રોગનિવારણ કે શારીરિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ છે. યૌગિક શોધન કર્મ તેથી આગળ વધીને નાડીશોધન અને આખરે આધ્યાત્મિક વિકાસને દૃષ્ટિ સમક્ષ રાખે છે. આમ યૌગિક શોધન કર્મનો હેતુ વધારે સૂક્ષ્મ અને વધારે વ્યાપક છે.

(III) આયુર્વેદના પંચકર્મ અર્થાત્ શોધન કર્મની તુલનાએ યૌગિક શોધન કર્મોનો વિકાસ ઘણો વધુ છે. સ્વરૂપની દૃષ્ટિએ પણ યૌગિક શોધનકર્મો વધુ ઊંડા છે અને સંખ્યાની દૃષ્ટિએ પણ યૌગિક શોધન કર્મો વધુ છે. ઘેરંડસંહિતામાં એકવીસ શોધન કર્મોનું વર્ણન છે. ષટ્કર્મસંગ્રહમાં અનેક વિશિષ્ટ શોધન કર્મોનું વર્ણન જોવા મળે છે.

(IV) આયુર્વેદિક શોધન કર્મોની તુલનાએ યૌગિક શોધન કર્મો વધુ કઠિન છે અને વિશેષ અભ્યાસ દ્વારા જ હસ્તગત કરી શકાય છે.

(V) આયુર્વેદિક શોધન કર્મો દરદીઓ માટે છે અને યૌગિક શોધન કર્મો સાધકો માટે છે.

(VI) યૌગિક શોધન કર્મનું શરીરસંશોધકમૂલ્ય આયુર્વેદિક શોધન કર્મ કરતાં વધુ છે.

(VII) જે શોધન કર્મ બંનેમાં સમાન છે, તેમનાં સ્વરૂપમાં પણ બંનેમાં ભિન્નતા છે. દા.ત. આયુર્વેદમાં બસ્તિક્રિયામાં પાણીને બહારના દબાણથી અંદર પસાર કરવામાં આવે છે. યૌગિક બસ્તિકર્મમાં નૌલિકર્મ દ્વારા પાણીને અંદર ખેંચવામાં આવે છે અને નૌલિકર્મ દ્વારા જ પાણીને અંદર ઘુમાવવામાં આવે છે.

આપણે જોઈ ગયા તે પ્રમાણે આયુર્વેદિક વિરેચનમાં ઔષધિપ્રયોગથી રેચનકર્મ કરાવવામાં આવે છે. શંખપ્રક્ષાલન યૌગિક વિરેચનપ્રયોગ છે. તેમાં નૌલિ અને આસનો દ્વારા વિરેચનની ક્રિયા સિદ્ધ કરવામાં આવે છે.

(૪) યૌગિક શોધન કર્મોનું વર્ગીકરણ:

યૌગિક શોધન કર્મોના મુખ્ય છ પ્રકાર છે, તેથી યૌગિક શોધન કર્મને ષટ્કર્મ પણ કહેવામાં આવે છે. આ ષટ્કર્મ પેટા પ્રકારો સહિત અહીં પ્રસ્તુત છે.

(I) કપાલ ભાતિ

કપાલભાતિના ત્રણ પ્રકારો છે -

- કપાલ ભાતિ
- વ્યુત્ક્રમ કપાલ ભાતિ
- શીત્ક્રમ કપાલ ભાતિ

(II) નૌલિ

(III) ત્રાટક

(IV) નેતિ

નેતિના બે પ્રકાર છે -

- જલનેતિ
- સૂત્રનેતિ

(V) બસ્તિ

બસ્તિના બે પ્રકાર છે -

- જલબસ્તિ
- શુષ્કબસ્તિ

(VI) ધૌતિ

ધૌતિના ચૌદ પ્રકાર છે-

- વાતસાર
- વારિસાર
- અગ્નિસાર
- દંડધૌતિ
- વમનધૌતિ
- ગજકરણી
- વસ્ત્રધૌતિ
- મૂલશોધન
- દંતમૂલશોધન
- કર્ણશોધન
- જિહ્વામૂલશોધન
- કપાલરંન્ધ્રશોધન
- બાધીક્રિયા
- વાયુભક્ષણ

આમ પ્રધાનતઃ યૌગિક શોધન કર્મોની સંખ્યા ૨૧ છે.

૫. સમાપનઃ

સ્વરૂપતઃ જોઈએ તો બંધ, મુદ્રા કે શોધન કર્મોનો ઉલ્લેખ પતંજલિપ્રણિત રાજયોગ અર્થાત્ અષ્ટાંગયોગમાં જોવા મળતો નથી. આમ છતાં રાજયોગના સાધકો પણ આ ક્રિયાઓના અભ્યાસ દ્વારા લાભાન્વિત થઈ શકે છે. આ પ્રકારનો સમન્વય ભારતીય અધ્યાત્મ પરંપરામાં સર્વદા માન્ય અને આવકાર્ય ગણાયો છે. હા, આ સમન્વય વસ્તુતઃ સમન્વય બનવો જોઈએ, ખીચડી નહિ. બંધ અને મુદ્રા, સૂક્ષ્મ ક્રિયાઓ છે અને વિશેષતઃ યોગમાર્ગના યાત્રીઓ માટે છે. પરંતુ શોધન કર્મોનું સ્વરૂપ તો એવું છે કે તેમના દ્વારા કોઈપણ અધ્યાત્મપથના પથિક લાભાન્વિત થઈ શકે છે. એટલું જ નહિ પરંતુ અન્ય કોઈ પણ સામાન્ય વ્યક્તિ પણ કેટલાક સરલ શોધન કર્મોના વિનિયોગ દ્વારા લાભાન્વિત થઈ શકે છે. હા,એટલું અવશ્ય જોવું જોઈએ કે આ શોધન કર્મોનું શિક્ષણ અધિકારી વ્યક્તિ પાસે લેવું જોઈએ અને તેમનો અભ્યાસ પણ યથાવિધિ અને કાળજીપૂર્વક કરવો જોઈએ.

(૪) અસ્મિતાનુગત સમાધિઃ

અસ્મિતા (Sense of 'I'ness) પર એકાગ્રતા કરવાથી તેમાંથી મુક્ત થવાય છે અને સાધક સમાધિમાં પ્રવેશ પામે છે. સમાધિના આ સ્વરૂપને અસ્મિતાનુગત સમાધિ કહે છે. આ સમાધિ દરમિયાન સાધક પાંચ કોશથી મુક્ત થવાના દ્વાર પર આવી ગયો હોય છે. અહીં સાધક સંપ્રજ્ઞાતથી ઉચ્ચ સમાધિમાં પ્રવેશ માટેના દ્વાર પર અવસ્થિત થાય છે.

વિતર્ક, વિચાર આનંદ અને અસ્મિતા - આ ચારે ચિત્તની અવસ્થા છે. તે અવસ્થાઓ પર ધારણા-ધ્યાન કરવાથી સાધક તેમાંથી મુક્ત થાય છે. પરિણામે સાધક સમાધિમાં પ્રવેશે છે. તેથી અહીં ચારેની પાછળ 'અનુગત' શબ્દ મૂકવામાં આવ્યો છે. અનુગત એટલે પાછળ પાછળ આવનારી.

સંપ્રજ્ઞાત સમાધિ પછી આવનાર સમાધિના ઉચ્ચ સ્વરૂપો વિશે વિચાર કરીએ તે પહેલાં પતંજલિએ દર્શાવેલ એક વિશિષ્ટ અવસ્થા વિચેર વિચાર કરી લઈએ. આ વિશિષ્ટ અવસ્થા તે - સમાપત્તિ.

૪. સમાપત્તિ અને તેના પ્રકારોઃ

(૧) સમાપત્તિ એટલે શું?

ચિત્ત કોઈ પણ વિષય સાથે એકરૂપ થાય એટલે ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. ચિત્તની આ અવસ્થાને સમાપત્તિ કહે છે. સમાપત્તિમાં ચિત્તનું વિષય સાથે તાદાત્મ્ય હોય છે. સમાધિ અને સમાપત્તિમાં ભિન્નતા એ છે કે સમાધિમાં ચિત્ત વિષયથી મુક્ત બને છે અને સમાપત્તિમાં ચિત્ત વિષય સાથે એકરૂપ બને છે. બંનેમાં વૃત્તિનિરોધ હોવા છતાં બંનેના સ્વરૂપમાં ભિન્નતા છે. સમાપત્તિમાં વિષય ચાલુ હોય છે. સમાધિમાં વિષય ખરી પડે છે. સમાપત્તિ વસ્તુતઃ ધ્યાન અને સમાધિની વચ્ચેની અવસ્થા છે.

સમાપત્તિની વ્યાખ્યા આપતાં ભગવાન પતંજલિ કહે છે-

क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतु-ग्रहण-ग्राह्येषु तत्स्थतदजनतासमापतिः ।। - यो. सू. ; ૧-૪૧

'પારદર્શક મણિની પેઠે, જે ચિત્તની વૃત્તિઓ ક્ષીણ થયેલી છે તેવા ચિત્તની ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકરૂપ અવસ્થાને સમાપત્તિ કહેવામાં આવે છે.

જેવી રીતે પારદર્શક મણિને અન્ય કોઈ રંગીન પદાર્થ પર મૂકવામાં આવે તો તે રંગીન પદાર્થ સાથે મણિની એકરૂપતા થાય છે. મણિમાં તદ્વ્જનતા આવે છે. મણિની પારદર્શકતાને કારણે આમ બને છે. તેવી રીતે ધારણા - ધ્યાનમાં અભ્યાસથી પરિશુદ્ધ થયેલ ચિત્ત જ્યારે કોઈ વિષય પર એકાગ્ર બને ત્યારે તેની સાથે તેનું તાદાત્મ્ય સધાય છે.

સાધારણ ચિત્તમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની ત્રિપુટી અલગ અલગ રહે છે. જ્યારે પરિશુદ્ધ ચિત્તમાં આ ત્રણે એકરૂપ બની જાય છે. પરિણામે વૃત્તિનિરોધ આપોઆપ સિદ્ધ થાય છે. આ અવસ્થાને સમાપત્તિ કહે છે. સમ્ (सम्यक) + आपत्ति = સમાપત્તિ સારી રીતે પડી જવું. આ અવસ્થામાં વૃત્તિઓ સારી રીતે બંધ પડી જાય છે, તેથી તેને સમાપત્તિ કહે છે.

(૨) સમાપત્તિના પ્રકારોઃ

સમાપત્તિના ચાર પ્રકારો છેઃ

(I) સવિર્તકઃ

तत्र शब्दार्थज्ञानविकल्पैः सडकीर्णा सवितर्का समापतिः। - यो. सू. ; ૧-૪૨

'શાબ્દિક જ્ઞાન, યથાર્થજ્ઞાન અને ઈન્દ્રિયજન્ય જ્ઞાન- આ ત્રણે વિકલ્પોથી સંકીર્ણ થયેલી સમાપત્તિને સવિતર્ક સમાપત્તિ કહે છે.'(ક્રમશઃ)

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

ઘરનો ભેદી દુશ્મન એવો રોગઃ લ્યુપસ

આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિનું કામ શું?

રોગપ્રતિકારક શક્તિની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. તે આપણા શરીરને હાનિકારક પદાર્થો, જે આપણને બીમાર કરી શકે છે એવા સૂક્ષ્મજંતુઓ અને કોષીય ફેરફારોથી રક્ષણ આપે છે. રોગપ્રતિકારક શક્તિ વિના, આપણી પાસે બહારથી આપણા શરીરમાં પ્રવેશતી હાનિકારક વસ્તુઓ અથવા આપણા શરીરની અંદર થતા હાનિકારક ફેરફારો સામે લડવાનો કોઈ રસ્તો ન હોત.

જોકે, ઘણીવાર 'ઘર કા ભેદી લંકા ઢાય' જેવી સ્થિતિ પેદા થાય છે અર્થાત કે આ રોગપ્રતિકારક શક્તિ શરીરના દુશ્મનો સાથે લડવાને બદલે શરીર સાથે જ લડવા લાગે છે! આવી પરિસ્થિતિને તબીબી ભાષામાં સ્વયંપ્રતિરક્ષા ગડબડ (ઓટો ઇમ્યુન ડિસઓર્ડર) કહેવાય છે.

આવો જ એક ઓટો ઇમ્યુન ડિસઓર્ડર છે : લ્યુપસ.

લ્યુપસ એક એવો રોગ છે જેમાં આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિ આપણા પોતાના પેશીઓ અને અવયવો પર હુમલો કરે છે. લ્યુપસને કારણે થતી ઉત્તેજના શરીરની ઘણી વિવિધ પ્રણાલીઓને અસર કરી શકે છે, જેમાં આપણા સાંધા, ત્વચા, કિડની, રક્તકણો, મગજ, હૃદય અને ફેફસાંનો સમાવેશ થાય છે.

લ્યુપસનું નિદાન કરવું સરળ નથી હોતું, કારણ કે તેના ચિહ્નો અને લક્ષણો ઘણીવાર અન્ય બીમારીઓ સાથે મળતા આવે તેવા હોય છે.

લ્યુપસનું સૌથી વિશિષ્ટ લક્ષણ - ચહેરા પર ફોલ્લીઓ જે બંને ગાલ પર ફેલાયેલી પતંગિયાની પાંખો જેવું લાગે છે લ્યુપસના અમુક કિસ્સાઓમાં જોવા મળે છે.

કેટલાક લોકોમાં લ્યુપસ થવાની શક્યતા જન્મથી જ હોય છે, જે ચેપ, ચોક્કસ દવાઓ અથવા તો સૂર્યપ્રકાશને કારણે પણ થઈ શકે છે.

કેવા હોય છે લક્ષણો?

લ્યુપસનાં ચિહ્ન અને લક્ષણો એ વાત પર આધાર રાખે છે કે શરીરની કઈ સિસ્ટમો રોગથી પ્રભાવિત છે. સૌથી સામાન્ય ચિહ્ન અને લક્ષણોમાં સામેલ છેઃ થાક, તાવ, સાંધાનો દુખાવો, જડતા અને સોજો, ચહેરા પર પતંગિયા આકારની ફોલ્લીઓ જે ગાલ અને નાકના ભાગને ઢાંકે છે અથવા શરીર પર અન્યત્ર ફોલ્લીઓ, ત્વચા પર થતા જખમ જે સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાથી દેખાય છે અથવા વધુ ખરાબ થાય છે. આ ઉપરાંત શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં હળવો દુખાવો, સૂકી આંખો, માથાનો દુખાવો, મૂંઝવણ અને યાદશક્તિ ગુમાવવી, વાળ ખરવા, મોઢામાં ચાંદા, ગ્રંથીઓમાં સોજો, હાથ, પગ અથવા ચહેરા પર સોજો, પ્રકાશસંવેદનશીલતા (સૂર્યપ્રકાશ પ્રત્યે સંવેદનશીલતા), ઈત્યાદિ

કેવી રીતે થાય નિદાન?

લ્યુપસનું નિદાન કરવું મુશ્કેલ હોઈ શકે છે કારણ કે તે તમારા શરીરના ઘણા ભાગોને અસર કરી શકે છે અને લક્ષણોમાં ઘણી વિવિધતા હોય છે. નાના ફેરફારો અથવા સમસ્યાઓ જે આપણને અસામાન્ય લાગે છે તે પણ ચાવીરૂપ હોઈ શકે છે. તબીબો આ રોગનું નિદાન કરવા લોહી અને પેશાબનું પરીક્ષણ કરે છે. તે ઉપરાંત, એન્ટિન્યુક્લિયર એન્ટિબોડી (એએનએ) પરીક્ષણ જે એન્ટિબોડીઝ શોધે છે, તેનો આધાર લેવામાં આવે છે. આપણી ત્વચા અથવા કિડનીની પેશીઓની બાયોપ્સી બતાવી શકે છે કે શું રોગપ્રતિકારક શક્તિએ એમને નુકસાન પહોંચાડ્યું છે ખરું...

ઈલાજ શું?

હાલમાં લ્યુપસનો કોઈ ઈલાજ નથી. તબીબ લક્ષણોને ધ્યાનમાં રાખીને સારવારનું સંયોજન શોધવામાં મદદ કરશે જે લ્યુપસને લાંબા સમય સુધી કોઈ લક્ષણો અથવા ફ્લેર-અપ્સ વિના નિયંત્રણમાં રાખી શકે. તો લ્યુપસને નિયંત્રણમાં રાખવા કેટલીક મહત્ત્વની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે, જેમકે, તડકામાં વધુ સમય વિતાવવાથી કેટલાક લોકોમાં લ્યુપસના લક્ષણો દેખાઈ શકે છે. તેથી સૂર્ય જ્યારે તપતો હોય ત્યારે બહાર જવાનું ટાળવું, હાથ સંપૂર્ણ ઢંકાય તેવા કપડાં પહેરવા, સનસ્ક્રીનનો ઉપયોગ કરવો.

સાંધાના દુખાવાથી હલનચલન મુશ્કેલ અથવા પીડાદાયક બની શકે છે, પરંતુ તમારા સાંધાને હલાવવા અને હળવી રીતે વાપરવાથી દુખાવો અને જડતા જેવાં લક્ષણોમાં રાહત મળી શકે છે. ચાલવું, સાઈકલ ચલાવવું, તરવું, યોગ અને તાઈ ચી એ તમારા સાંધા પર વધુ પડતો ભાર મૂક્યા વિના તમારા શરીરને સક્રિય રાખવાની શ્રેષ્ઠ રીતો છે.

લ્યુપસ સાથે જીવવું નિરાશાજનક હોઈ શકે છે. યોગ્ય માત્રામાં ઊંઘ (પુખ્ત વયના લોકો માટે સાત થી નવ કલાક) અને તમારા તણાવને ઓછો કરવાથી કેટલાક લોકોમાં ફ્લેર-અપ્સને રોકવામાં મદદ મળી શકે છે. ક્રોનિક બીમારી સાથે જીવવું એ સખત મહેનત છે અને દરરોજ તમારાં લક્ષણો પર નિયંત્રણ માટે પ્રયત્નો કરવા જરૂરી થઈ જાય છે. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

મોહનથાળમાં મીઠાશ છે એટલી મોહનના થાળમાં નથી!

'અરે, પૂજારી... આ દોઢ વાગ્યો અહીં દર્શન કરવા માટે મદારીના નાગની જેમ ડોકીઓ ડાભે-જમણે ડોલવા લાગી છે ને એક-બે ડોકી જો નીકળી ગઈ તો ચોટાડવા તારા બાપુજી આવશે?' ચંબુ ભડક્યો

'પ્લીઝ, આમાં બાપુજીને વચ્ચે ન લાવો' પૂજારી બોલ્યો

'બકા, હું તારી બાના સોગંદ ખાઈને કહુ છું કે મારી બાને સારા દિવસો જતા હતા ત્યારે મેં આટલી રાહ નહોતી જોવડાવી ને મારો દીકરો પણ સમયસર ટપકી પડેલો ને અહીં કૃષ્ણજન્મની રાહ જોવામાં ત્રણ કલાકથી ભક્તો કાગડોળે રાહ જોઈ રહ્યા છે.'

'કાગડોળે જુવે કે કબૂતરડોળે... ટ્રસ્ટી કૃષ્ણશંકર શાસ્ત્રી હજી ટ્રાફિકમાં..'

'તારા કૃષ્ણશંકરની તો હમણાં કઉ એ.' ચંબુની છટકી

'નઈ હમણાં કઈ નઈ કહેતા પ્લીઝ, મને ભગવાન કૃષ્ણ નઈ પણ કૃષ્ણશંકર સાચવે છે. મારી નોકરી જશે.'

'અરે.,તારી નોકરી જશે તો બીજી મળશે પણ ભીડમાં કોઈનો જીવ ઉપર જશે તો યમરાજ પાછો આપવા નઈ આવે. સમજ્યો?

'અમે પાંચ મિનિટ રાહ જોઈશુ નઈતર..'

'નઈતર ...નઈતર કરી મને ગભરાવો છો? બોલો શું કરશો?'

'એ તો હજી નક્કી નથી કર્યું પણ કઈક તો કરશું. અરે મંદિર બહાર કૃષ્ણ વગર જન્મોત્સવ ઉજવશું...' નંદ ઘેર આનંદ ભયો'ની સીડી વગાડી બધાને નચાવશું'

એટલામાં તો 'સોરી...સોરી...મિચ્છામી દુક્કડમ... માફ કરો થોડું લેટ થઇ ગયું' બોલતા બોલતા શાસ્ત્રી પધાર્યા. પંદર સેકન્ડમાં તો પડદો ખુલ્યો... ને પાણીનો છંટકાવ થયો ને 'હાથી ઘોડા પાલખી જય કૈનૈયા લાલકી'ના જયઘોષ ગૂંજી ઉઠ્યો ત્યાંથી પૂજારીએ મને કૃષ્ણજન્મની સીડી ચાલુ કરવા ઈશારો કર્યો. ભક્તોનું ટોળું ડાન્સ કરવાના મૂડમાં આવી ગયું..

પણ આ શું? સો મણનો ધડાકો ને ધબડકો... સીડીમાંથી તો 'દેવા હો દેવા ગણપતી દેવા...તુમસે બઢકર...' ચાલુ થયુ ને હું ચમક્યો.

જન્માષ્ટમીમાં ગણેશની સીડી? પૂજારી સળગતી બીડી પર પગ પડ્યો હોય એમ અઢી ઇંચ ઉછળ્યો. ભક્તોનું ટોળું વાઈબ્રેટર મોડ પર આવી ગયુ. વાતાવરણ તંગ થઇ ગયુ ને શાસ્ત્રીજી દંગ થઇ ગયા ને સ્વરપેટી બહાર આવી જાય એટલા જોરથી બરાડ્યા 'ચંબુઉઉઉ, વોટ ઈઝ ધીસ?'

'સર. ધીસ ઈઝ સીડી બટ' મેં ઠંડે કલેજે કીધું

'અરે, બંધ કર તારું બટ ને સીડી કર કટ... આ સીડી...'

'થઇ જાય સર... ભૂલ થઇ જાય મૂળ કૃષ્ણની સીડી કદાચ બાપુજી લઇ ગયા હશે ને મોટો ગોટાળો.'

'ઠોકી દો કોઈ ભક્ત ચંબુને ડાભા હાથની ઠોકી દો મારી તબિયત બરાબર નથી એટલે...બુદ્ધિના બળદીયા...' શાસ્ત્રી ભડક્યા

'તમે મને બુદ્ધિના બળદિયા કહો કે આખલો. બુદ્ધિની ગાય ભેશ કે બકરી કહો પણ હવે ગણપતિની સીડી વાગી જ છે તો ગણપતિને ઉજવીએ પછી કૃષ્ણની આવશે ત્યારે જોઈશું. મૂળ તો આ પણ ભગવાન જ છે ને?'

'ચુપ એકદમ ચુપ' શાસ્ત્રીનો અવાજ તરડાયો લાલચોળ થઇ ગયા

'કળિયુગ...ઘોર કળિયુગ...અરે કાલે ઉઠીને તારાથી માતાજીના ગરબાની સીડી ચાલુ થાય તો અમારે શું નવરાત્રિ શરૂ કરવી?'

'હા, એમાં શું?'

'એ એમાં શુંની સગલી, ખબરદાર જો બીજીવાર સીડી લાવવામાં ભૂલ કરી તો મંદિરની સીડી પરથી તને બહાર ફેકી દઈશું. સમજ્યો? અરે કોઈ આને લઇ જાઓ નઈતર કૃષ્ણજન્મ નઈ...'

'પછી તો અંકલ, ભક્તોએ ધીબેડી નાખ્યો ને હું સીધો અહી...'

'પણ તું ત્યાં ગયો શું કામ? તને કૃષ્ણએ આમંત્રણ આપેલુ? કે આ વખતે મારી ૨૦૫૨મી જન્મજયંતી છે તો પધારજો. તારી ષષ્ઠીપૂર્તિની ઉજવણી વખતે એ આવ્યા? ના. એણે દ્રૌપદીને ભલેને ૯૯૯ સાડી સપ્લાય કરી પણ તારી બેબલીને ક્યારેય ઝબલું દેવા આવ્યા? નાને?! ચલ, એ જવા દે આ તારા લેંઘાના ચારે બાજુથી લીરેલીરા નીકળી ગયા તો એકાદ નાનકડી ચડ્ડી પણ આપી?' ભલે ભગવાન હોય પણ વ્યવહાર તો અરસપરસ હોવો જોઈએ. તારે જવાની જરૂર જ ન હતી..' મેં કીધું

'જવુ પડે અંકલ, બાપુજી કહેતા મંદિરમાં જઈએ તો મંદી ન આવે.'

'કબૂલ, પણ લોકો તો મંદી આવે ત્યારે જ મંદિર આવે છે, ઠોકર વાગે તો જ ઠાકોરનો દરવાજો ખખડાવે છે, તે મંદિરમાંથી નીકળી ક્યારે મળવા આવ્યો? ને હવે તો મંદિરમાં પણ કેમેરા મુકાયા છે. અરે બેટા, કેવો જમાનો દુનિયાનું ધ્યાન રાખવાવાળા પર પણ ધ્યાન રાખે છે. મર્યા પછી બધા ભગવાન મળશે પણ જીવીએ ત્યાં સુધી ઘરમાં મા-બાપ બેઠા હોય, નાના બાળકો કિલ્લોલ કરતા હોય તોય તારે મંદિરમાં શોધવા જવું પડે? મેં તો એક વાર મંદિરમાં કીધેલું : પ્રભુ., તું ઠાકોર છે તો હું ઠાકર છું તું તો ક્યારેક આવ પણ એ તો ભગવાન એ શેનો આવે?'

ત્યાં તો મારા ઘરનો દરવાજો ખખડ્યો 'ચંબુ, જો તો અત્યારે કોણ હશે..?'

'અરે એ કહે છે. હું કૃષ્ણ.' 'હું ચમક્યો.:

'તું પ્રભુ છે એનું સોલીડ પ્રૂફ કોઈ આઈડી, આધાર કાર્ડ..?'

'અરે તું તો ગાય છે મેરો તો આધાર શ્રી વલ્લભકે ચરણાન્દમે'

'સોરી, પણ હવે તારા હજાર નામ ચલતા નથી પ્રૂફ બતાવો!'

'અરે આ મુગટ, વાંસળી,પીંછુ આ બધું મારું પ્રૂફ છે'

'પણ તું કરોડોનું મંદિર છોડી મારા ઘરે. સાંભળ તને ખાવા પીવામાં ક્યારેક બાસુંદી ક્યારેક સુખડી ક્યારેક મોહન થાળ મળતા હશે પણ આ મારી નાનકડી ખોલીમાં ખીચડી-શાક-છાસ એવું બધુ મળશે. ચાલશે?'

'અરે દોડશે. આ બધા મિષ્ટાનો ખાઈ ખાઈને તબિયત બગડે છે, સાચુ કઉ? જેટલી મોહનથાળમાં મીઠાશ છે એટલી મોહનના થાળમાં નથી એટલે...'

હું ભાવવિભોર બની ગયો 'સોરી પ્રભુ તારે મંદિર છોડી આવવું પડ્યુ....પ્રભુ ટેલ મી તું કોઈને મળતો કેમ નથી?'

'કારણકે લોકો ગીતાને બદલે મને ગૂગલમાં ગોતે છે એમાં તો એ ગોટે ચડે છે'

એ પછી હું ચંબુ- સરોજ ને કાનો ખીચડી ખાવા બેઠા. આવો તમે... પણ..શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

સૌના લાડકા ગણેશજીને પ્રિય તેવા ‘ઉકડીચે મોદક’માં છે પૌષ્ટિક્તાનો ખજાનો...

શ્રાવણ માસ શરૂ થાય તેની સાથે મેઘરાજાની પધરામણી થાય. મોસમમાં બદલાવની સાથે વિવિધ તહેવારોની મોસમ શરૂ થઈ જતી હોય છે. તહેવારો માનવીય જીવનને ઉત્સાહ -ઉમગંથી ભરી દે છે. સતત કામ-ભણતરના બોજાની સાથે જીવનને નવી ઊર્જા મળી જાય છે. તેમાં પણ ભાદ્રપદની શરૂઆતમાં ગણેશજીના વધામણાના દિવસોનો આનંદ અનેરો હોય છે.

મહારાષ્ટ્રના ગણેશ ઉત્સવની વાત ઘણી નિરાળી ગણાય છે. માન્યું કે હવે તો ગણેશ ઉત્સવ દેશનાં બધાં જ રાજ્યોમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. તેમ છતાં મહારાષ્ટ્રના ગણેશ ઉત્સવની વાત આગવી ગણાય છે...કેમ? તો તેનો ઉત્તર છે ગણેશજીના પ્રિય વિવિધ પ્રકારના મોદક-લાડુની મોજ આપને મહારાષ્ટ્રમાં જ માણવા મળે છે. સંસ્કૃત શબ્દ નૈવેદ્ય બે શબ્દ નિવિ (પ્રણામ કરવા કે ભેટ ધરવી) તથા એદ્ય (ભોજન) બંને મળીને બન્યો છે. ભગવાન ગણેશજીને ભક્તિભાવ પૂર્વક ભક્તો વિવિધ વ્યંજનો બનાવીને નૈવેદ્ય તરીકે અર્પણ કરે છે. જેમાં ‘ઉકડીચે મોદક’નો નૈવેદ્ય ધરાવવાની આગવી પરંપરા છે.

મોદક-લાડુ શબ્દ વાંચીને મોંમાં અચૂક પાણી આવી જતું હોય છે. જેવા કે માવા મોદક, ચૉકલેટ મોદક, ગુલાબ મોદક, કેસર મોદક, ડ્રાયફ્રૂટ મોદક, મેંગો મોદક્ની વિવિધતા બજારમાં જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં મીઠાઈની વિવિધતા વિશાળ છે. લાડુની વાત કરીએ તો પ્રત્યેક રાજ્યમાં લાડુ બનાવવાની રીત તેમ જ સ્વાદમાં વિવિધતા જોવા મળે છે. જેમ કે ગોળના લાડુ, ખાંડના લાડુ, બુંદીના લાડુ, લક્કડીયા લાડુ, વરસાદી લાડુ, રવાના લાડુ વગેરે. મહારાષ્ટ્રમાં ઘરે-ઘરે બનતાં અત્યંત સ્વાદિષ્ટ લાડુ એટલે જ ‘ઉકડીચે મોદક’. ભગવાન ગણેશજીને નૈવેદ્ય કે ભોગ તરીકે ધરાવવામાં આવતાં ઉકડીચે મોદકની વાત કંઈક હટકે જોવા મળે છે. કેમ કે લાડુ બનાવવાની વિધિમાં તળવા માટે ઉપયોગમાં લેવાતાં તેલ-ઘીનો વપરાશ ઘણો ઓછો કરવામાં આવે છે. તેથી જ ઉકડીચે મોદક નાના-મોટા બધાને પ્રિય હોય છે.

સામાન્ય રીતે લાડુની વાત આવે એટલે આપણે મોટા કે નાના આકારના ગોળ લાડુની કલ્પના કરીએ. મહારાષ્ટ્રમાં બનતાં ‘ઉકડીચે મોદક’ કદમાં સામાન્ય લાડુની સરખામણીમાં દેખાવમાં નાના તથા સફેદ હોય છે. તેમજ તેને બનાવતી વખતે તેને કમળના ફૂલનો આકાર આપવામાં આવે છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં લાડુ ઘઉંના કકરા લોટના કે ચણાનો લોટ ભેળવીને બનાવવામાં આવે છે. જે દેખાવમાં બેઠા આકારના ગોળાકાર હોય છે. મહારાષ્ટ્રમાં મોદક બનાવવામાં ચોખાના લોટનો ઉપયોગ કરવામાં આવે છે. ચોખાના ઉપરી પડની અંદર નાળિયેરનું છીણ, ગોળ તથા સૂકામેવાનો ઉપયોગ કરવામાં આવે છે. વળી આ લાડુને તૈયાર કર્યા બાદ તેને વરાળમાં બાફવામાં આવે છે. ગરમાગરમ મોદકની ઉપર ૧ નાની ચમચી શુદ્ધ ઘી લગાવીને ભોગ ધરાવવામાં આવે છે. ગરમાગરમ મોદક તૈયાર થતાં હોય ત્યારે તેની અંદર ભરેલા માવા-તેજાનાને કારણે તેની સોડમ સમગ્ર વાતાવરણને મધઝરતું બનાવી દે છે. મહારાષ્ટ્રની પારંપારિક મીઠાઈમાં વિવિધ પ્રકારના સુંદર કમળ આકારના નાના-નાના માવાના મોદકની સાથે ઉકડીચે મોદક બનાવવાની ખાસ પરંપરા છે. મોદક બાફીને બનતા હોવાને કારણે તે વધુ સ્વાસ્થ્યવર્ધક ગણાય છે. ચોમાસામાં પેટને હલકું-ફૂલકું રાખે છે. ચોખાના લોટનો ઉપયોગ થતો હોવાને કારણે તેમાં વિટામિન બી-૧, પ્રોટીન તથા કાર્બોહાઈડ્રેટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. મોદકની અંદર ભરવામાં આવતાં મિશ્રણમાં નાળિયેર-ગોળ-સૂકોમેવો- એલચી-જાયફળના પાઉડરને ભેળવીને શુદ્ધ ઘીમાં શેકવામાં આવે છે. જેને કારણે તે પાચન માટે ઉત્તમ બની જાય છે.

ઉકડીચે મોદક

સામગ્રી : ૧ કપ ખાસ ઉકડીચે મોદક માટેનો ચોખાનો તાજો લોટ, સવા કપ પાણી, પૂરણ બનાવવા માટે : દોઢ કપ તાજું છીણેલું નાળિયેર, ૧ નાની વાટકી ગોળ, ૧ નાની ચમચી એલચી પાઉડર, ૧ નાની ચમચી જાયફળ પાઉડર, ૧ મોટી ચમચી ઝીણો સમારેલો સૂકો મેવો (કાજુ, દ્રાક્ષ, બદામ, પિસ્તા) ૫-૬ તાંતણા કેસર, ચપટી મીઠું, ૨ ચમચી ઘી, મોદક બનાવવાનો સંચો.

બનાવવાની રીત : સૌ પ્રથમ એક પિત્તળની કે સ્ટીલની જાડી કડાઈમાં સવા કપ પાણી ગરમ કરવા મૂકવું. તેમાં ચપટી મીઠું ભેળવવું. પાણી ઉકળવા લાગે એટલે આંચ ધીમી કરીને તેમાં ધીમે ધીમે ચોખાનો લોટ ભેળવવો. લોટ પાણીમાં બરાબર ભળી જાય ગાંઠા ના પડે તેમ હલાવી લેવું. મિશ્રણને ઢાંકીને ૨-૩ મિનિટ માટે રાખવું. હવે બીજી કડાઈમાં ગોળને ઓગાળવા મૂકવો. તેમાં નાળિયેરનું તાજું છીણ ભેળવીને બરાબર એકરસ કરી લેવું. સૂકો મેવો તથા કેસર, એલચી પાઉડર, જાયફળ પાઉડર ભેળવીને મિશ્રણ તૈયાર કરીને ઠંડું કરવું. ચોખાના લોટને બરાબર મસળી લેવો. ત્યારબાદ તેના નાના ગોળા બનાવી લેવાં. મોદક બનાવવાના સંચામાં લોટ લગાવીને અંદર તૈયાર કરેલું મિશ્રણ ભરીને દબાવીને મોદક તૈયાર કરવાં. મોદક બરાબર નીકળે તે માટે સંચામાં થોડું ઘી લગાવી લેવું. બધા જ મોદક તૈયાર થાય ત્યારબાદ તેને ચારણીમાં ગોઠવીને વરાળથી ૧૦ મિનિટ માટે બાફી લેવાં. ગરમાગરમ મોદકને એક નવી ડીશમાં કાઢીને ઉપરથી થોડું કેસરવાળું પાણી તથા શુદ્ધ ઘી લગાવી દેવું. સ્વાદિષ્ટ મોદકનું નૈવેદ્ય ગણેશજીને અર્પણ કરીને પ્રસાદી ગ્રહણ કરવી.

ઉકડીચે મોદકના આરોગ્યવર્ધક ગુણો

આયર્નના સ્તરને વધારે છે

ઉકડીચે મોદકનું ખાસ પૂરણ (નાળિયેર-ગોળ-સૂકોમેવો-એલચી-જાયફળ) તૈયાર કરવામાં આવે છે. જેમાં આયર્નની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેથી તેનું સેવન કરવાથી લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ વધવા લાગે છે. શરીરમાં વારંવાર નબળાઈ આવી જવી કે એનિમિયાની તકલીફમાં ઉકડીચે મોદકનું સેવન ગુણકારી ગણાય છે.

બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી

ઉકડીચે મોદક તૈયાર કરતી વખતે તેમાં નાળિયેરનું છીણ ખાસ ઉપયોગમાં લેવામાં આવે છે. જે હૃદયના સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. નાળિયેરમાં સ્ટેરોલ્સ હોય છે. જે એલડીએલ કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. એચડીએલ જે સ્વાસ્થ્ય માટે સારા ગણાતા કૉલેસ્ટ્રોલના સ્તરને સુધારવામાં મદદ કરી શકે છે. વળી નાળિયેરમાં આવશ્યકતા પ્રમાણમાં ટ્રાયગ્લિસરાઈડ હૃદયના સ્વાસ્થ્યને જાળવી રાખવામાં મદદ કરે છે.

પાચનતંત્રને મજબૂત બનાવવા માટે ગુણકારી

ઉકડીચે મોદકમાં સપ્રમાણ માત્રામાં શુદ્ધ ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. પાચનતંત્રને મજબૂત બનાવવામાં ઉપયોગી બને છે. આંતરડામાં ચોંટી ગયેલાં ઝેરીલા પદાર્થોને બહાર કાઢવામાં મદદ કરે છે. જેથી પાચનતંત્રમાં સુધારો થાય છે. લાંબા સમયથી કબજિયાતની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે ઉપયોગી બને છે.

વજનને ઘટાડવામાં લાભકારી

તહેવારોમાં મન આનંદિત હોવાને કારણે તથા વિવિધ મીઠાઈનો સ્વાદ માણવાને કારણે વ્યક્તિનું વજન વધી જતું હોય છે. મોટાપો જે ઘણી વખત વ્યક્તિ માટે સમસ્યા બની જાય છે. ઉકડીચે મોદકનો આહારમાં ઉપયોગ વજનને નિયંત્રણમાં રાખવા માટે લાભકારી ગણાય છે.

હાડકાંની મજબૂતાઈ માટે ગુણકારી

પ્રોટીન, વિટામિનથી ભરપૂર તેવા ઉકડીચે મોદકમાં ઉપયોગમાં લેવાતા નાળિયેરમાં મેંગેનિઝની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જે હાડકાંની તંદુરસ્તી માટે ગુણકારી ગણાય છે. મોદક તૈયાર થઈ જાય ત્યારબાદ તેમાં ઉપરથી શુદ્ધ ગરમ ઘી મૂકવામાં આવે છે. તો ઘીમાં બ્યૂટિરિક એસિડની માત્રા વધુ હોય છે. જે હાડકાં તથા સાંધાની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. તેમજ શરીરમાં સોજા વારંવાર આવી જતાં હોય તેને દૂર કરવામાં ઉપયોગી ગણાય છે. જેને કારણે ઉકડીચે મોદક સ્વાદની સાથે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે.

રોગપ્રતિકારક શક્તિ વધારે છે

ઉકડીચે મોદક તૈયાર કરતી વખતે ભરવાનું જે પૂરણ તૈયાર કરવામાં આવે છે તેમાં નાળિયેરની સાથે ગોળ વાપરવામાં આવે છે. કેમ કે ગોળમાં ફોલેટ તથા આયર્ન જેવા પોષક ગુણો સમાયેલાં હોય છે. જે લોહીમાં હિમોગ્લોબીનની માત્રા વધારવામાં મદદ કરે છે. આમ આ મોદકનો આહારમાં ઉપયોગ સ્વાદની સાથે પ્રાકૃતિક રીતે જ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

ડાયાબિટીસઃ આ ખતરનાક રોગનાં કારણ શું?

આ મોટાભાગને પજવતો-મૂંઝવતા રોગ વિશે આપણે અત્યાર સુધીમાં સવિસ્તર જાણ્યું હવે આગળ ...

ડાયાબિટીસ રોગ આજે વિશ્વવ્યાપી હોવા છતાં વ્યક્તિ પોતાને તે રોગ કયા કારણથી થયો છે, તે તપાસીને નાબૂદ કરવાને બદલે માત્ર દવાઓના બાહ્ય ઉપચારો દ્વારા તેને નિયંત્રિત રાખવાના વ્યર્થ પ્રયત્નો કરતો હોય છે. આપણે જેટલા કુદરતના નિયમોને ઉલ્લંઘીને પોતાની ઇચ્છાઓ મુજબ જીવીએ તેટલા જ આવા ભયંકર રોગના શિકાર બનીએ છીએ. મોટા ભાગે ડાયાબિટીસ આપણી ખરાબ જીવનશૈલી અને કચરા જેવા આહારની પસંદગીના કારણે જ થતો હોય છે.

જીવનશૈલી

તણાવ :

આમેય આપણે સામાન્ય પરિસ્થિતિમાં પણ ખૂબ જ તણાવ, ભય અને ડીપ્રેશનમાં આવી જઈએ છીએ. આપણે જેટલા હર્ષ-શોક, રાગ-દ્વેષ આદિક દ્વંદોમાં અને ચિંતા, ઈર્ષ્યા, હરીફાઈ, ઈત્યાદિમાં જીવીએ તેટલા આ રોગને જલદીથી આમંત્રણ આપીએ છીએ. તેમજ લાંબા સમયનો તણાવ શરીરમાં નિશ્ચિતપણે ડાયાબિટીસ ઉત્પન્ન કરે છે.

અપર્યાપ્ત ઊંઘ :

માત્ર ૧૦ દિવસની સતત અપર્યાપ્ત ઊંઘના કારણે લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ખૂબ જ વધી જાય છે.

બેઠાડું જીવનઃ

જમેલો ખોરાક પચી જાય એટલો શારીરિક શ્રમ તો દરેક વ્યક્તિના જીવનમાં હોવો જ જોઈએ. પરંતુ જે લોકો આળસ કે સમયના અભાવે શારીરિક શ્રમ નથી કરતા, તેઓ આનો શિકાર જલદી બનતા હોય છે.

આહારઃ

મોટા ભાગે આપણા સહુની માન્યતા એવી હોય છે કે, ગળ્યું અને ઘીવાળું ખાવાથી જ ડાયાબિટીસ થાય છે, પરંતુ આ માન્યતા સંપૂર્ણ સાચી નથી. ભુખ વગર જમવું, પ્રમાણ કરતાં વધુ જમવું, રાત્રે મોડે જમવું, વિરુદ્ધ આહાર જમવો - આ બધી કુટેવો પાચનતંત્રને કાયમી મંદ કરે છે. અને અંતે મંદ પાચનશક્તિ ડાયાબિટીસ થવાનું કારણ બને છે.

અન્ય કારણ

- મેદસ્વિતા
- બ્લડપ્રેશર અને કોલેસ્ટરોલ
- હૃદયરોગો અને ડાયાબીટીસને પરસ્પર સંબંધ છે. જે લોકોને હૃદયરોગ હોય તેમને ડાયાબિટીસ થવાની અને જેને ડાયાબિટીસ હોય તેમને હૃદયરોગ થવાની સંભાવના ખૂબ જ વધારે હોય છે.
- ઉંમર

૩૫ વર્ષની ઉંમર પછી આ રોગની સંભાવના વધી જાય છે.

- વ્યસન

તમાકુ, ધૂમ્રપાન અને દારૂ જેવા વ્યસનોને કારણે ડાયાબિટીસ થવાની સંભાવના ખૂબ જ વધી જાય છે.

- વારસાગત

જો પરિવારમાંથી કોઈને પણ ડાયાબિટીસ હોય તો અન્ય સભ્યોને ખૂબ જ સાવધાન રહેવું જોઈએ. કેમ જે, તેમને આ રોગ થવાની સંભાવના ખૂબ જ વધી જાય છે. તેમને તો નાની ઉંમરથી જ ઉપર જણાવેલ ડાયાબિટીસ થવાનાં કારણોથી બચતા રહેવું જોઈએ.

ડાયાબિટીસમાં આહાર-વિહાર

- ઓછી કેલેરીવાળો, માપસરનો અને પચવામાં હળવો ખોરાક લેવો.
- ફળો-લીલા શાકભાજી તથા કડવા પદાર્થો હિતકર સમજીને વધુ પ્રમાણમાં લેવા.
- દૂધની બનાવટોથી શક્ય હોય ત્યાં સુધી દૂર રહેવું.
- ગળ્યાં તથા વધુ ચરબીવાળા પદાર્થો ખૂબ જ ઓછાં લેવાં. તેમ જ ખજૂર, શેરડી, દ્રાક્ષ વગેરે પણ ખૂબ જ ઓછા પ્રમાણમાં લેવા.
- ડાયાબિટીસ થવાનું એક મુખ્ય કારણ છે:
- અનિયમિત જીવનશૈલીઃ જો કસરતો અને યોગ્ય આહારમાં ધ્યાન આપવામાં આવે, તો આ રોગ થવાની શક્યતા ૫૦% ઘટી જાય છે માટે ચાલવું, જોગિંગ કરવું, તરવું વગેરે કસરતો રોજ કમસે કમ ૩૦ મિનિટ સુધી કરવી. તેમજ યોગાસનો અને પ્રાણાયામો નિયમિતપણે કરવા.
- તમાકુ, ધૂમ્રપાન, દારૂ આદિ વ્યસનોનો ત્યાગ કરવો.

જો દર્દી ઉપરોક્ત વિવેક ન રાખી શકે તો પરિવારજનોએ દર્દીનું હિત ઈચ્છીને આહાર-વિહારના વિવેકનું પાલન કરાવવું.

સાવધાની

ડાયાબિટીસના દર્દીઓને ચિકિત્સકો એવી સલાહ આપતા હોય છે કે, જ્યારે ભૂખ લાગે ત્યારે જમી લેવું, પણ ભૂખ સહન ન કરવી. પરંતુ આ સલાહની ઓથે દર્દીઓ નીચે મુજબની બે મોટી ભૂલ કરતા હોય છે.

(૧) ભૂખ લાગે ત્યારે કેટલું જમવું જોઈએ, તેનો વિવેક ચૂકી જવાય છે. પરિણામે જરૂરિયાત કરતાં વધુ જમેલો ખોરાક પચતો નથી.

(૨) વળી, દર્દીઓને તેમની જરૂરિયાતથી વિરુદ્ધ જીભને પ્રિય એવી ચટપટી વાનગીઓ ખાવાની વધુ ઝંખના રહેતી હોય છે. પરંતુ તેઓએ જીભને આધીન ન થતાં શરીરને હિતકર સફરજન આદિ ફળોનું યોગ્ય માત્રામાં સેવન વધુ કરવું જોઈએ.

તદુપરાંત ડાયાબિટીસના દર્દીઓએ યોગ્ય માત્રામાં ઊંઘ લેવી જોઈએ. થોડાક જ દિવસોની અસંતુલિત ઊંઘ લોહીમાં શર્કરાનું પ્રમાણ વધારી શકે છે.

ડાયાબિટીસમાં ઉપયોગી ઉપચારઃ

૧) સવાર-સાંજ મીઠા લીમડાના ૧૦ પાન ચાવીને ખાઈ જવા અને --- પાણી પીવું.

૨) સવાર-સાંજ અડધી ચમચી હળદરનો પાવડર અને ૧ ચમચી આમળાનું ચૂર્ણ ફાકીને પાણી પીવું.

૩) રોજ રાત્રે ૧ ચમચી મેથી ૧ કપ પાણીમાં પલાળી રાખી, સવારે ખૂબ મસળી, ગાળીને તે પાણી પીવું.

૪) કુમળાં કારેલાંના નાના ટુકડા કરી, છાંયડામાં સૂકવી, બારીક ભૂકો કરી, ૧૦ ગ્રામ જેટલો સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસ મટે છે.

૫) પાકા જાંબુના ઠળિયાને સૂકવી, તેનું બારીક ચૂર્ણ બનાવી, ૧ ચમચી પાણી સાથે દિવસમાં બે વાર લેવું.

૬) ૩થી ૪ ગ્રામ તજ અને મરીનું ચૂર્ણ રોજ બે વાર ભૂખ્યા પેટે લેવું.

૭) રોજ સવાર-સાંજ જમ્યા પછી ૪ ગ્રામ આમળાનું ચૂર્ણ ૨ગ્રામ હળદરના પાવડર સાથે લેવું.

૮) હરડે, બહેડાં, કડવા લીમડાની અંતરછાલ, મામેજવો અને જાંબુના ઠળિયા ભેગા કરી બારીક ચૂર્ણ કરી ૧ ચમચી સવાર-સાંજ પાણીમાં લેવું.

૯) ૨૦થી ૨૫ મિ.લી. ગળોનો સ્વરસ નિયમિત પીવો.

૧૦) ૧૦થી ૧૫ નંગ તુલસીના પાન રોજ ચાવવા અથવા તેનો રસ લેવો.

૧૧) ૫૦ ગ્રામ બીલીના પાનનો સ્વરસ નિયમિત પીવો. અઠવાડિયામાં જ શર્કરાનું પ્રમાણ ઘટી જશે.

૧૨) રોજ મધુનાશીની વેલના ૩ પાન લેવા. ■

ખાંડ કે ગોળ-કયું સારું?

પશ્ચિમી સંસ્કૃતિના આગમન પહેલાં ભારતમાં ગોળનો ઉપયોગ ખાંડના પ્રમાણ કરતાં ખૂબ જ વધારે હતો. આપણા પૂર્વજો ગોળનો રોજિંદા આહારમાં ઔષધ તરીકે ઉપયોગ કરતા હતા, પરંતુ ત્યારબાદ ભારતમાં ગોળની જગ્યાએ ખાંડનો ઘરે ઘરે ઉપયોગ વધવા લાગ્યો. વળી, આજે આપણાં ઘરોમાં ગોળના સ્થાન પર ખાંડ કબજો જમાવી બેઠી છે અને તેના કારણે ખાંડમાંથી ઉત્પન્ન થતી અનેક બીમારીઓ પણ ભારત દેશના લોકોમાં પ્રવેશવા લાગી છે.

આપણે એ નથી જાણતા કે, ખાંડના વધુ ઉપયોગથી આપણા સ્વાસ્થ્યમાં ધરખમ નુકસાન થાય છે. ગોળ અને ખાંડ બંને શેરડીમાંથી જ બને છે, પરંતુ બંનેની બનાવવાની રીત અલગ હોવાથી બંનેના ફાયદા-નુકસાનમાં પણ ખૂબ જ અંતર રહેલું છે. ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને કોલેસ્ટરોલના દર્દીઓએ આહારમાં ખાંડનો ઉપયોગ નહિવત કરવો જોઈએ. તેના વિકલ્પમાં ગોળનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવો.

અહીં ખાંડની સરખામણીમાં ગોળના અમુક ફાયદા દર્શાવ્યાં છે.

	ખાંડ	વિરુદ્ધ ગોળ
પોષકતત્ત્વો	શર્કરા સિવાય કોઈ પણ પોષકતત્ત્વો ખાંડમાં આવતા નથી	અનેક વિટામિનો, લોહતત્ત્વો અને ખનિજો ગોળમાં આવે છે.
પાચન	પાચનશક્તિને નબળી બનાવે છે	પાચનશક્તિને સતેજ બનાવે છે.
ચામડીના રોગો	ખીલ, ગૂમડાં વગેરે રોગ વધારે છે.	ચામડીના વિકારો દૂર કરવામાં ફાયદારૂપ છે.
ઝેરીતત્ત્વો	લોહીની અંદર ધીરે ધીરે ઝેરી તત્ત્વોનું પ્રમાણ વધારે છે.	ઝેરી તત્ત્વોને દૂર કરવામાં સહાયક થાય છે.
આંખોનું તેજ	વધુ સેવનથી નાની ઉંમરમાં આંખના રોગ ઉત્પન્ન કરે છે.	મોટી ઉંમર સુધી પણ આંખના સ્નાયુઓને મજબૂત રાખે છે.
હાડકાં પર થતી અસર	હાડકાંને કેલ્શિયમ શોષવામાં અવરોધક બને છે, તેથી હાડકાં પોલા કરે છે.	કેલ્શિયમયુક્ત હોવાથી હાડકાં મજબૂત કરે છે.
યાદશક્તિ	ઘટાડે છે.	જાળવી રાખે છે.
ડીપ્રેશન	શરીરના હોર્મોન્સ અસંતુલિત કરે છે તેથી વધુ સેવનથી ડીપ્રેશન થઈ શકે છે.	શરીરના હોર્મોન્સ સંતુલિત રાખે છે તેથી ડીપ્રેશન ઘટાડે છે.
ત્રિદોષ પર થતી અસર	ત્રિદોષકારક	ત્રિદોષશામક
વાત	ખાંડના સેવનથી શરીરમાં વાત અસંતુલિત થઈ શકે છે અને અપચો, કબજિયાત, વા જેવી બીમારીઓ થઈ શકે છે.	શરીરમાં વાયુ ઘટાડે અને અજીર્ણ, કબજિયાત, માથાનો દુઃખાવો, વા, ગેસ, નબળાં હાડકાં વગેરેમાં ફાયદાકારક છે.
પિત્ત	ઘણીવાર આપણે એસિડિટીનું શમન કરવા માટે ખાંડની વાનગીઓ લઈએ છીએ, પરંતુ શરીરને તે ખાંડનું પાચન કરવા માટે વધારે એસિડ ઉત્પન્ન કરવું પડે છે અને તેથી ખાંડ જ એસિડિટીનું કારણ બને છે.	શરીરમાં પિત્તનું પ્રમાણ ઘટાડે છે. તેથી એસિડિટી, અલ્સર, માઈગ્રેન વગેરે બીમારીમાં ફાયદાકારક થાય છે.
કફ	કફજન્ય બીમારીઓ જેવી કે, શરદી, કફ, ઉધરસ, દમ વગેરે વધારે છે.	શરીરમાં ભેગો થયેલ કફ બહાર કાઢવામાં ઉપયોગી થાય છે.

કોલસા આધારિત બેકરીના માલિકો માટે કોઈ રાહત નહીં

૬૦,૦૦૦ કામગાર બેરોજગાર બનશે

મુંબઈઃ લાકડા કે કોલસા આધારિત બેકરીઓને રિન્યુએબલ એનર્જી ઉત્પાદિત ઇંધણ (હરિત ઇંધણ)માં રૂપાંતરિત કરવાની છ મહિનાની સમયમર્યાદા વધારવાનો બોમ્બે હાઇ કોર્ટે ગુરુવારે ઇનકાર કર્યો હતો. કેટલાક લોકોને મુશ્કેલીઓ વેઠવી પડતી હોવાથી વિશાળ જાહેર હિત અને સ્વચ્છ અને તાજગીભર્યા વાતાવરણના અધિકારની અવગણના ન કરી શકાય એવું નિરીક્ષણ પણ અદાલતે કર્યું હતું.

મુંબઈની અંદાજે ૭૫૦ બેકરીઓ અને મેટ્રોપોલિટન રિજનમાં લાંબી સાંસ્કૃતિક ઇતિહાસ ધરાવતી આશરે બે હજાર બેકરીઓને અદાલતના આદેશની અસર થશે. બેકરી ઉત્પાદનો હજારો અકુશળ કામદારોને ટેકો આપે છે. આ અને રૂપાંતરણને કારણે પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને, ૧૨ બેકરી માલિકોએ પરંપરાગત બેકરીઓ હરિત બળતણમાં રૂપાંતરિત કરવા માટે વધુ એક વર્ષની મુદતની માંગણી સાથે હાઇ કોર્ટમાં અરજી કરી હતી. ન્યાયમૂર્તિ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ આરતી સાઠેની ખંડપીઠે ગુરુવારે આ અરજી પર સુનાવણી કરી ત્યારે ઉપરોક્ત ટીપ્પણી કરીને બેકરીના માલિકોની અરજી ફગાવી દેવામાં આવી હતી.

જાન્યુઆરીમાં હવાના પ્રદૂષણ અંગે કોર્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન બેકરીના માલિકોને જુલાઈ સુધીમાં પરંપરાગત ભઠ્ઠીઓને ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતરિત કરવાનો સમય આપવામાં આવ્યો હતો. આ સમયમર્યાદા પૂરી થઈ ગઈ હોવાથી અરજદારોએ મુદત વધારવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. પીએનજીનો ઉપયોગ કરવામાં વ્યવહારિક મુશ્કેલીઓ હોવાથી કોર્ટના આદેશ મુજબ બેકરીઓને આપવામાં આવેલી નોટિસ અથવા પરંપરાગત ભઠ્ઠીઓને હરિત ઇંધણમાં રૂપાંતરિત કરવાની સમયમર્યાદા રદ કરવાની પણ માગણી કરી હતી.

બેકરી માલિકોએ અદાલતમાં રજૂઆત કરી હતી કે લાકડા અથવા કોલસાથી ચાલતી પરંપરાગત બેકરીઓમાં ભઠ્ઠીઓનું પુનર્ગઠન કરવું એ એક લાંબી પ્રક્રિયા છે. અમે પરંપરાગત ભઠ્ઠીઓને હરિત ઇંધણથી ચાલતી ભઠ્ઠીમાં રૂપાંતરિત કરવાનો વિરોધ નથી કરતા. પણ એને માટે સમય જોઈએ, નહીંતર બેકરીઓ બંધ કરવી પડશે અને ૬૦ હજાર કામદારો બેરોજગાર થઈ જશે. ■

પર્યાવરણનું જતન કરશે બાપ્પા

દર વર્ષની માફક આ વર્ષે પણ પર્યાવરણને અનુરૂપ ગણેશોત્સવની ઉજવણી કરાવવામાં આવવાની છે જેમાં મુંબઈના એક ગણેશમંડપની સંપૂર્ણ રીતે વાંસમાંથી બનેલી છ ફૂટની ઈકોફ્રેન્ડલી ગણેશમૂર્તિ.

ભૂતપૂર્વ પ્રધાન ધનંજય મુંડેએ ભ્રષ્ટાચારની ફાઇલ ગાયબ કરીઃ અંજલિ દમણિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાર્યકર્તા અંજલી દમણિયાએ ગુરુવારે એવો આરોપ લગાવ્યો હતો કે એનસીપીના નેતા ધનંજય મુંડેએ તેમના પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન મહારાષ્ટ્ર કૃષિ વિભાગમાં થયેલા ભ્રષ્ટાચારની ફરિયાદો પરના અહેવાલવાળી ફાઇલ ગાયબ કરી દીધી હતી.

દમણિયાએ જણાવ્યું હતું કે તેમને વિભાગ તરફથી એવો લેખિત સંદેશ મળ્યો છે કે તેમની પાસે ફાઇલ નથી અને ભૂતપૂર્વ પ્રધાનને તે ફાઇલ પરત કરવાની વિનંતી કરતો પત્ર મોકલવામાં આવ્યો છે.

મુંડે અગાઉની એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકારમાં કૃષિ પ્રધાન હતા. તેઓ વર્તમાન સરકારમાં અલગ પોર્ટફોલિયો ધરાવતા હતા, પરંતુ આ વર્ષની શરૂઆતમાં જ્યારે તેમના નજીકના સહાયકની હત્યા કેસમાં ધરપકડ કરવામાં આવી ત્યારે તેમણે રાજીનામું આપી દીધું હતું.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની એક પોસ્ટમાં, દમણિયાએ દાવો કર્યો હતો કે આઈએએસ અધિકારી વી. રાધા, જે તત્કાલીન કૃષિ સચિવ હતા, તેમણે વિભાગમાં ભ્રષ્ટાચાર અને અનિયમિતતાની ફરિયાદો પરના અહેવાલવાળી ફાઇલ મુંડેને મોકલી હતી.

'આ ફાઇલ ધનંજય મુંડે દ્વારા ગાયબ કરી દેવામાં આવી હતી. આજે લોકાયુક્તની સુનાવણી દરમિયાન, મેં લોકાયુક્ત સમક્ષ આ બાબત રજૂ કર્યા પછી, પ્રતિભા પાટીલ નામના ડેપ્યુટી સેક્રેટરીએ જણાવ્યું હતું કે એક આઉટવર્ડ નંબર હતો જે દર્શાવે છે કે ફાઇલ પ્રધાનને મોકલવામાં આવી હતી, પરંતુ તેમના રાજીનામા પછી ફાઇલ પરત કરવામાં આવી ન હતી,' એવો દાવો દમણિયા દ્વારા કરવામાં આવ્યો હતો.

લોકાયુક્તે મુંડેને લેખિત જવાબ રજૂ કરવાનો આદેશ આપ્યો, એમ પણ તેમણે જણાવ્યું હતું.

આ આરોપો પર એનસીપીના નેતાની પ્રતિક્રિયા તાત્કાલિક ઉપલબ્ધ નહોતી. ■

૫૦ શિક્ષકને આદર્શ શિક્ષક મેયર પુરસ્કાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના પાંચ સપ્ટેમ્બરના આવતા જન્મદિવસને શિક્ષક દિવસ તરીકે ઊજવવામાં આવે છે. તેમની સ્મૃતિમાં મુંબઈ મહાનગરપાલિકા દ્વારા શૈક્ષણિક ક્ષેત્રમાં ઉલ્લેખનીય કામગીરી પાર પાડનારા શિક્ષકોને દર વર્ષે આદર્શ શિક્ષકોનો પુરસ્કાર જાહેર કરવામાં આવે છે, જેમાં આ વર્ષે ૫૦ શિક્ષકોને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે, તેમાં એક માત્ર ગુજરાતી શિક્ષિકાની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

પાલિકા દ્વારા ૨૦૨૪-૨૫ માટે આદર્શ શિક્ષક મહાપોર પુરસ્કારના નામ સોમવારે જાહેર કરવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગના મહાનગરપાલિકાના પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલ, ખાનગી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલના ૧૪૨ શિક્ષકોના ઈન્ટરવ્યૂ લઈને ૫૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવ્યા બાદ સોમવારે આ શિક્ષકોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. પુરસ્કારમાં દરેક શિક્ષકોને ૧૧,૦૦૦ રૂપિયા તથા પાલિકાનું માનચિહ્ન, શાલ, શ્રીફળ આપીને સન્માનિત કરવામાં આવે છે.

પસંદગી પામેલા શિક્ષકોમાં ગુજરાતી માધ્યમના એક શિક્ષકમાં એમ.પી.એસ. બજાજ રોડની ગુજરાતી સ્કૂલના શિક્ષિકા માયા શશીકાંત ગોહિલનો સમાવેશ થાય છે. તો મરાઠી માધ્યમના ૧૦, અંગ્રેજી માધ્યમના પાંચ, હિંદીના છ, ઉર્દૂના છ અને સ્પેશિયલ સ્કૂલના એક શિક્ષક, માન્યતા પ્રાપ્ત ખાનગી ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડના ૧૨ શિક્ષક સહિત તમિળ, તેલુગુ અને કન્નડ માધ્યમના મળીને એક શિક્ષક, ફિઝીકલી ટ્રેનિંગ(પીટી), ડ્રોઈંગ, હસ્તકલા, સંગીત આ માધ્યમના એક અને માધ્યમિક સ્કૂલના ચાર એમ કુલ ૫૦ શિક્ષકોનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. ■

નવી મુંબઈના એરપોર્ટને ડી. બી. પાટીલનું નામ આપવા ડુંગર પરથી સરકારને અપીલ

પનવેલઃ નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટને ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં ચાલુ કરવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર પ્રયાસ કરી રહી છે. એરપોર્ટ પ્રોજેક્ટ પર યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. જોકે હાલમાં આ પ્રોજેક્ટ માટે જેમની જમીન સંપાદિત કરવામાં આવી છે તેવા પ્રોજેક્ટ પીડિતોનું એક જૂથ આંદોલનના મૂડમાં છે. રવિવારે સવારે ૯ વાગ્યે, પ્રોજેક્ટ પીડિતોના આ જૂથે પલસ્પેથી જેએનપીટી રૂટ પર નંદગાંવ ટેકરી પર ચઢીને સરકારને હાકલ કરવા માટે એક અનોખું આંદોલન કરવાની યોજના બનાવી છે. પ્રકલ્પગ્રસ્ત યુવાનોએ એક અલગ જૂથ બનાવીને આંદોલનાત્મક ભૂમિકા લીધી હોવાથી, અગાઉની પ્રકલ્પગ્રસ્ત સમિતિમાં બે જૂથ પડ્યા હોવાની ચર્ચા છે.

આ આંદોલન એરપોર્ટનું નામ ડી. બી. પાટીલ રાખવામાં આવે, તેમજ જે પરિવારોની જમીન સંપાદિત કરવામાં આવી છે, તેમને એરપોર્ટમાં રોજગાર મળે અને પુનર્વસન પેકેજ આપતી વખતે જે વચનો આપવામાં આવ્યા હતા તે પૂર્ણ કરવામાં આવે, આ ત્રણ મુખ્ય માગણીઓ માટે અસરગ્રસ્ત યુવાનો એક થઈ રહ્યા છે.

રાજ્ય સરકારે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નામ ડી.બી. પાટીલ રાખવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલ્યો હોવા છતાં કેન્દ્ર સરકારે હજુ સુધી નામકરણ અંગે કોઈ નિર્ણય જાહેર કર્યો નથી.

પરંતુ આ દરમિયાન રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ખાતરી આપી હતી કે એરપોર્ટનું નામ ડી. બી. પાટીલ જ રાખવામાં આવશે. આ કારણે જે ૨૭ ગામોના પ્રોજેક્ટ પ્રભાવિત લોકોની સમિતિ સમયાંતરે આંદોલન કરી રહી હતી તેમણે આ ખાતરી પર વિશ્વાસ કરીને કોઈ સીધો આંદોલન કરવાનો નિર્ણય અત્યાર સુધી લીધો ન હતો. જોકે, આ જ સમિતિના ઘણા સભ્યોએ રાજીનામું આપીને અલગ રસ્તો અપનાવ્યો હોવાથી આશ્ચર્ય વ્યક્ત થઈ રહ્યું છે. ■

અકસ્માતમાં મૃત્યુ પામેલા ફાર્માસિસ્ટના પરિવારને ૨૯ લાખ વળતર ચૂકવવાનો ટ્રિબ્યૂનલનો આદેશ

થાણેઃ વર્ષ ૨૦૨૦માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા ૨૮ વર્ષના ફાર્મસિસ્ટના પરિવારને ૨૯ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) વીમા કંપની અને ટ્રકના માલિકને આદેશ આપ્યો છે. સભ્ય આર.વી. મોહિતેની અધ્યક્ષતામાં ટ્રિબ્યુનલે મંગળવારે આ આદેશ જારી કર્યો હતો.

સચિન અશોક ગવ્હાણેનાં માતા-પિતાએ અરજીમાં ૮૦ લાખ રૂપિયાના વળતરની માગણી કરી હતી. ટ્રિબ્યુનલે મૃતની આવક, તેના પર આધાર રાખતી વ્યક્તિઓ અને કાનૂની પાત્રતાના આધારે વળતર નક્કી કર્યું હતું.

૧ ઑગસ્ટ, ૨૦૨૦ના રોજ સચિન ગવ્હાણે મોટરસાઇકલ પર કલ્યાણથી નવી મુંબઈના વાશીમાં જઇ રહ્યો હતો ત્યારે શિળફાટા-મ્હાપે માર્ગ પર ટ્રકે તેને અડફેટમાં લીધો હતો. ગંભીર ઇજા પામેલા સચિનનું હોસ્પિટલમાં પહોંચતાં પહેલા મૃત્યુ થયું હતું. પોલીસે ટ્રક ડ્રાઇવર વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન હંકારવાનો ગુનો દાખલ કર્યો હતો.

ટ્રિબ્યુનલે આદેશમાં જણાવ્યું હતું કે ટ્રકે મોટરસાઇકલને પાછળથી ટક્કર મારી હતી. જોકે તેની ગતિ એટલી હતી કે ટ્રક ડ્રાઇવર લગભગ આઠ ફૂટ સુધી વાહનને નિયંત્રિત કરી શક્યો નહીં... ડ્રાઇવર વાહનને બેદરકારીથી હંકારી રહ્યો હતો.

વીમા કંપનીએ માન્ય લાઇસન્સ ન હોવાનું કારણ આપીને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દીધા હતા. જોકે ટ્રિબ્યુનલે આ દલીલને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે વીમા કંપની એ સાબિત કરવામાં નિષ્ફળ ગઇ છે કે ટ્રકનો ડ્રાઇવર અકસ્માત સમયે માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતો નહોતો.

ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે સચિન ગવ્હાણે નવી મુંબઈમાં દવાની દુકાનમાં ફાર્મસિસ્ટ તરીકે કામ કરતો હતો અને દર મહિને ૧૯,૩૦૦ રૂપિયા કમાતો હતો. (પીટીઆઇ) ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
રકમ	WATCHMAN
રકાબી	AMOUNT
રખડવું	NIGHT
રખોપિયો	WANDER
રજની	SAUCER

ઓળખાણ પડી?

મુખ્યત્વે એશિયામાં તેમજ યુરોપ - આફ્રિકાના કેટલાક સ્થળે જોવા મળતા વૃક્ષની ઓળખાણ પડી? એની છાલમાંથી સીરપ પણ બને છે.

અ) WILLOW બ) CEDAR ક) BIRCH ડ) MAPLE

ગયા વખતનો ઉકેલ

૧ પ	ર્યુ	૨ ષ	ણ	■	૩ આ	યં	૪ બિ	લ	■
રં	■	ટ	■	૫ ચો	ક	■	ના	■	૬ પ્ર
૭ પ	૮ ૨	ક	■	૯ વિ	લ	ન	■	૧૦ ગ	તિ
૧૧ રા	જા	■	૧૨ બ	ચા	ન	■	■	૧૩ વ	ક્ર
■	૧૪ મં	ત્ર	■	ર	■	■	૧૫ જ	ન	મ
૧૬ એ	દી	■	૧૭ ફા	■	૧૮ અ	ફ્રા	ઇ	■	ણ
કા	■	૧૯ ક	લ	૨૦ મ	■	■	૨૧ ફ	૨૨ ર	■
૨૩ સ	વા	લ	■	૨૪ હા	ક	૨૫ લ	■	૨૬ સ	૨૭ ભા
ણું	■	૨૭-અ ૨	૨૮ ટ	વી	■	૨૮-અ ડા	૨૯ બા	■	વ
■	૩૦ ન	વ	કા	ર	■	૩૧ ઉ	પા	સ	ના

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧		૨		૩	■	૪	૫		૬
	■		■	૭	૮			■	
૯	૧૦		■	૧૧		■	૧૨	૧૩	
૧૪		■	૧૫	■	૧૬	૧૭	■	૧૮	
■		■	૧૯	૨૦			■		■
૨૧	■	૨૨				■	૨૩	■	૨૪
	■	૨૫		■	■	૨૬		૨૭	
૨૮			■	૨૯	■		■	૩૦	
	■	■	૩૧		૩૨		૩૩	■	
૩૪				■		■	૩૫		

આડી ચાવી

૧. ખરેખર, વસ્તુત, અસલમાં (૫)
૪. માનધન, ઇનામ (૪)
૭. અસ્થિર, હાલકડોલક (૪)
૯. ફેંસલો, કાઢી નાખવું તે (૩)
૧૧. બે સમાન સંખ્યાનો ગુણાકાર (૨)
૧૨. વખાણ (૩)
૧૪. અંગ્રેજીમાં હા કહો (૨)
૧૬. --- અસર ના કરે ત્યાં દુવા કરો (૨)
૧૮. --- ઊભા થવા એટલે રોમાંચ થવો (૨)
૧૯. બતાવવું તે (૪)
૨૨. ચમારની સ્ત્રી (૪)
૨૫. ખૂણો (૨)
૨૬. પીડાભર્યું (૪)
૨૮. ખામી (૩)
૩૦. બાધા, ઇનકાર (૨)
૩૧. અવગણના, અનાદર (૫)
૩૪. નિયમમાંથી છટકવાની યુક્તિ (૪) (જો.છૂ).
૩૫. માટલાં ઘડનાર (૩)

ઊભી ચાવી

૧. દયાને પાત્ર (૪)
૨. અફીણ, વહીવટ, સત્તા (૩)
૩. 'લડાવવું'નું આજ્ઞાર્થ (૩)
૪. પડીકું (૨)
૫. કમાવા (૩)
૬. રક્ષક (૪)
૮. સલાહસૂચન, દિશાસૂચન (૫)
૧૦. --- કાઢવું એટલે મારી નાખવું (૩)
૧૩. કબજો, સંદર્ભ (૩)
૧૫. બરાબર માપમાં (૪)
૧૭. શરીર (૨)
૨૦. --- રોજ એટલે નિત્ય (૨)
૨૧. --- ઠંડીમાં બહાર ના જવાય (૫)
૨૨. એક પક્ષી, ચબરાક (૩)
૨૩. પુરુષ (૨)
૨૪. ચકચૂર, ચૂરેચૂરા (૫)
૨૬. નડતર, પજવણી (૩)
૨૭. --- હોય તેનો નાશ હોય (૨)
૨૯. તદ્દન, બિલકુલ (૨)
૩૧. અમે, અમારું (૨)
૩૨. બોજો, ભાર, બેડું (૨)
૩૩. જકાત લેવાનું થાણું (૨)

ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તેણે રવેશમાં ઘણી રાહ જોઈ' પંક્તિમાં 'રવેશ શબ્દનો અર્થ જણાવો.

અ) મેદાન બ) દરવાજો ક) ઝરૂખો ડ) ઓસરી

માતૃભાષાની મહેક

કેટલાક લોકોને વિનાકારણ ઝઘડો ઊભો કરવાની અને સતત ખટપટ કરતા રહેવાની આદત હોય છે. આ પ્રકારના લોકો ખીચડી - કઢી બનાવ્યા હોય તો દાળ - ભાત કેમ નથી બનાવ્યા અને પરોઠા કર્યા હોય તો રોટલી કેમ ન કરી એ પ્રકારની ખોડ કાઢવામાં ઉસ્તાદ હોય છે. આ પ્રકારના લોકોની ગણના મૂરખના સરદારમાં કરવામાં આવી છે જેમને ગંભીરતાથી ન લેવાય.

સુડોકુ-૯૦૭૫

	૨				૮			
			૪			૭		૬
				૬	૫	૮	૯	
					૧	૬	૪	
૭								૧
	૪	૩	૮					
	૯	૫	૨	૩				
૩		૪			૭			
			૧				૬	

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૯૦૭૪

૫	૨	૯	૬	૪	૧	૩	૮	૭
૧	૪	૩	૯	૭	૮	૨	૬	૫
૬	૮	૭	૫	૨	૩	૧	૪	૯
૮	૯	૧	૨	૫	૪	૬	૭	૩
૨	૩	૬	૧	૯	૭	૪	૫	૮
૪	૭	૫	૮	૩	૬	૯	૨	૧
૩	૬	૮	૪	૧	૫	૭	૯	૨
૭	૫	૨	૩	૬	૯	૮	૧	૪
૯	૧	૪	૭	૮	૨	૫	૩	૬

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ OPHIDIOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) મગર બ) ઉરાંગઉટાંગ ક) વાઘ ડ) સાપ

ઈર્શાદ

હવે પાંપણોમાં અદાલત ભરાશે,
મેં સ્વપ્નો નીરખવાના ગુન્હા કર્યા છે,

- રમેશ પારેખ

માઈન્ડ ગેમ

આપણા દેશનું કયું શહેર 'સિટી ઓફ ફ્લાવર્સ' - ફૂલોના શહેર તરીકે ખ્યાતિ ધરાવે છે? અહીંનું આર્કિટેક્ચર પણ ખ્યાતનામ છે.

અ) જબલપુર બ) ચંદીગઢ ક) શિમોગા ડ) સિલચર

ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

A	B
મિતિ	DATE
મિથ્યા	FALSE
મિષ્ટ	SWEET
મીણ	WAX
મીન	FISH

માઈન્ડ ગેમ
સેશલ્સ

ઓળખાણ પડી?
કદંબ

ગુજરાત મોરી મોરી રે
ઊંડા પાણી

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
આશ્રય

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૯) નીતા દેસાઈ (૧૦) હર્ષા મહેતા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૧૩) નયના ગિરીશ મિસ્ત્રી (૧૪) પુષ્પા પટેલ (૧૫) મહેન્દ્ર લોઢાવિયા (૧૬) મીનલ કાપડિયા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) નૂતન વિપીન શાહ (૨૦) વિપીન શાહ (૨૧) જીત શાહ (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) પ્રવીણ વોરા (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) શ્રદ્ધા આશર (૨૬) નિતિન જયંતિલાલ બજરિયા (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) ભાવના કર્વે (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) મહેશ દોશી (૩૪) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) પુષ્પા ખોના (૩૯) અલકા વાણી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ગીતા ઉદેશી (૪૯) પ્રતિમા પમાણી (૫૦) મહેશ સંઘવી

ગણેશોત્સવ માટે મુંબઈ પોલીસ સજ્જ

૧૭,૬૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ રહેશે ખડેપગે

૧૧,૦૦૦ સીસીટીવી કેમેરાથી ભીડ પર દેખરેખ, ડ્રોનનો ઉપયોગ કરાશે

દાદર માર્કેટમાં ભીડ ઉમટી: વિઘ્નહર્તા-દુદાંળા દેવનું આવતી કાલે આગમન થઈ રહ્યું છે તે પહેલા દાદરની માર્કેટમાં છેલ્લી ઘડીની તૈયારીરૂપે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી.

સુરક્ષામાં ચુક નહીં!!: ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને ચુસ્ત બંદોબસ્ત કરનારી મુંબઈ પોલીસ દ્વારા ઘાટકોપરમાં ફ્લેગ માર્ચ કાઢવામાં આવી હતી.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિઘ્નહર્તાનું બુધવારે વાજતે-ગાજતે આગમન થવાનું હોવાથી મુંબઈ પોલીસે પણ બંદોબસ્ત માટેની તૈયારી કરી લીધી છે. ગણેશોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન નિર્માણ ન થાય એ માટે મહાનગરમાં ૧૭,૬૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા છે. ભીડ પર દેખરેખ રાખવા માટે ૧૧,૦૦૦થી વધુ સીસીટીવી કેમેરા ગોઠવાયા છે અને ડ્રોનનો પણ ઉપયોગ કરાશે. બીજી તરફ બાપ્પાના આગમન અને વિસર્જન દરમિયાન વાહનવ્યવહારની સરળતા માટે ટ્રાફિક પોલીસે પણ પોતાનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

શહેરમાં ગણેશોત્સવ દરમિયાન સાર્વજનિક મંડળો દ્વારા વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક (જુઓ પાનું ૪) ▶▶

લાડકી બહિણ યોજનામાં ૨૬ લાખ લાભાર્થી અપાત્ર: અદિતિ તટકરે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારની લાડકી બહિણ યોજનામાં ૨૬ લાખ મહિલા પ્રથમ દ્રષ્ટિએ અપાત્ર હોવાનું જાણવા મળ્યું હોવાનું રાજ્યનાં પ્રધાન અદિતિ તટકરેએ સોમવારે જણાવ્યું હતું.

અપાત્ર મહિલા લાભાર્થીઓની માહિતી ચકાસણી માટે જિલ્લા અધિકારીઓને સુપરત કરવામાં આવી છે. ચકાસણી પૂર્ણ થતાં યોગ્ય કાર્યવાહી શરૂ કરવામાં આવશે એમ જણાવી મહિલા અને બાળ વિકાસ પ્રધાને ઉમેર્યું હતું કે પાત્ર લાભાર્થીઓને મળનારા લાભ અવિરત ચાલુ રહેશે.

તટકરેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે માહિતી અને ટેકનોલોજી વિભાગે મુખ્ય પ્રધાન માઝી લડકી બહિણ યોજના હેઠળ લાભ મેળવનારા આશરે ૨૬ લાખ લાભાર્થીઓ વિશે પ્રાથમિક માહિતી પૂરી પાડી હતી જે યોજનાના માપદંડ મુજબ પાત્ર જણાતા નથી. આ લાભાર્થીઓ રાજ્યના તમામ જિલ્લાઓમાંથી છે.

ચકાસણી પૂર્ણ થયા બાદ જે લાભાર્થીઓ (જુઓ પાનું ૪) ▶▶

ફડણવીસ અને શિંદે વચ્ચે અણબનાવનો અણસાર

મહારાષ્ટ્રના રાજકારણમાં હાલ રોજ નવાં નવાં સમીકરણો અંગે ચર્ચાઓ થઈ રહી છે. આ દરમ્યાન મહારાષ્ટ્રના રાજકારણમાં દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે વચ્ચે બધુ બરાબર ન હોવાની ચર્ચા છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે સ્ટેજ શેર કરવાનું ટાળી રહ્યા હોય તેવું લાગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શિંદે તાજેતરમાં ઘણા સરકારી કાર્યક્રમો અને કેબિનેટ બેઠકોમાં ગેરહાજર રહ્યા હતા.

પક્ષ અને વહીવટીતંત્રને અલગ સંદેશ જઈ રહ્યો છે

શિવસેના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારી કરી રહી છે ત્યારે રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે શિંદેનું આ વલણ શિવસેના અને વહીવટીતંત્રને અલગ સંદેશ આપી રહ્યું છે. ■

શિંદે ડબલ બ્રિજના ઉદ્ઘાટનમાં ન પહોંચ્યા

ફડણવીસ અને શિંદે પુણેમાં ડબલ બ્રિજનું ઉદ્ઘાટન કરવાના હતા, પરંતુ શિંદે પહોંચ્યા નહોતા. તે બંને છત્રપતિ સંભાજીનગરમાં મરાઠવાડા માટે પીવાના પાણીના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવાના હતા. શિંદે ત્યાં પણ ગેરહાજર હતા. ■

શિંદે સતત બે બેઠકમાં ગેરહાજર રહ્યા હતા

રાજ્ય વહીવટીતંત્ર માટે પ્રધાનમંડળની બેઠકો ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે, પરંતુ શિંદે સતત બે બેઠકમાં ગેરહાજર રહ્યા હોવાનું જાણવા મળે છે. ગયા અઠવાડિયે, મુખ્ય પ્રધાને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠક બોલાવી હતી, પરંતુ શિંદે આવ્યા નહોતા. શિંદેના કાર્યાલયે આ અંગે હજુ સુધી કોઈ કારણ આપ્યું નથી.

સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે શિંદેના કાર્યાલયે હજુ સુધી કોઈ કારણ આપ્યું નથી કે તેઓ એવા કાર્યક્રમો કેમ છોડી રહ્યા છે જેમાં ફડણવીસની હાજરી સુનિશ્ચિત હતી. ■

રક્ષાબંધન કાર્યક્રમમાં પણ ન જોવા મળ્યા

તાજેતરમાં મુંબઈમાં શિવસેનાનો રક્ષાબંધન કાર્યક્રમ હતો. શિંદે ત્યાં પણ ન પહોંચ્યા આનાથી શિવસેનાના નેતાઓ અને કાર્યકરો નિરાશ થયા હતા કારણ કે તે પાર્ટીનો એક મોટો કાર્યક્રમ હતો. ■

લાડકી બહિણ યોજના પર શ્વેતપત્રની માગણી

પુણે: એનસીપી (એસપી)નાં નેતા સુપ્રિયા સુળેએ સોમવારે મહારાષ્ટ્ર સરકારની લાડકી બહિણ યોજનામાં ૪ હજાર ૮૦૦ કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ કરી શ્વેતપત્ર અને મહિલાઓને આર્થિક સહાય આપતી આ યોજનાની તપાસની માંગ કરી હતી. પુણેમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સુળેએ દાવો કર્યો હતો કે મોટા ભાગના લાભાર્થીઓને આ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આ યોજના હેઠળ વાર્ષિક પારિવારિક આવક અઢી લાખ રૂપિયાથી વધુ નાતી એવી ૨૧-૬૫ વર્ષની વય જૂથની (જુઓ પાનું ૪) ▶▶

યોગી પર બનેલી ફિલ્મને બોમ્બે હાઈ કોર્ટ તરફથી લીલી ઝંડી

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ પર બનેલી ફિલ્મને બોમ્બે હાઈકોર્ટ તરફથી લીલી ઝંડી મળી ગઈ છે. આ ફિલ્મ હવે ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થઈ શકે છે. આ ફિલ્મનું નામ 'અજય: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી' છે. તેની રિલીઝ અંગે બોમ્બે હાઈ કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે પહેલા તે ફિલ્મ જોશે, પછી તેના અંગે આદેશ જારી કરવામાં આવશે. જેના પછી હવે ફિલ્મ નિર્માતાઓને રાહત મળી છે.

નિર્માતાઓએ સેન્સર બોર્ડ પર ફિલ્મની રિલીઝમાં વિલંબનો આરોપ લગાવ્યો હતો. હાઈ કોર્ટે આ મામલાની સુનાવણી કરી અને હવે તેમને મોટી રાહત આપી છે. કોર્ટે નિર્માતાઓની અરજી સ્વીકારી લીધી અને હવે ફિલ્મ (જુઓ પાનું ૪) ▶▶

રાહુલ ગાંધી એક નંબરના જુઠ્ઠાડા છે

'વોટ ચોરી'ના આરોપો અંગે ફડણવીસની પ્રતિક્રિયા

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કૉંગ્રેસના સંસદ સભ્ય રાહુલ ગાંધીને એક નંબરના જુઠ્ઠાડા ગણાવી ભાજપ સામે મત ચોરીના આરોપો નકારી કાઢ્યા હતા. મુંબઈમાં ફડણવીસે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'વિપક્ષી નેતાઓના આ જુઠ્ઠાણા ફક્ત પોતાના મનને મનાવવા માટે જ હોય છે. મેં અગાઉ પણ કહ્યું છે કે રાહુલ ગાંધી વારંવાર જુઠ્ઠું બોલે છે. સતત જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે. રાહુલ ગાંધી સાચું બોલી રહ્યા છે એવું મહારાષ્ટ્રના કેટલાક નેતાઓ પણ અચાનક માનવા લાગ્યા છે એ જોઈને મને દુ:ખ થાય છે.'

ભાજપ દ્વારા મત ચોરી કરવામાં આવી હોવાના રાહુલ ગાંધીના આક્ષેપોનો જવાબ આપતા સીએમ ફડણવીસે કહ્યું હતું કે ખોટી માહિતીનો ક્યારેય કોઈ આધાર નથી હોતો. જૂઠ્ઠાણાં પર બાંધેલો એક કિલ્લો તૂટી પડે છે. લોકોના મત મેળવવા લોકો પાસે જઈ તેમનો વિશ્વાસ (જુઓ પાનું ૪) ▶▶

મહારાષ્ટ્રમાં ફરી મરાઠા આંદોલન પેટશે? આજનું અલ્ટિમેટમ: આંદોલનની જરાંગેની ચિમકી

છત્રપતિ સંભાજી નગર: મરાઠા આરક્ષણ માટે લડી રહેલા કાર્યકર્તા મનોજ જરાંગેએ સોમવારે કહ્યું હતું કે સરકારે મંગળવાર સુધીમાં મરાઠા સમુદાયને કાનૂની માળખાની અંદર અનામતની જાહેરાત કરવી જોઈએ. જો એમ નહીં કરવામાં આવે તો પોતે આંદોલન શરૂ કરવા માટે મુંબઇ તરફ રવાના થશે. તેમણે કહ્યું હતું કે જો મંગળવાર સુધીમાં આ માગ પૂરી થશે તો પોતે અચોક્કસ મુદતની ભૂખ હડતાલ માટે મુંબઈ નહીં જાય. આંદોલન શાંતિપૂર્ણ હશે એવો દાવો તેમણે કર્યો હતો.

અન્ય પછાત વર્ગ (ઓબીસી) શ્રેણી હેઠળ શિક્ષણ અને સરકારી નોકરીઓમાં મરાઠા સમુદાયને અનામત આપવાની માગ સાથે જરાંગેએ ૨૯ ઓગસ્ટથી મુંબઈના આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શનનું આહ્‌વાન કર્યું છે.

જરાંગે આ ઝુંબેશનું નેતૃત્વ કરી માગણી કરી રહ્યા છે કે તમામ મરાઠાઓને કુણબી તરીકે માન્યતા આપવામાં આવે - ઓબીસી વર્ગમાં (જુઓ પાનું ૪) ▶▶

બનાવટી જીઆરની મદદથી બિઝનેસમૅન સાથે છ કરોડની છેતરપિંડી કરવા પ્રકરણે બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બનાવટી સરકારી આદેશ (જીઆર)ની મદદથી બિઝનેસમૅન સાથે કથિત છેતરપિંડી કરવાના કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

રાજ્યની સરકારી હૉસ્પિટલોમાં ૧૮,૦૦૦ આઈસીયુ બેડનો કોન્ટ્રાક્ટ અપાવવાને બહાને આરોપીઓએ છ કરોડ રૂપિયા પડાવ્યા હતા.

બાન્દ્રા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રમેશ બનસોડે અને બાલાજી ઉર્ફે બાલુ ગણપતિ પવાર તરીકે થઈ હતી. (જુઓ પાનું ૪) ▶▶

બીએમસી ચૂંટણી પહેલાં ભાજપમાં નેતૃત્વ બદલ: અમિત સાટમ નવા અધ્યક્ષ

મુંબઈ: ત્રણ વખત ધારાસભ્ય રહેલા અમિત સાટમને મુંબઈ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એકમના નવા પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

આ વર્ષના અંતમાં યોજાનારી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા આ ઘટનાક્રમ સામે આવ્યો છે.

ફડણવીસે આશા વ્યક્ત કરી કે સાટમના નેતૃત્વમાં ભાજપ બીએમસીમાં ફરીથી સત્તા મેળવશે. ૪૯ વર્ષીય સાટમ સતત ત્રણ ટર્મથી મુંબઈના અંધેરી પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે ગયા વર્ષે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન, પાર્ટીએ નોંધપાત્ર જીત નોંધાવી હતી અને શહેર એકમના વડા આશિષ શેલારના નેતૃત્વમાં મુંબઈમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું હતું.

શેલારે પ્રધાનમંડળમાં પ્રધાનપદની જવાબદારી સંભાળી હોવાથી, મુંબઈ એકમ માટે નવા પ્રમુખની નિમણૂક કરવી જરૂરી હતી. (મહારાષ્ટ્ર ભાજપ) પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ અને વરિષ્ઠ નેતાઓના નેતૃત્વમાં રાજ્ય સ્તરે ચર્ચાઓ બાદ, અમિત સાટમની આ પદ માટે પસંદગી કરવામાં આવી છે.

સાટમ લાંબા સમયથી ભાજપમાં છે અને વર્ષોથી તેમણે અનેક મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. સાટમ મુંબઈના મુખ્ય મુદ્દાઓથી પરિચિત છે અને તેમને ઉકેલવા માટે જરૂરી કુશળતા તેમણે દર્શાવી છે. મને વિશ્વાસ છે કે તેમના નેતૃત્વમાં, ભાજપ આગામી નાગરિક ચૂંટણીઓમાં તેની જીતની ગતિ જાળવી રાખશે, અને અમે બીએમસીમાં ફરીથી સત્તા મેળવીશું, ફડણવીસે ઉમેર્યું હતું. ■

મહાયુતિ સરકાર કૃષિ લોન માફીના વચનથી પાછી ફરી નથી: અજિત પવાર

પુણે: મહાયુતિ સરકાર ખેડૂતો માટે લોન માફીના પોતાના વચનથી પાછળ હટી નથી અને આ પગલાનો યોગ્ય સમયે અમલ કરવામાં આવશે, એવી ખાતરી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે આપી હતી.

વિપક્ષ કૉંગ્રેસ શાસક ગઠબંધન પર નિશાન સાધી રહી છે, અને તેના પર કૃષિ લોન માફી ટાળવાનો અને રાજ્યના ખેડૂતોની દુર્દશા પ્રત્યે ચિંતા ન દર્શાવવાનો આરોપ લગાવી રહી છે.

આ બાબતે પવારે કહ્યું કે, ''અમે કૃષિ લોન માફીના અમારા વચનથી હટી ગયા નથી. મહાયુતિના ઘોષણાપત્રમાં અમે જે ખાતરી આપી હતી તેના માટે અમે પ્રતિબદ્ધ છીએ. એક સમિતિની રચના કરવામાં આવી છે, કારણ કે આવા નિર્ણયો માટે નાણાકીય પાસાઓનો કાળજીપૂર્વક વિચાર કરવો જરૂરી છે.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની સાથે મજબૂતીથી ઊભી છે. ''અમે ક્યારેય કહ્યું નથી કે અમે માફી નહીં આપીએ. યોગ્ય સમયે, સમિતિ વિગતો રજૂ કરશે,'' તેમણે કહ્યું.

પવાર દ્વારા ખેડૂતો માટે સરકારના ચાલી રહેલા પગલાં પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો સાથે મળીને ખેડૂત દીઠ વાર્ષિક રૂ. ૧૨,૫૦૦ આપે છે, અને તેમના વીજળીના બિલને પહોંચી વળવા માટે પાવર યુટિલિટીને રૂ. ૨૦,૦૦૦ કરોડ ચૂકવવામાં આવ્યા છે.

''આ ઉપરાંત, અમે મુખ્યમંત્રી લાડકી બહિણ યોજના હેઠળ મહિલાઓને ૧,૫૦૦ રૂપિયા અને ખેડૂતોને વ્યાજમુક્ત લોન પણ આપીએ છીએ જેથી તેમને ખાનગી શાહુકારો તરફ વળવું ન પડે,'' તેમણે કહ્યું. આ મહિનાની શરૂઆતમાં, મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ જણાવ્યું હતું કે સરકાર સંપૂર્ણ માફીને બદલે, એવા ગરીબ ખેડૂતોને રાહત આપવા માટે કામ કરી રહી છે જેમનાં ખેતરોમાં કંઈ ઊપજતું નથી, જેમણે લોન લીધી છે અને આત્મહત્યા કરવાના આરે છે. ■

રાજ્યલક્ષી તમામ સર્વિસ નાગરિકોને ટૂંક સમયમાં વોટ્સએપ પર મળશે: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે અધિકારીઓને હાલના 'આપલે સરકાર' પોર્ટલ ઉપરાંત નાગરિકો માટેની તમામ સરકારી સર્વિસ વોટ્સએપ પર ઉપલબ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે.

સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' ખાતે નાગરિક સેવાઓની સમીક્ષા કરતા ફડણવીસે જણાવ્યું હતું કે દરેક તાલુકાએ શરૂઆતમાં ૧૦થી ૧૨ ગામનું એક જૂથ બનાવવું જોઈએ જ્યાં સ્થાનિક જરૂરિયાતો અનુસાર સર્વિસ પૂરી પાડી શકાય. ઉપરાંત ચોક્કસ ટીમ એ સુવિધા સમયસર ઉપલબ્ધ થાય એનું સંચાલન કરવું જોઈએ.

અરજી પ્રક્રિયાઓમાં જરૂરી દસ્તાવેજોની સંખ્યા ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂકી ઉમેર્યું હતું કે થર્ડ પાર્ટી એજન્સીઓએ સ્વતંત્ર રીતે સર્વિસની ગુણવત્તાનું ઓડિટ કરવું જોઈએ એમ મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ) દ્વારા બહાર પાડવામાં આવેલી એક રજૂઆતમાં જણાવ્યું છે.

મુખ્ય સચિવ રાજેશ કુમારે સર્વિસ ડિલિવરી ફ્રેમવર્કની અંદર અપીલને સક્ષમ બનાવવા અને ઇમેઇલ, પોર્ટલ અને વોટ્સએપ સહિતના સર્ટિફિકેટ ડિલિવરી માટે મલ્ટિ-મોડલ સિસ્ટમ અપનાવવાનું સૂચન કર્યું હતું.

આપલે સરકાર પોર્ટલ દ્વારા ૧,૦૦૧ સર્વિસ ઉપલબ્ધ થવાની છે, જેમાંથી ૯૯૭ સર્વિસ હાલ મળી રહી છે. સીએમઓના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, છેલ્લા ૧૫ દિવસમાં ૨૩૬ નવી સર્વિસ ઉમેરવામાં આવી છે. (પીટીઆઈ)■

કાંદિવલીમાં બે માળનું બાંધકામ ધરાશાયી: કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાંદિવલી (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન નજીક ગ્રાઉન્ડ પ્લસ બે માળનું મકાન સવારના સમયે તૂટી પડ્યું હતું. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જોખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલના જણાવ્યા મુજબ કાંદિવલી (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન નજીક એસ.વી. રોડ પર ગ્રાઉન્ડ પ્લસ બે માળનું કાંતી ટેરેસ નામનું બાંધકામ આવેલું છે. બે માળના આ બાંધકામને પાલિકાએ સી-વન જોખમી શ્રેણીમાં એટલે કે અત્યંત જોખમી જાહેર કર્યું હતું, જે સોમવારે સવારના આખું તૂટી પડ્યું હતું. સદ્‌નસીબે આ મકાન ખાલી કરી દેવામાં આવ્યું હોવાથી તેમાં કોઈ જખમી થયું નહોતું.

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ પાલિકાએ બહુ પહેલા જ આ બાંધકામને જોખમી જાહેર કર્યું હતું, તેથી તેને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું અને ખાનગી ડેવલપર દ્વારા તેને નવેસરથી બાંધવામાં આવવાનું હતું. તે માટે તેને તોડવાનું કામ પણ ડેવલપર કરાવી રહ્યો હતો. જોકે સવારના અચાનક ૧૦.૪૫ વાગ્યાની આસપાસ બાંધકામ તૂટી પડ્યું હતું અને આજુબાજુમાં ભાગદોડ મચી ગઈ હતી. આ મકાનમાં સ્થાનિક વિધાનસભ્યની ઓફિસ હોવાનું માનવામાં આવે છે.

આ અગાઉ રવિવારે સાંજે થાણેના લોકમાન્ય નગર વિસ્તારમાં ૨૦થી ૨૫ વર્ષ જૂની બિલ્ડિંગના પહેલા માળા પર આવેલા ફ્લેટની ગેલેરીનો હિસ્સો તૂટી પડયો હતો. તકેદારીના પગલારૂપે ફાયરબ્રિગેડ, પાલિકા સહિત થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા આ મકાનના પહેલા માળાને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. અહીં બે પરિવારના નવ સભ્યો રહેતા હતા. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. ■

કોચિંગ સેન્ટરમાં સગીર વિદ્યાર્થિનીનો વિનયભંગ: શિક્ષકની ધરપકડ

પાલઘર: પાલઘર જિલ્લામાં ખાનગી કોચિંગ સેન્ટરમાં ૧૬ વર્ષની વિદ્યાર્થિનીનો વિનયભંગ કરવાના આરોપસર શિક્ષકની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદ અનુસાર નાલાસોપારા વિસ્તારના કોચિંગ સેન્ટરમાં રસાયણશાસ્ત્ર શીખવતા ૪૨ વર્ષના આરોપીએ શનિવારે બપોરે વિદ્યાર્થિનીને એક્સ્ટ્રા ક્લાસ માટે બોલાવી હતી અને તેને કોચિંગ સેન્ટરમાંની ઓફિસમાં લઇ ગયો હતો, જ્યાં તેનો વિનયભંગ કરાયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

શિક્ષકે બીજે દિવસે ક્લાસ દરમિયાન વિદ્યાર્થિનીનો ફોટો લેવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેણે ના પાડી દીધી હતી.

નાલાસોપારા પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે વિદ્યાર્થિનીએ આની જાણ પરિવારજનોને કરી હતી. આથી તેઓ કોચિંગ સેન્ટરમાં આવ્યા હતા અને આરોપીને પકડીને તેને પોલીસને હવાલે કર્યો હતો. વિદ્યાર્થિનીએ આરોપ કર્યો હતો કે આરોપીએ અગાઉ પણ તેની સાથે છૂટછાટ લેવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)■

મુંબ્રામાં ૨.૩૮ કરોડનું ડ્રગ્સ પકડાયું: બોરીવલીના યુવકની ધરપકડ

થાણે: થાણે જિલ્લાના મુંબ્રા વિસ્તારમાં પોલીસે ૨.૩૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને ૨૧ વર્ષના યુવકની ધરપકડ કરી હતી, જે બોરીવલીનો રહેવાસી છે.

એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે રવિવારે વહેલી સવારે મુંબ્રામાં ટોલ નાકા નજીક છટકું ગોઠવીને યુવકને તાબામાં લીધો હતો.

યુવકની ઓળખ સુમિત કુમાવત તરીકે થઇ હોઇ તે બોરીવલી વિસ્તારમાં રહે છે. સુમિતની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી ૨.૩ કરોડ રૂપિયાની કિંમતનો ૨.૩ કિલો હાઇબ્રિડ ગાંજો તેમ જ ૧.૪૭ લાખની ૧૯ એક્સટ્સી ટેબ્લેટ્સ મળી આવી હતી.

દરમિયાન સુમિત વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરાઇ હતી. સુમિતે આ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે મુંબ્રામાં આવ્યો હતો, તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ)■

અકસ્માતમાં જખમી માળીને ૧૮.૬ લાખ રૂપિયાનું વળતર આપવાનો ટ્રિબ્યૂનલનો આદેશ

થાણે: મુંબઈ-ગોવા હાઈવે પર ૨૦૨૧માં માર્ગઅકસ્માતમાં ઘવાયેલા ૬૧ વર્ષના માળીને ૧૮.૬ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આપ્યો હતો.

માળીકામ હાથેથી જ થાય છે અને હાથમાં ગંભીર ઇજાને કારણે માળી તેનું કામ કરી શકે એમ નથી. તેના હાથમાં ૧૦૦ ટકા વિકલાંગતા આવી હોવાનું ટ્રિબ્યુનલે નોંધ્યું હતું. ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ અકસ્માત માટે ટૅન્કરના ડ્રાઈવરને સંપૂર્ણપણે જવાબદાર ઠેરવ્યો હતો.

ઘટના ૧૪ એપ્રિલ, ૨૦૨૧ના રોજ મુંબઈ-ગોવા હાઈવે પર પનવેલ નજીક બની હતી. તે સમયે ૫૭ વર્ષનો દિલીપ દત્તુ પરબળકર જમાઈ સાથે બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે પૂરપાટ વેગે આવેલા ટૅન્કરે બાઈકને ટક્કર મારી હતી. બાઈક પર પાછળ બેસેલો પરબળકર જમીન પર પટકાવાને કારણે ગંભીર રીતે ઘવાયો હતો. તેના ડાબા હાથમાં કાયમી આંશિક વિકલાંગતા આવી હતી. ગૅસ ટ્રાન્સપોર્ટેશન કંપનીના માલિક અને ડ્રાઈવરે એવી દલીલ કરી હતી કે બાઈક ચલાવનારની ભૂલ હતી. જોકે ટ્રિબ્યુનલને તેમનો દાવો અવિશ્વસનીય જણાયો હતો.

ટ્રિબ્યુનલે એ પણ નોંધ્યું હતું કે ટૅન્કરના ડ્રાઈવર જોખમી સામાનનું પરિવહન કરવા માટે યોગ્ય લાઈસન્સ ધરાવતો નહોતો. (પીટીઆઈ)■

ઉદ્ધવ અને રાજ ઠાકરેનું રાજકારણ ખતમ થઈ ગયું છે: નારાયણ રાણે

મુંબઈ: ભારતીય જનતા પક્ષના સંસદ સભ્ય નારાયણ રાણેએ સોમવારે કહ્યું હતું કે ઉદ્ધવ અને રાજ ઠાકરેનું રાજકારણ ખતમ થઈ ગયું છે અને જો તેઓ ફરી ભેગા થશે એનાથી કોઈ ફેર નહીં પડે. વિપક્ષી નેતા રાહુલ ગાંધીના મત ચોરી આરોપોથી ચૂંટણીના પરિણામ પર કોઈ અસર નહીં થાય એમ જણાવી રાણેએ ઉમેર્યું હતું કે 'મને એ વાતમાં રસ નથી કે ઉદ્ધવ અને રાજ ઠાકરે સાથે આવી રહ્યા છે કે નહીં.

ગણેશ ઉત્સવ દરમિયાન ઉદ્ધવ રાજના ઘરે જશે તેવી અટકળો પર ટિપ્પણી કરતા પૂર્વ કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે 'જો કોઈ વ્યક્તિ બીજાના નિવાસસ્થાનની મુલાકાત લે તો તેનાથી શું ફરક પડે છે? એ સાવ નજીવી બાબત છે.'

ઉદ્ધવ અને રાજ, અનુક્રમે શિવસેના (યુબીટી) અને મનસેના અધ્યક્ષ આગામી પાલિકા ચૂંટણી માટે જોડાણ કરે એવી અટકળો મહારાષ્ટ્રમાં રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. ઔપચારિક જાહેરાતની રાહ જોવાઇ રહી છે. (પીટીઆઈ)■

સૌરવ ગાંગુલી બની ગયો હેડ-કોચઃ અચાનક આ મોટી જવાબદારી સ્વીકારી લીધી!

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટના દિગ્ગજ, ભૂતપૂર્વ સુકાની અને ક્રિકેટ બોર્ડના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીને ભવિષ્યમાં ભારતીય ટીમના હેડ-કોચ બનવાની ઇચ્છા છે એ વાત આપણે થોડા દિવસ પહેલાં તેના જ મોઢે સાંભળી હતી, પરંતુ એ જવાબદારી અદા કરવાનો સમય આવે એ પહેલાં તેણે એક ટીમના હેડ-કોચ તરીકેનો હોદ્દો સ્વીકારી જ લીધો છે. તે પહેલી વાર આ ભૂમિકામાં જોવા મળશે.

વાત એવી છે કે ગાંગુલી એક જાણીતી ક્રિકેટ લીગમાં આ નવી ઇનિંગ્સ શરૂ કરી રહ્યો છે. તેને સાઉથ આફ્રિકાની એસએ૨૦ નામની લીગ ટૂર્નામેન્ટમાં પ્રિટોરિયા કૅપિટલ્સ ટીમનો હેડ-કોચ નિયુક્ત કરવામાં આવ્યો છે. પ્રોફેશનલ ક્રિકેટ ટીમ સાથે ફુલ ટાઇમ કોચિંગનો તેનો આ પહેલો જ અનુભવ છે.

પ્રિટોરિયા કૅપિટલ્સે સોશ્યલ મીડિયા પર શૅર કરેલી એક પોસ્ટમાં ગાંગુલીની નિયુક્તિની જાહેરાત કરી હતી. આ ફ્રૅન્ચાઇઝીએ મીડિયામાં ‘ કોલકાતાના પ્રિન્સ’ની નવી શરૂઆત તરીકે બતાવતા જણાવ્યું, ‘ અમે સૌરવ ગાંગુલીને અમારી ટીમના નવા હેડ-કોચ ઘોષિત કરવામાં બેહદ ખુશી અનુભવીએ છીએ.’

ઇંગ્લૅન્ડનો ભૂતપૂર્વ બૅટ્સમૅન જોનથન ટ્રૉટ પ્રિટોરિયા કૅપિટલ્સના હેડ-કોચના હોદ્દા પરથી હટ્યો એના બીજા જ દિવસે ગાંગુલીને આ નવી જવાબદારી સોંપાઈ છે.

એસએ૨૦ ટૂર્નામેન્ટની નવી સીઝન આગામી ૨૬મી ડિસેમ્બરે શરૂ થશે. પ્રિટોરિયાની ટીમ પ્રથમ સીઝનમાં ફાઇનલમાં પહોંચી હતી, પરંતુ આ વર્ષની શરૂઆતની બીજી સીઝનમાં આ ટીમે ખરાબ પર્ફોર્મ કર્યું હતું. ■

બુમરાહ-અર્શદીપ નહીં, પણ આ ભારતીય બોલર સામે પાકિસ્તાનીઓ બની જાય છે મ્યાંઉ

નવી દિલ્હીઃ જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહ ભલે પાવરપ્લે તથા ડેથ ઓવર્સમાં ખતરનાક છે, પરંતુ પાકિસ્તાની બૅટ્સમેનોની સૌથી મોટી મુશ્કેલી છે હાર્દિક પંડ્યા. એમાં પણ નવમી સપ્ટેમ્બરે યુએઇમાં શરૂ થનારા ટી-૨૦ના એશિયા કપમાં બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાન નથી રમવાના એટલે પાકિસ્તાની ટીમનું ફિંડલું વળી જતાં વાર નહીં લાગે.

હાર્દિક પંડ્યા જ્યારે સામે આવે ત્યારે પાકિસ્તાનની ખબર અચૂક લેવાઈ જાય છે. એ જોતાં માત્ર આ બે દેશના જ નહીં, સમગ્ર ક્રિકેટ જગતની નજર ૧૪મી સપ્ટેમ્બર પર રહેશે. એ રવિવારે દુબઈમાં સાંજે ૭.૩૦ વાગ્યે હાઈ-વૉલ્ટેજ ટક્કર શરૂ થશે અને પાકિસ્તાની બૅટ્સમેનો હાર્દિકના આતંકથી કેવી રીતે બચવું એની સતત તલાશમાં રહેશે.

હાર્દિક અત્યાર સુધીમાં ટી-૨૦ના એશિયા કપમાં કુલ આઠ મૅચ રમ્યો છે જેમાં તેણે ૧૧ વિકેટ લીધી છે. આઠ રનમાં ત્રણ વિકેટ તેનો બેસ્ટ બોલિંગ પર્ફોર્મન્સ રહ્યો છે. હાર્દિક એશિયા કપમાં અફઘાનિસ્તાનના રાશીદ ખાનની બરાબરીમાં છે, પરંતુ એશિયા કપ ટી-૨૦માં સૌથી વધુ વિકેટ ભુવનેશ્વર કુમારના નામે છે અને હાર્દિક તેનાથી માત્ર બે ડગલાં દૂર છે.

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચોમાં પાકિસ્તાન સામે રમી ચૂકેલા ભારતીય બોલર્સમાં હાર્દિકનો પર્ફોર્મન્સ સૌથી ઉપર છે. તેમની સામે હાર્દિક વૅરિએશન્સને લીધે મિડલ ઓવરનો માસ્ટર બોલર ગણાય છે. તેણે પાકિસ્તાન સામે ફક્ત સાત ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચમાં ૧૩ વિકેટ લીધી છે અને એમાં આઠ રનમાં ત્રણ વિકેટ તેનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. પાકિસ્તાન સામે ટી-૨૦માં હાર્દિક પછી બીજા નંબરે ભુવનેશ્વર કુમાર (૧૧ વિકેટ), અર્શદીપ સિંહ (સાત વિકેટ), ઇરફાન પઠાણ (છ વિકેટ) તથા બુમરાહ (પાંચ વિકેટ) છે. પાકિસ્તાન સામે હાર્દિકનો બોલિંગનો સ્ટ્રાઇક-રેટ દર ૯.૯ બૉલ પર એક વિકેટનો છે. હાર્દિકની તેમની સામે પ્રતિ વિકેટ ૧૨ રનની બોલિંગ-ઍવરેજ છે જે ખૂબ જ સારી કહેવાય. પાકિસ્તાન સામે હાર્દિક મોટા ભાગે વિકેટો લેતો જ હોય છે અને તેમના બૅટને અંકુશમાં પણ રાખતો હોય છે. એટલું જ નહીં, બૅટિંગમાં પણ હાર્દિક તેમને બાવડાંનું બળ બતાવી દે છે. ■

કર્ણાટકના બેંગલુરૂમાં ૨૫ ઓગસ્ટ ૨૦૨૫, સોમવારના રોજ સીએએફએ નેશન્સ કપમાં ભાગ લેનારી ૨૩ સભ્યોની ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી હતી. દરમિયાન ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના વડા કલ્યાણ ચૌબે અને ભારતની પુરુષ ફૂટબોલ ટીમના મુખ્ય કોચ ખાલિદે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. (એજન્સી)

રેસલર નેહા સાંગવાન વર્લ્ડ ચેમ્પિયનશિપમાંથી બહાર, બે વર્ષ માટે કરાઈ સસ્પેન્ડ

નવી દિલ્હી : તાજેતરમાં યોજાયેલી અંડર-૨૦ વર્લ્ડ ચેમ્પિયનશિપમાંથી વધુ વજન હોવાને કારણે ગેરલાયક ઠેરવવામાં આવેલી રેસલર નેહા સાંગવાનને સોમવારે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યૂએફઆઇ) દ્વારા બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવી હતી અને ‘‘સતત વેઈટ મેનેજમેન્ટ સંબંધિત સમસ્યાઓ’’ના કારણે તેને સિનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ ટીમમાંથી પણ બહાર કરવામાં આવી હતી.

હરિયાણાના ચરખી દાદરીની રહેનારી નેહા ગયા અઠવાડિયે બુલ્ગેરિયાના સમોકોવમાં મહિલાઓની ૫૯ કિગ્રા કેટેગરીમાં ભાગ લેવાની હતી પરંતુ તેનું વજન નિર્ધારિત મર્યાદાથી લગભગ ૬૦૦ ગ્રામ વધારે હતું. આયોજકોએ તેને ગેરલાયક ઠેરવી હતી અને ભારત તે વજન કેટેગરીમાં પ્રતિનિધિત્વ કરી શક્યું ન હતું. ભારતની મહિલા ટીમે સાત મેડલ જીત્યા અને જાપાન સામે રનર્સઅપ રહી હતી. નેહા મેડલ માટે મજબૂત દાવેદાર હતી અને ગોલ્ડ મેડલ જીતીને ભારતને ટીમ ચેમ્પિયનશિપ જીતવામાં મદદ કરી શકી હોત. ભારત ૧૪૦ પોઈન્ટ સાથે બીજા સ્થાને રહ્યું જ્યારે જાપાન ૧૬૫ પોઈન્ટ સાથે ટોચ પર રહ્યું હતું. ડબલ્યૂએફઆઇએ નેહાના સ્થાને સારિકા મલિકનો ટીમમાં સમાવેશ કર્યો છે, જેણે વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ૫૯ કિગ્રા કેટેગરીના ટ્રાયલમાં બીજા ક્રમે રહી હતી. વર્લ્ડ ચેમ્પિયનશિપ ૧૩ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન ક્રોએશિયાના ઝાગ્રેબમાં યોજાશે.

ડબલ્યૂએફઆઇના એક અધિકારીએ કહ્યું હતું કે, ‘‘આ સ્વીકાર્ય નથી. વેઈટ મેનેજમેન્ટ એ એવી વસ્તુ છે જે એક કુસ્તીબાજે ધ્યાન રાખવું પડે છે. અમે બુલ્ગેરિયામાં તે વજન કેટેગરીમાં મેડલ જીતવાથી ચૂકી ગયા. અમારી પણ જવાબદારી છે કારણ કે સરકાર ટૂર્નામેન્ટનો ખર્ચ ઉઠાવે છે અને એક કુસ્તીબાજ પર લગભગ બેથી ત્રણ લાખ રૂપિયા ખર્ચ થાય છે. જો તમે વજન મર્યાદિત ન કરી શકો તો અમે આગામી શ્રેષ્ઠ કુસ્તીબાજને તક આપીશું.’’

નેહા એક સારી કુસ્તીબાજ તરીકે ઊભરી રહી છે અને જુનિયરથી સિનિયર કેટેગરીમાં તેનો દેખાવ પણ ખૂબ જ પ્રોત્સાહક રહ્યું છે. તેણીએ ૨૦૨૪ અંડર-૨૦ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો અને આ વર્ષે ૫૭ કિગ્રા વજન કેટેગરીમાં સિનિયર સ્તરે ત્રણ મેડલ જીતી ચૂકી છે. મે મહિનામાં નેહાએ ૫૭ કિગ્રા વર્ગમાં યુડબલ્યૂડબલ્યૂ રેન્કિંગ સિરીઝ મંગોલિયા ઓપન જીતી હતી અને જૂનમાં યાસર દાગુમાં પણ ટોચનું સ્થાન મેળવ્યું હતું. ગયા મહિને તેણીએ બુડાપેસ્ટમાં રેન્કિંગ સિરીઝ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

અધિકારીએ કહ્યું હતું કે, ‘‘રેન્કિંગ સીરિઝ ઇવેન્ટ્સમાં યુડબલ્યૂડબલ્યૂ નિયમો અનુસાર, બધા કુસ્તીબાજોને બે કિલો વજનની છૂટ મળે છે, તેથી તેણીને તે સ્પર્ધાઓમાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો ન હતો પરંતુ તેણીને વજન મર્યાદા જાળવવામાં સતત સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.’’

તેમણે કહ્યું, ‘‘ગયા વર્ષે સ્પેનમાં અંડર-૨૦ વર્લ્ડ ચેમ્પિયનશિપ દરમિયાન પણ તેણીને નિર્ધારિત વજનમાં રહેવા માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. આ સ્તરે એક કુસ્તીબાજ જાણે છે કે તેની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે, તેથી વજનને કાબૂમાં રાખવું કુસ્તીબાજની જવાબદારી છે. જો તમે આ કરી શકતા નથી, તો તમે રમી શકતા નથી.’’ જ્યારે પૂછવામાં આવ્યું કે શું આ સજા નેહા જેવી આશાસ્પદ કુસ્તીબાજ માટે કઠોર નથી ત્યારે ડબલ્યૂએફઆઇએ કહ્યું હતું કે, ‘‘અમે ખુશી માટે આ સજા આપી રહ્યા નથી. તે ચોક્કસપણે એક સારી કુસ્તીબાજ છે પરંતુ જો તમે સ્પર્ધા ન કરો તો આટલી મહેનતનો શું અર્થ છે.’’ ■

ટેસ્ટ ક્રિકેટ પડકારજનક, તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરીઃ રોહિત શર્મા

મુંબઈ : ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ પોતાની ટેસ્ટ કારકિર્દીના કેટલાક પાસાઓ પર ચિંતન કરતા સોમવારે કહ્યું હતું કે આ ફોર્મેટ પડકારજનક અને થકવી નાખે તેવું છે, પરંતુ તેણે પોતાની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરીને ટેસ્ટ ક્રિકેટ રમવા માટે પોતાને તૈયાર કર્યો હતો. રોહિતે આ વર્ષે મે મહિનામાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ૩૮ વર્ષીય બેટ્સમેને ૬૭ ટેસ્ટ મેચોમાં ૪૦.૫૮ ની સરેરાશથી ૪૩૦૧ રન કર્યા હતા. એક વર્ષ પહેલા ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ તેણે ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી હતી.

રોહિતે અહીં એક પેનલ ચર્ચા દરમિયાન કહ્યું હતું કે, ‘‘આ એવી વસ્તુ છે જેના માટે તમારે તૈયારી કરવી પડશે, કારણ કે આ રમતમાં તમારે લાંબા સમય સુધી મેદાન પર રહેવું પડે છે, ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં, જેમાં તમારે પાંચ દિવસ રમવાનું હોય છે. માનસિક રીતે તે ખૂબ જ પડકારજનક અને કંટાળાજનક પણ છે. પરંતુ બધા ક્રિકેટરો ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ રમીને મોટા થયા છે.

તેણે કહ્યું હતું કે ‘‘જ્યારે આપણે સ્પર્ધાત્મક સ્તરે ક્રિકેટ રમવાનું શરૂ કરીએ છીએ ત્યારે મુંબઈમાં પણ ક્લબ ક્રિકેટ (મેચ) બે દિવસ (અથવા) ત્રણ દિવસ ચાલે છે, આ રીતે આપણે નાનપણથી જ તેના માટે તૈયાર થઈએ છીએ.‘‘ આનાથી તમારા માટે આવનારી પરિસ્થિતિઓનો સામનો કરવો થોડો સરળ બને છે.‘‘ રોહિતે કહ્યું હતું કે બધા યુવા ખેલાડીઓ તેમની કારકિર્દીની શરૂઆતમાં સારી તૈયારીનું મહત્વ સમજતા નથી, પરંતુ તેઓ ધીમે ધીમે તેનું મહત્વ સમજવા લાગે છે. જ્યારે તમે ખૂબ નાના હોવ છો ત્યારે તમે તૈયારીનું મહત્ત્વ સમજી શકતા નથી પરંતુ જેમ જેમ તમે આગળ વધો છો તેમ તેમ તમને ખ્યાલ આવે છે કે તે તમને રમત માટે જરૂરી શિસ્ત આપે છે, તેથી તે તૈયારીથી શરૂ થાય છે, તે સમજવું કે તમારે ખરેખર શું કરવાની જરૂર છે.’’

રોહિતે કહ્યું હતું કે, ‘‘જ્યારે તમે સૌથી લાંબા ફોર્મેટમાં રમી રહ્યા છો ત્યારે ઘણી મહેનત કરવી પડે છે અને એકાગ્રતા સૌથી મહત્ત્વપૂર્ણ વસ્તુ છે કારણ કે તમે ખૂબ સારા પ્રદર્શનની અપેક્ષા રાખતા હોવ છો અને તેના માટે માનસિક રીતે તાજગી રાખવી મહત્વપૂર્ણ છે. પડદા પાછળ ઘણું કામ શરૂ થાય છે. તમે લાંબા સમય સુધી મેદાન પર રહેવા માટે તમારી જાતને તૈયાર કરો છો.’’ રોહિતે કહ્યું હતું કે તેના માટે પણ આ અલગ નહોતું અને સમય જતાં તેણે પોતાને તૈયાર કરવા માટે પ્રેક્ટિસ કરવા માટે વધુ સમય ફાળવવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું હતું કે, ‘‘જ્યારે મેં મુંબઈ માટે રમવાનું શરૂ કર્યું અને પછી ભારત માટે રમવાનું શરૂ કર્યું ત્યારે મારી સાથે પણ આવું જ બન્યું. મારું ધ્યાન અને સમય મેચ પહેલા હું કેવી રીતે તૈયારી કરું છું તેના પર કેન્દ્રિત હતું.’’ ■

ડ્રીમ-૧૧ સાથેનો કરાર ખતમ, હવે નવો સ્પોન્સર શોધશે બીસીસીઆઇ

નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) અને ફેન્ટસી સ્પોર્ટ્સ કંપની ડ્રીમ ૧૧ વચ્ચેનો ૩૫૮ કરોડ રૂપિયાનો સ્પોન્સરશિપ કરાર સમય પહેલા જ સમાપ્ત થઈ ગયો છે. આ કરાર ૨૦૨૩માં ત્રણ વર્ષ માટે હતો, જે હેઠળ ટીમ ઈન્ડિયાની જર્સી પર ડ્રીમ-૧૧નો લોગો દેખાતો હતો પરંતુ તાજેતરમાં પસાર થયેલા ‘ઓનલાઈન ગેમિંગ બિલ ૨૦૨૫’ ને કારણે ડ્રીમ ૧૧ એ કરારમાંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો હતો.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ દેવજીત સૈકિયાએ સોમવારે આ વાતની પુષ્ટિ કરી હતી. હવે બીસીસીઆઇ નવા મુખ્ય સ્પોન્સરની શોધ પર વિચારણા કરી રહ્યું છે. દેવજીત સૈકિયાએ કહ્યું હતું કે, ‘નવા કાયદા હેઠળ બીસીસીઆઇ માટે ડ્રીમ૧૧ અથવા અન્ય કોઈપણ સમાન ગેમિંગ કંપની સાથેનો સોદો ચાલુ રાખવો મુશ્કેલ બનશે. મને નથી લાગતું કે બીસીસીઆઇ હવે ડ્રીમ ૧૧ સાથેનો કરાર ચાલુ રાખી શકશે. અમે હાલમાં વિકલ્પ પર વિચાર કરી રહ્યા છીએ.’

૯ સપ્ટેમ્બરથી યુએઈમાં મેન્સ ટી-૨૦ એશિયા કપ શરૂ થવા જઈ રહ્યો છે, જેના માટે હવે ખૂબ જ ઓછો સમય બાકી છે. શું બીસીસીઆઇ ટૂંક સમયમાં ભારતીય ટીમના સ્પોન્સર માટે નવું ટેન્ડર બહાર પાડશે તે અંગે પૂછવામાં આવતા સૈકિયાએ કહ્યું હતું કે, ‘અમે હજુ સુધી કંઈ નક્કી કર્યું નથી, પરંતુ અમારે હવે વિકલ્પ શોધવો પડશે. ડ્રીમ-૧૧ના ગયા પછી સ્પોન્સરશિપ સ્લોટ ખાલી રહેશે. તેથી અમે વિકલ્પ શોધી રહ્યા છીએ. અમે હજુ પણ આ માટે શું કરવું અને તે કેવી રીતે કરવું તે અંગે વિચારણા કરી રહ્યા છીએ. નવા કાયદા હેઠળ ડ્રીમ ૧૧ હવે અમારી સાથે રહેશે નહીં.’

નોંધનીય છે કે જુલાઈ ૨૦૨૩માં ડ્રીમ-૧૧ એ ત્રણ વર્ષના કરારમાં ભારતીય ક્રિકેટ ટીમના લીડ સ્પોન્સર તરીકે એડટેક કંપની બાયજુનું સ્થાન લીધું હતું. આ સોદો ૩૫૮ કરોડ રૂપિયામાં થયો હતો. ડ્રીમ-૧૧ ઇન્ડિયન પ્રીમિયર લીગમાં નોંધપાત્ર હાજરી ધરાવે છે.

ગયા અઠવાડિયે સંસદના બંને ગૃહો દ્વારા ઓનલાઈન ગેમિંગ (પ્રમોશન અને રેગ્યુલેશન) બિલ ૨૦૨૫ પસાર થયા પછી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની મંજૂરી મળ્યા પછી ડ્રીમ-૧૧એ જાહેરાત કરી કે તેણે તેના પ્લેટફોર્મ પર તમામ પૈસા-આધારિત ઓનલાઈન ગેમિંગ સ્પર્ધાઓ સ્થગિત કરી દીધી છે. ■

અમેરિકાના ન્યૂ યોર્કમાં ૨૪ ઓગસ્ટ ૨૦૨૫, રવિવારના રોજ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશિપમાં પ્રથમ રાઉન્ડની એક મેચમાં બેલારૂસની આર્યના સબાલેન્કા અને સ્વિઝટ્ઝલેન્ડની રેબેકા માસરોવા સામસામે ટકરાઈ હતી. (એજન્સી)

મહિલા વન-ડે વર્લ્ડકપ ૨૦૨૫ માટે પાકિસ્તાનની ટીમ જાહેર

ઈસ્લામાબાદ : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ મહિલા વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૫ માટે પાકિસ્તાનની મહિલા ટીમની જાહેરાત કરી છે. આગામી ટુર્નામેન્ટ માટે પસંદ કરાયેલી ૧૫ સભ્યોની ટીમમાં ફાતિમા સનાને કેપ્ટન અને મુનીબા અલી સિદ્દીકીને વાઈસ કેપ્ટન બનાવવામાં આવી છે. અનકેપ્ડ બેટ્સમેન એમાન ફાતિમાને પણ ટીમમાં સામેલ કરવામાં આવી છે.

આ ટૂર્નામેન્ટ ભારત અને શ્રીલંકા દ્વારા યોજાશે. પહેલી વાર ફાતિમા સનાને પાકિસ્તાન ટીમની વન-ડે કેપ્ટનશિપ સોંપવામાં આવી છે. અગાઉ તેણીએ આ વર્ષે લાહોરમાં રમાયેલી વર્લ્ડ કપ ક્વોલિફાયર મેચમાં પાકિસ્તાનની કેપ્ટનશિપ કરી હતી. ૨૦ વર્ષીય અનકેપ્ડ બેટ્સમેન એમાન ફાતિમાને પણ પાકિસ્તાન ટીમમાં તક મળી છે, જે ક્વોલિફાયર માટે ટીમનો ભાગ નહોતી.

બોર્ડે મહિલા વન-ડે વર્લ્ડ કપ માટે ટીમમાં છ ખેલાડીઓ નતાલિયા પરવેઝ, રમીન શમીમ, સદાફ શમાસ, સાદિયા ઇકબાલ, શવલ ઝુલ્ફીકાર અને સૈયદા અરુબ શાહની પણ પસંદગી કરી છે, જેઓ પહેલીવાર વર્લ્ડ કપમાં ભાગ લેશે. પાકિસ્તાનને પહેલી મેચ ૨ ઓક્ટોબરે બાંગ્લાદેશ સાથે રમવાની છે. આ પછી પાકિસ્તાન ટીમ ૫ ઓક્ટોબરે કોલંબોમાં ભારતનો સામનો કરશે. પાકિસ્તાન ટીમ તેની બધી સાત લીગ મેચ કોલંબોમાં રમશે. જો તેઓ નોકઆઉટ માટે ક્વોલિફાય થાય છે તો તે મેચો પણ કોલંબોમાં રમાશે જ્યારે તેઓ ફાઇનલમાં પહોંચ્યા પછી ૨ નવેમ્બરના રોજ કોલંબો કે નવી મુંબઈમાં મેચ ક્યાં રમાશે તે નક્કી કરવામાં આવશે.મહિલા વન-ડે વર્લ્ડકપ માટે પાકિસ્તાન ટીમ ફાતિમા સના (કેપ્ટન), મુનીબા અલી સિદ્દીકી (વાઈસ કેપ્ટન), આલિયા રિયાઝ, ડાયના બેગ, એમાન ફાતિમા, નશરા સુંધુ, નતાલિયા પરવેઝ, ઓમૈમા સોહેલ, રમીન શમીમ, સદાફ શમાસ, સાદિયા ઇકબાલ, શવાલ ઝુલ્ફીકાર, સિદરા અમીન, સિદરા નવાઝ (વિકેટકીપર) અને સૈયદા અરુબ શાહ.

ટ્રાવેલિંગ રિઝર્વ ખેલાડીઓઃ ગુલ ફિરોઝા, નઝીહા અલ્વી, તુબા હસન, ઉમ્મ-એ-હાની અને વહીદા અખ્તર. ■

નેશન્સ કપ માટે ભારતીય ફૂટબોલ ટીમ જાહેર, ગોલકીપર ગુરપ્રીતની વાપસી

નવી દિલ્હીઃ ભારતીય ફૂટબોલ ટીમના નવા મુખ્ય કોચ ખાલિદ જમીલે સોમવારે ૨૯ ઓગસ્ટથી શરૂ થનારા સીએએફએ નેશન્સ કપમાં ભાગ લેનારી ૨૩ સભ્યોની ભારતીય ટીમની જાહેરાત કરી હતી. આ ટુર્નામેન્ટ જમીલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય ટીમનું પ્રથમ આંતરરાષ્ટ્રીય અભિયાન હશે.

ભારતને ગ્રૂપ-બીમાં મુશ્કેલ પડકારનો સામનો કરવો પડશે. જ્યાં તેનો સામનો યજમાન તાજિકિસ્તાન, ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈરાન અને અફઘાનિસ્તાન સાથે થશે. ભારતની પ્રથમ મેચ ૨૯ ઓગસ્ટે તાજિકિસ્તાન સામે થશે. બીજી મેચ ૧ સપ્ટેમ્બરે ઈરાન સામે અને છેલ્લી ગ્રૂપ મેચ ૪ સપ્ટેમ્બરે અફઘાનિસ્તાન સામે થશે.

ખાલિદ જમીલે ૨૯ ખેલાડીઓના તાલીમ શિબિર પછી આ ટીમની પસંદગી કરી છે. જોકે, પસંદગી પ્રક્રિયા સરળ નહોતી કારણ કે ક્લબ પ્રતિબંધોને કારણે ઘણા મુખ્ય ખેલાડીઓ ઉપલબ્ધ નહોતા. મોહન બગાને ટૂર્નામેન્ટ માટે તેના સાત ખેલાડીઓને રિલીઝ કરવાનો ઇનકાર કર્યો હતો કારણ કે આ ઇવેન્ટ ફિફા વિન્ડોનો ભાગ નથી. આમ છતાં જમીલે ઈસ્ટ બંગાળના અનવર અલી, નાઓરેમ મહેશ સિંહ અને જેક્સન સિંહ થોનાઓજમનો સમાવેશ કર્યો છે, જેઓ તાજેતરમાં જ કેમ્પમાં જોડાયા હતા. જીતિન એમએસ પણ રવિવારે પોતાની ક્લબ પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કર્યા પછી કેમ્પમાં પહોંચ્યા હતા અને તેમને અંતિમ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

અનુભવી ગોલકીપર ગુરપ્રીત સિંહ સંધુની ટીમમાં વાપસી થઈ છે અને તેની પાસેથી ગોલ પોસ્ટ પર મજબૂત પ્રદર્શન કરવાની અપેક્ષા રાખવામાં આવશે. કેપ્ટન સુનીલ છેત્રી આ વખતે ટીમનો ભાગ રહેશે નહીં કારણ કે જમીલે તેમને રાષ્ટ્રીય કેમ્પ માટે બોલાવ્યા નથી. મોહન બગાનના લિસ્ટન કોલાકો, મનવીર સિંહ અને શુભાશિષ બોસ પણ ક્લબના વિરોધના કારણે આ વખતે ભારતીય ટીમમાં રમી શકશે નહીં.

ખાલિદ જમીલ રાષ્ટ્રીય ટીમને પણ આત્મવિશ્વાસ આપવા માંગશે. તાજેતરના એએફસી એશિયન કપ ક્વોલિફાયરમાં ભારતને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ટીમ પાસે શરૂઆતની બે મેચ બાદ માત્ર એક પોઈન્ટ છે અને તે ગ્રૂપમાં છેલ્લા સ્થાને છે. ■

ભારતીય ટીમ

ગોલકીપર્સઃ ગુરપ્રીત સિંહ સંધુ, અમરિંદર સિંહ, ઋતિક તિવારી.

ડિફેન્ડર્સઃ રાહુલ ભેકે, નાઓરેમ રોશન સિંહ, અનવર અલી, સંદેશ ઝિંગન, ચિંગલેનસાના સિંહ, હિંગથનમાવિયા રાલ્તે, મુહમ્મદ ઉવઈ.

મિડફિલ્ડર્સઃ નિખિલ પ્રભુ, સુરેશ સિંહ વાંગજામ, દાનિશ ફારૂક ભટ, જેક્સન સિંહ, બોરિસ સિંહ, આશિક કુરુનિયન, ઉદાંતા સિંહ, નાઓરેમ મહેશ સિંહ.

ફોરવર્ડ્સઃ ઈરફાન યદવાડ, મનવીર સિંહ (જૂનિયર), જિતિન એમએસ, લાલિયાનઝુઆલા ચાંગટે, વિક્રમ પ્રતાપ સિંહ.

સ્પેનના ઓવિએડોમાં કાર્લોસ ટાર્ટિઅર સ્ટેડિયમમાં ૨૪ ઓગસ્ટ ૨૦૨૫, રવિવારના રોજ રિયલ મેડ્રિડ અને રિયલ ઓવિએડો વચ્ચે સ્પેનિશ લા લીગા ફૂટબોલ મેચ રમાઈ હતી. જેમાં રિયલ મેડ્રિડના સ્ટાર કાઈલિયન એમબાપ્પેએ શાનદાર ગોલ કર્યો હતો. (એજન્સી)

આઠ વર્ષ બાદ હોકી એશિયા કપ જીતવા અને વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થવાનો ભારતને વિશ્વાસઃ કોચ

રાજગીર : ત્રણ વખતના ચેમ્પિયન ભારતને આઠ વર્ષ બાદ પુરુષોના એશિયા કપ હોકી જીતવાનો અને ૨૯ ઓગસ્ટથી શરૂ થનારી ખંડીય ટૂર્નામેન્ટ દ્વારા આગામી વર્ષના વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થવાનો વિશ્વાસ છે. ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા અને હાલમાં મહાદ્વીપની નંબર વન ટીમ ભારતે છેલ્લે ૨૦૧૭માં ઢાકામાં એશિયા કપ જીત્યો હતો જ્યાં તેણે ફાઇનલમાં મલેશિયાને ૨-૧ થી હરાવ્યું હતું. ૨૦૨૨માં જાકાર્તામાં આયોજિત ટૂર્નામેન્ટની છેલ્લી સીઝનમાં ભારત ચેમ્પિયન દક્ષિણ કોરિયા અને મલેશિયા પછી ત્રીજા સ્થાને રહ્યું હતું.

ભારતના મુખ્ય કોચ ક્રેગ ફુલ્ટને ટુર્નામેન્ટ માટે અહીં પહોંચ્યા પછી કહ્યું હતું કે, ‘‘આ ટુર્નામેન્ટ માટે ટીમની તૈયારી મજબૂત રહી છે. અમારો અભિગમ પેરિસ ઓલિમ્પિક જેવો જ રહેશે જ્યાં અમે પૂલ સ્ટેજમાં સારી જીત સાથે શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ‘‘અમે અહીં સારી શરૂઆત કરવા માંગીએ છીએ. મેચ દર મેચ આગળ વધવા માંગીએ છીએ અને ગતિ જાળવી રાખવા માગીએ છીએ. અમે જાણીએ છીએ કે ભારતે છેલ્લે (૨૦૧૭, ઢાકામાં) એશિયા કપ જીત્યાને આઠ વર્ષ થઈ ગયા છે. જોકે અમને જીતનો વિશ્વાસ છે. અમે કોઈપણ ટીમને હળવાશથી લેવા માંગતા નથી.’’

ભારતે વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થવાની આશાઓને ધ્યાનમાં રાખીને હરમનપ્રીત સિંહના નેતૃત્વમાં એક મજબૂત ટીમ ઉતારી છે. આવતા વર્ષે વર્લ્ડ કપ ૧૪ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન બેલ્જિયમ અને નેધરલેન્ડ્સ દ્વારા સંયુક્ત રીતે યોજાશે. આ પહેલી વાર હશે જ્યારે ભારતીય પુરુષ હોકી ટીમ રાજગીરમાં રમશે.

ફુલ્ટને કહ્યું હતું કે, ‘‘આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ માટે બિહારમાં આવીને અમને ખૂબ આનંદ થાય છે. અહીં આંતરરાષ્ટ્રીય હોકીનું આયોજન થઈ રહ્યું છે તે ખૂબ જ સારી વાત છે અને અમે આ પ્રદેશના લોકોને અમારી રમતથી પ્રેરિત કરવા અને આ રમત માટે વધુ ચાહકો બનાવવા માંગીએ છીએ.’’ ભારતીય કેપ્ટન હરમનપ્રીતે પણ આવી જ ભાવનાઓ વ્યક્ત કરી હતી.

હરમનપ્રીતે કહ્યું હતું કે, ‘‘અમે બિહારમાં પહેલાં ક્યારેય રમ્યા નથી અને રાજગીર એક વર્ષની અંદર તેની બીજી આંતરરાષ્ટ્રીય હોકી ટૂર્નામેન્ટનું આયોજન કરી રહ્યું છે તે જોઈને ખૂબ આનંદ થાય છે. આ રમતને ટેકો આપવાના સરકારના ઇરાદાને પ્રતિબિંબિત કરે છે અને અમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અહીં હોકી ચાહકોના પ્રેમ અને સમર્થનની રાહ જોઈ રહ્યા છીએ.’’ ભારતને જાપાન, ચીન અને કઝાકિસ્તાન સાથે પુલ-એમાં મુકવામાં આવ્યું છે, જ્યારે પૂલ-બીમાં મલેશિયા, કોરિયા, બાંગ્લાદેશ અને ચીની તાઈપેઈનો સમાવેશ થાય છે. ■

પોવેલના સંકેત અને જેપી મોર્ગનના અપગ્રેડેશનને પગલે સેન્સેક્સ ૪૯૨ પોઇન્ટ ઊછળ્યો: નિફ્ટી ફરી ૨૫,૦૦૦ નજીક સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલ દ્વારા આગામી મહિને વ્યાજ દરમાં ઘટાડો કરવાનો સંકેત આપ્યા વિશ્વબજારમાં આવેલા સુધારા સાથે જેપી મોર્ગને ટીસીએસના રેટિંગમાં સુધારો કર્યો હોવાથી તેજીના સેન્ટિમેન્ટને બળ મળતા સેન્સેક્સ અને નિફ્ટીએ પોઝિટિવ ઝોનમાં આગેકૂચ કરી હતો. સેન્સેકસ પોઇન્ટ ઊછળ્યો હતો અને નિફ્ટી પોઇન્ટના સ્તરે પહોંચ્યો હતો.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૪૯૨.૨૧ પોઇન્ટના ઉછાળા સાથે ૮૧,૭૯૯.૦૬ પોઇન્ટ સુધી ઊંચે ગયા બાદ અંતે ૩૨૯.૦૬ પોઇન્ટ અથવા તો ૦.૪૦ ટકાના સુધારા સાથે ૮૧,૬૩૫.૯૧ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. એ જ રીતે, એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૯૭.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૩૯ ટકાના સુધારા સાથે ૨૪,૯૬૭.૭૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

પાછલા સપ્તાહે સરકારે જીએસટીમાં સૂચવેલા સકારાત્મક ફેરફાર સાથે એસએન્ડપી રેટિંગ્સ દ્વારા ભારતના અપ્રગેડેશનને પગલે આમ પણ બજારનો અંડર ટોન મજબૂત બન્યો છે. રેટિંગ એજન્સી ફીચે પણ ભારતના આર્થિક વિકાસગતિ જળવાઇ રહેવાનો સંકેત આપ્યો છે. સેકટરલ ધોરણે, નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો, ત્યારબાદ મેટલ ઇન્ડેક્સનો ક્રમ હતો, જ્યારે મોટાભાગના અન્ય શેરઆંકમાં મધ્યમ વધારો જોવા મળ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં ઇન્પોસિસ, ટીસીએસ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, સન ફાર્મા, મારુતી અને ટાઇટન સૌથી વધું વધનારા શેરોમાં સામેલ હતા. જ્યારે ભારત ઇલેક્ટ્રોનિક્સ, એશિઅન પેઇન્ટ્સ, ભારતી એરટેલ ટોપ લુઝર્સ શેરોમાં સામેલ હતા. નિફ્ટી શેરોમાં, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, ટીસીએસ, બજાજ ફાઇનાન્સ, હિન્ડાલ્કો અને એનટીપીસી વધ્યા હતા, જ્યારે આઇસીઆઇસીઆઇ બેંક, એપોલો હોસ્પિટલ્સ, જિયો ફાઇનાન્સિયલ અને મારુતિ સુઝુકી ઘટ્યા હતા.

મૂડીબજારમાં દસ કંપનીઓ પ્રવેશ કરી રહી છે, જ્યારે શેરબજારમાં આઠ કંપનીઓ લિસ્ટિંગ મેળવશે. મેઇનબોર્ડ સેગમેન્ટમાં અમાંતા હેલ્થકેર રૂ. ૧૨૬ કરોડના બુકબિલ્ડ ઇશ્યૂ સાથે પહેલી સપ્ટેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ત્રીજી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ચોથી સપ્ટેમ્બરના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ આઠમી સપ્ટેમ્બરે થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૨૦થી રૂ. ૧૨૬ નક્કી કરવામાં આવી છે. અરજી માટે લોટ સાઇઝ ૧૧૯ શેરની છે. હાઇ પ્યોરિટી એડવાનસ્ડ ફાર્માસ્યુટિકલ ઇન્ટરમીડિયેટ્સ પ્રોડ્યુસર કેમિકલ મેન્યુફેકચરિંગ કંપની એનલોન હેલ્થકેર લિમિટેડ, ૨૬ ઓગસ્ટના રોજ રૂ. ૧૨૧.૦૩ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૬થી રૂ. ૯૧ પ્રતિ શેર અને લોટ સાઈઝ ૧૬૪ ઈક્વિટી શેર છે. ભરણું ૨૯

ઓગસ્ટના રોજ બંધ થશે.

હુડકો ડિબેન્ચર મારફત રૂ. ૩૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. ગ્લોબલ ટ્રાવેલ ટેક કંપની ઓયો આઠેક અબજ ડોલરના આઇપીઓ વેલ્યુએશન સાથે નવેમ્બરમાં ડીઆરએચપી દાખલ કરવા ધારે છે. રિલાયન્સ કમ્યુનિકશન સામે સીબીઆઇએ લીધેલા પગાલને કારણે રિલાયન્સ પાવર અને રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રકચરના શેરમાં વેચવાલી આવતા બંને શેરમાં સવારના સત્રમાં લોવર સર્કિટ લાગી હતી. જેક્સન હોલ સિમ્પોઝિયમમાં પોતાના ભાષણ દરમિયાન યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલે વ્યાજ દરમાં ઘટાડાનો સંકેત આપ્યા બાદ વિશ્વભરના બજારોમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું. આને પરિણામે શુક્રવારે યુએસ શેરબજારમાં મજબૂત તેજી જોવા મળી, જેમાં ડાઉ જોન્સ લગભગ બે ટકા વધ્યો, જ્યારે નાસ્ડેક અને એસએન્ડપી ૫૦૦માં પણ તીવ્ર ઉછાળો જોવા મળ્યો. નબળા ડોલર ઇન્ડેક્સે આશાવાદમાં વધુ ઉમેરો કર્યો છે, જે ભારત જેવા ઉભરતા બજારોમાં પ્રવાહને ટેકો આપી શકે છે. સપ્ટેમ્બરમાં ફેડ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓ અને ત્યારબાદ અમેરિકાના દસ વર્ષના બોન્ડની ઉપજમાં ઘટાડાને કારણે સ્થાનિક બજારમાં આશાવાદનો માહોલ છવાઈ ગયો. વૈશ્વિક સ્તરે અનુકૂળ સેન્ટિમેન્ટને કારણે આઇટી ઇન્ડેક્સે સારો દેખાવ કર્યો. વપરાશ માગને વેગ આપવા માટે પ્રસ્તાવિત જીએસટી તર્કસંગતકરણ સાથે સ્થાનિક બજાર હકારાત્મક રહ્યું છે. આ ઉપરાંત સારું ચોમાસું ગ્લોબલ માર્કેટના વાતાવરણમાં કોઈપણ અનિશ્ચિતતાને દૂર કરવા માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપી શકે છે, એમ જિયોજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

રોકાણકારો માટે સૌથી મોટી ચિંતાઓમાંની એક ૨૭ ઓગસ્ટની છે જે ભારતીય માલ પર વધારાના ટેરિફ લાદવાના યુએસના નિર્ણય માટે છે. અમેરિકાએ પહેલાથી જ અમુક ભારતીય ઉત્પાદનો પર ટેરિફ બમણી કરીને ૫૦ ટકા કરી દીધો છે, જેમાં ભારત દ્વારા રશિયન ક્રૂડ ઓઇલની ખરીદી સાથે જોડાયેલી ૨૫ ટકા ડ્યુટી ઉમેરી છે. બજાર રશિયન ઓઇલની આયાત સાથે જોડાયેલા ભારતીય માલ પર વધારાના પચ્ચીસ ટકાની યુએસ ટેરિફ પેનલ્ટી આ સપ્તાહે લાગુ કરવામાં આવશે કે કેમ, તે અંગે સ્પષ્ટતાની રાહ જોવાઇ રહી છે.

વિદેશી સંસ્થાકીય ફંડોએ પાછલા સત્રમાં રૂ. ૧૬૨૨.૫૨ કરોડના શેર વેચ્યા છે. ઓગસ્ટમાં એફઆઇઆઇનો વેચાણનો દોર ચાલુ છે. આ મહિને ૨૩ ઓગસ્ટ સુધી વિદેશી ફંડોએ રૂ. ૨૫૫૬૪ કરોડમાં ઇક્વિટી વેચી હતી, આ વર્ષે ૨૩ ઓગસ્ટ સુધી કુલ વેચાણ રૂ. ૧૫૭૪૪૦ કરોડ થયું હતું. એફપીઆઇ બોન્ડ માર્કેટમાં પણ વેચાણકર્તા રહ્યા છે, તેમના મતે ઉભરતા બજારોની તુલનામાં ભારતમાં ઊંચા મૂલ્યાંકન છે. નિષ્ણાતો માને છે કે, નજીકના ભવિષ્યમાં એફઆઇઆઇ તેમનું વેચાણ ઘટાડી શકે છે કારણ કે સપ્ટેમ્બરમાં ફેડરલ તરફથી રેટ કટની અપેક્ષાને કારણે ડોલર નબળો પડી રહ્યો છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈન્ફોસિસ ૩.૦૩ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૨.૮૫ ટકા, એચસીએલ ટેકનોલોજી ૨.૬૦ ટકા, ટેક મહિન્દ્ર ૧.૩૨ ટકા, ટાટા મોટર્સ ૦.૯૫ ટકા, સન ફાર્મા ૦.૮૪ ટકા મારુતિ ૦.૭૯ ટકા, ટાઈટમ ૦.૬૯ ટકા, ટાટા સ્ટીલ ૦.૬૬ ટકા અને બજાજ ફાઈનાન્સ ૦.૬૫ ટકા વધ્યા હતા, જ્યારે બીઈએલ ૦.૭૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૩૯ ટકા, ભારતી એરટેલ ૦.૩૮ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૨૧ ટકા અને કોટક બેન્ક ૦.૧૬ ટકા ઘટ્યા હતા.

ડૉલર સામે રૂપિયો ચાર પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે વૈશ્વિક વિનિમય એક્સચેન્જમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન ૧૮ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી જોવા મળેલા બાઉન્સબૅક અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ પણ વધી આવ્યા હોવાથી તેમ જ માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળતાં સત્રના અંતે રૂપિયો આગલા બંધ સામે ચાર પૈસાના ઘટાડા સાથે ૮૭.૫૬ના મથાળે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૭.૫૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૩૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૫૮ અને ઉપરમાં ૮૭.૩૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે ચાર પૈસાના ઘટાડા સાથે ૮૭.૫૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ૨૭ પૈસા ગબડ્યો હતો.

આગામી ૨૭મી ઑગસ્ટથી અમેરિકા દ્વારા ભારતથી થતી આયાત સામે સંભવિતપણે લાદવામાં આવનાર અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફની ભીતિ હેઠળ બજારનું સેન્ટિમેન્ટ ખરડાવાથી તેમ જ ફિચે ભારતની ઊંચી રાજકોષીય ખાધ, ડેબ્ટ સર્વિસ અને અમેરિકાના ઊંચા ટૅરિફને ધ્યાનમાં રાખીને ભારતનું ટ્રીપલબી- ક્રેડિટ રેટિંગ જાળવી રાખ્યું હોવાથી ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સનાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ટ્રેઝરી હેડ અનિલ કુમાર ભણસાળીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૨૪ ટકા વધીને ૯૭.૯૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવ ૦.૪૧ ટકા વધીને બેરલદીઠ ૬૮.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૬૨૨.૫૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. તેમ છતાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૩૨૯.૦૬ પૉઈન્ટ અને ૯૭.૬૫ પૉઈન્ટ વધી આવ્યા હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પૉવેલનાં વ્યાજદરમાં કપાતનાં સંકેતથી ઊછળેલુ વૈશ્વિક સોનું બે સપ્તાહની ટોચેથી પાછું ફર્યું

સ્થાનિકમાં સોનાએ ₹ ૧૧૩૦ની તેજી સાથે ફરી ₹ એક લાખની સપાટી કુદાવી, ચાંદી ₹ ૨૨૨૭ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કપાતના સંકેતો આપતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવ વધીને બે સપ્તાહની ઊંચી અથવા તો ગત ૧૧મી ઑગસ્ટ પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે વધ્યા મથાળેથી છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં વધુ ૦.૩ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આમ ગત શુક્રવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૨૬થી ૧૧૩૦નો ઉછાળો આવ્યો હતો અને ભાવ ફરી રૂ. એક લાખની સપાટી કુદાવી ગયા હતા. તેમ જ આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૨૨૨૭ના ચમકારા સાથે રૂ. ૧.૧૬ લાખની સપાટી પાર કરી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં ખાસ કરીને વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસદીઠ ૩૯ ડૉલરની લગોલગ પહોંચ્યાના નિર્દેશો સાથે સ્ટોકિસ્ટોની આક્રમક સટ્ટાકીય લેવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૨૭ના ચમકારા સાથે રૂ. ૧,૧૬,૧૩૩ના મથાળે રહ્યા હતા. વધુમાં સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૨૬ વધીને રૂ. ૧,૦૦,૦૮૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૩૦ વધીને રૂ. ૧,૦૦,૪૮૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ભાવમાં ઉછાળો આવી ગયો હોવાથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગત શુક્રવારે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સ જે ગત શુક્રવાર ચાર સપ્તાહના તળિયે પહોંચ્યો હતો તેમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળતાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦. ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૬૭.૫૧ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ૩૪૧૨.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવમાં તેજીનું વલણ રહ્યા બાદ નફારૂપી વેચવાલી નીકળતા ભાવ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૮.૭૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ગત શુક્રવારનાં જૅરૉમ પૉવૅલના વ્યાજદરમાં કપાતના સંકેતો મળતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ સાથે સોનાના ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. તેમ જ હાલની સપાટીને ધ્યાનમાં લેતા ઔંસદીઠ ૩૩૫૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા વ્યક્ત કરતાં સિટી ઈન્ડેકસનાં વિશ્લેષક મેટ્ટ સિમ્પસને જણાવતાં ઉમેર્યું હતું કે જો આગામી દિવસોમાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા હળવા આવે અને રોજગારીના ડેટા નબળા આવે તો સોનાની તેજીને ટેકો મળી શકે.

જોકે, ટ્રમ્પની ટૅરિફની નીતિને ધ્યાનમાં લેતા ફુગાવામાં વધારો થવાની શક્યતા વધુ હોવાથી સોનામાં સુધારો મર્યાદિત જોવા મળે તેવી શક્યતા વધુ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની વિવિધ ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સ્ટોકિસ્ટોની લે-વેચ તથા વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર વિવિધ ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે કોપર વાયરબાર અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૯૨૮ અને રૂ. ચાર વધીને રૂ. ૩૦૨૩ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૭૬૫, કોપર આર્મિચર તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૩૦ અને રૂ. ૧૮૨ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૮૪૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં નિકલ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૩૨૮ અને રૂ. ૨૧૫ તથા કોપર કેબલ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૫૦ અને રૂ. ૨૬૯ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૦૫, રૂ. ૫૬૦ અને રૂ. ૨૫૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

આયાતી તેલમાં આગેકૂચ, વેપારો છૂટાછવાયા

૧થી ૨૫ ઑગસ્ટ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ૧.૮૯ ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૬ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ફરતા માલની ખેંચ વચ્ચે હાજરમાં આયાતી તેલના ભાવમાં આગેકૂચ જળવાઈ રહેતાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૨૫ની અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ની તેજી આવી હતી. જોકે, આજે દેશી તેલમાં મથકો પાછળ મિશ્ર વલણ રહેતાં કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને સિંગતેલમાં રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે કપાસિયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા તાજેતરમાં સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ઑગસ્ટથી ૨૫ ઑગસ્ટ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જુલાઈ મહિનાના સમાનગાળાના ૧૦,૨૯,૫૮૫ ટન સામે ૧૦.૮૯ ટકા વધીને ૧૧,૪૧,૬૬૧ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ અને અદાણીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ અને સરસવના રૂ. ૧૬૩૦ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ખાંડમાં ખપપૂરતા કામકાજે નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં પાંખાં કામકાજો વચ્ચે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૪૨થી ૪૦૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૧૦૨થી ૪૧૮૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૦૬૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

રાજકોટ કોર્ટના નિવૃત ક્લાર્કને ડિજિટલ એરેસ્ટ કરી રૂ.૮૮.૫૦ લાખ પડાવી લેનાર ત્રિપુટી ભાવનગરથી ઝડપાઇ હતી, સાયબર ક્રાઇમ પોલીસે બ્રિજેશ પટેલ, મોહસીન શેખ અને મહમ્મદ હલારીને પકડી પાડીને રિમાન્ડની કાર્યવાહી હાથ ધરી હતી... (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

મુંદરા નજીકના મોખા ટોલ નાકા પાસે સાઇડમાં ઊભેલી ટ્રકની પાછળ અન્ય ટ્રક અથડાતાં ચાલકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા શહેરની ભાગોળે આવેલા મોખા ટોલ પાસે રસ્તાની બાજુમાં ઊભેલી ટ્રકની પાછળ અન્ય ટ્રક ભટકાતાં મૂળ બિહાર હાલે ગાંધીધામના ભરતકુમાર મથુરા ભગત પાલ નામના ટ્રકચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, ગાંધીધામની આર.બી.આર નામની ટ્રાન્સપોર્ટ પેઢીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરનાર ભરતકુમાર નામનો બિહારી યુવક પેઢીની ટ્રક લઇને માલ ઠાલવવા અર્થે મુંદરા અદાણી બંદરે જઇ રહ્યો હતો ત્યારે મધ્યરાત્રીના એક વાગ્યાના અરસામાં મોખા ટોલ નાકા નજીક સાઇડમાં ઊભેલી અજ્ઞાત ટ્રકની પાછળ ભરતકુમારે પોતાની ટ્રક ટકરાવી દીધી હતી જેમાં કેબિનમાં દબાઈ ગયેલા હતભાગીનું બનાવસ્થળે કમકમાટીભર્યું મોત થયું હતું. પોલીસે મૃતક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી આદરી છે. ■

ભાવનગરના સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે કરાટે સ્પર્ધાનો ભવ્ય પ્રારંભ

ભાવનગરઃ જિલ્લાના સીદસર ખાતે આવેલ સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે કરાટે તથા ટેકવોન્ડોની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત સરકાર અને સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત સ્કૂલ ગેમ્સ - ૨૦૨૫/૨૬ અંતર્ગત ભાવનગર જિલ્લાની કરાટે ટેકવોન્ડોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ભાવનગર જિલ્લાની વિવિધ સ્કૂલો માંથી અંડર ૧૪, અંડર ૧૭ અને અંડર ૧૯ જેવી વિવિધ કેટેગરીમાં અલગ અલગ વજન કેટેગરીમાં બહેનો તથા ભાઈઓએ વિશાળ સંખ્યામાં ભાગ લીધો હતો.

ભાવનગર જિલ્લા કક્ષાની ગ્રામ્યની સ્પર્ધાનું આયોજન ૧૦/૮ થી ૨૦/૮ દરમિયાન થયું હતું જેમાં ૨૫૩ ભાઈઓએ તથા ૧૫૮ બહેનોએ ભાગ લીધો હતો. ભાવનગર જિલ્લા શહેર કક્ષાની કરાટે તથા ટેકવોન્ડોની સ્પર્ધાનું આયોજન તા. ૨૧/૮ થી ૨૫/૮ થયું હતું જેમાં ૩૭૭ ભાઈઓએ તથા ૨૬૭ બહેનોએ ભાગ લીધો હતો.

તા. ૨૫/૮ ના રોજ સ્પર્ધાનું સમાપન થયું હતું. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા સ્પર્ધકો આગામી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. ■

ચોમાસાએ કચ્છમાં વરસાદની પેટર્ન બદલીઃ સર્વત્ર સચરાચર વરસાદને બદલે છૂટક છૂટક વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં મેઘરાજાએ પૂંછડીયા ખેલાડીની જેમ કેટલાક સ્થળે સચરાચર મેઘસવારીના અભિષેક કરીને એકંદરે કચ્છમાં વર્ષાઋતુને બાર આની કરી દીધી છે. આ વર્ષે વરસાદની પેટર્ન બદલી છે. સામાન્ય રીતે કચ્છમાં સચરાચર વરસાદ થતો હોય છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં મેઘસવારી એકસાથે પ્રવેશતી હોય છે પણ આ વર્ષે અષાઢ મહિના દરમ્યાન પણ ભાદરવાના ભુસાકા જેવા ભારે વરસાદી ઝાપટાં નોંધાયાં હતાં. આવા વરસાદને કારણે સિંચાઈ ડેમોમાં, જળાશયોમાં પાણીની આવક સંતોષકારક રીતે થવા પામી નથી.

કચ્છના નખત્રાણા પંથકમાં અત્યારસુધી સૌથી વધારે ૪૭૧ મિ.મી વરસાદ નોંધાયો છે જયારે સૌથી ઓછો રાપર પંથકમાં ૨૭૦ મિ.મી વરસાદ નોંધાયો છે. મુખ્ય મથક ભુજમાં ૪૨૬ મીલીમીટર વરસાદ નોંધાયો હોવા છતાં ભુજનું ઐતિહાસિક હમીરસર તળાવ ઓગની શક્યું નથી. જો કે અરબી સમુદ્રમાં સર્જાયેલા મોન્સૂન ટ્રફને કારણે મેઘરાજા હજુ છેલ્લી ઘડીનો ચમત્કાર કરે તેવી આશા કચ્છીઓના હૈયે છે. દરમ્યાન, વરસાદની પેટર્નની બદલાયેલી તાસીરનો પરચો સોમવારે પણ અનુભવાયો હતો. ભુજની આસપાસના માત્ર ૨૦ કિલોમીટરના પરિઘમાં આવેલા માનકુવા, નારાણપર કેરા,બળદિયા અને ગોડપરમા પાવરપેક્ડ ઝાપટાં વરસ્યાં હતાં પણ ભુજમાં માત્ર ઝરમરિયા છાંટણા પડ્યા હતા.

કચ્છમાં અત્યાર સુધી ભુજમાં ૪૨૬ મીલીમીટર, અબડાસામાં ૨૮૬ મિ.મી, અંજારમાં ૩૩૩, ભચાઉમાં ૩૧૧, ગાંધીધામમાં ૪૬૦, સીમાવર્તી લખપતમાં ૩૦૫, બંદરીય માંડવીમાં ૪૯૦ મિ.મી, મુંદરામાં ૪૫૬ મિ.મી, નખત્રાણામાં ૪૭૧ અને રાપરમાં ૨૭૦ મિલિલીટર જેટલો વરસાદ નોંધાવાની સાથે ૮૦.૨૬ ટકા વરસાદ પડ્યો છે. ■

(તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

રાજકોટ જિલ્લા કોર્ટ ખાતે હેલ્મેટ જાગૃતતા માટે વકીલોને પોલીસ દ્વારા હેલ્મેટ વિતરણ કરવામાં આવ્યા હતા..

ભાવનગર શહેરની ફાતિમા કોન્વેન્ટ ઈંગ્લિસ મિડિયમ સ્કૂલમાં સાથી વિદ્યાર્થીને છરી બતાવતા ચકચાર

ભાવનગરઃ શહેરના શિવાજી સર્કલ ખાતે આવેલી ફાતિમા કોન્વેન્ટ ઈંગ્લિસ મીડીયમ સ્કુલમાં અભ્યાસ કરતા ધો.૯ના વિદ્યાર્થીને તેની સાથે જ અભ્યાસ કરતા અન્ય બે વિદ્યાર્થીઓએ રીસેષ સમય દરમ્યાન છરી બતાવી ધમકી આપતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ થતા પોલીસ શાળાએ દોડી ગઈ હતી અને છરી બતાવનાર બન્ને વિદ્યાર્થીઓને હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગર શહેરના આનંદનગર વિસ્તારમાં રહેતા અને ફાતિમા કોન્વેન્ટ સ્કૂલમાં ધો. ૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને રીસેષ દરમ્યાન તેની સાથે જ અભ્યાસ કરતા અન્ય બે વિદ્યાર્થીઓએ છરી બતાવીને ધમકી આપતા ચકચાર મચી ગઇ હતી. આ ઘટનાના પગલે શાળાના આચાર્ય અને શિક્ષકો તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને વિદ્યાર્થીના વાલીને પણ શાળાએ બોલાવી લીધા હતા. ઘોઘા રોડ પોલીસે શાળામાં વિદ્યાર્થીને છરી બતાવનાર બન્ને વિદ્યાર્થીઓને હસ્તગત કરી લીધા હતા. ભાવનગરના શિક્ષણ જગતમાં ચકચાર જગાવનારી આ ઘટના અંગે ઘોઘા રોડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

ભાવનગરમાં બ્રહ્માકુમારીઝ ખાતે રક્તદાન શિબિર યોજાઈઃ ૧૫૦ થી વધુ લોકોએ રક્તદાન કર્યું

ભાવનગરઃ શહેરમાં રક્તદાન મહાદાન શિબિર રેડ ક્રોસ સંસ્થા ભાવનગરના સહકારથી તા. ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ સવારે ૯:૩૦ કલાકે બ્રહ્માકુમારીઝ ડિવાઇન પેલેસ સરદાર નગર સર્કલ ભાવનગર ખાતે યોજાઈ હતી. આ ઉદઘાટન પ્રસંગે નિશિથભાઈ મહેતા, કુલદિપસિંહ ચુડાસમા, સુમિતભાઈ ઠક્કર , બ્રહ્માકુમારીરાજયોગીની તૃપ્તિબેન બ્રહ્માવત્સોની ઉપસ્થિતિમાં રક્તદાન કેમ્પનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશાળ રક્ત દાતાઓની ઉપસ્થિત અને બ્રહ્માકુમારીઝના ચીફ ઓફ બ્રહ્માકુમારી દિવંગત પ્રકાશમણી દાદીજી ની ૧૮ મી પુણ્યતિથિ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં અને ભારતમાં ૮૦,૦૦૦ થી વધુ યુનિટ રક્તદાન થયેલ છે. જયારે એક લાખ સુધીનું લક્ષની સમીપ પહોંચવાનુ લક્ષ પૂરું થશે. મહાશિબિરનું આયોજન સમાજ સેવાના ભાગ રૂપે કરવામાં આવ્યું હતું. રક્તદાન કરનાર રક્તદાતાને ઈશ્વરીય ભેટ, પ્રમાણપત્ર અને જરૂરી આનુસંગિક જરૂરિયાત પૂરી પાડવામાં આવી હતી. ■

ગીર ગઢડા તાલુકાના મહોબતપરા ગામમાં સિંહના મોત મામલે ઘટનાનું રિકંસ્ટ્રક્શન કરવામાં આવ્યું

અમદાવાદઃ ગીર ગઢડા તાલુકાના મહોબતપરા ગામમાં રાવલ નદીમાંથી સિંહનો મૃતદેહ મળવાને મામલે વન વિભાગની ટીમ દ્વારા તપાસ વેગવાન બનાવવામાં આવી હતી. આ કેસમાં ઝડપાયેલા આરોપી મુકેશ વશરામભાઈ બળદાણીયા અને કમલેશ મગનભાઈ કલસરિયાને લઈને વન વિભાગની ટીમ નગડિયા ગામે પહોંચી હતી, જ્યાં સિંહનું વીજ કરંટથી મોત નીપજ્યું હતું. બંને આરોપીને સાથે રાખી વનવિભાગે ઘટનાનું રિકંસ્ટ્રક્શન કર્યું હતું અને આરોપીઓના ઘરે પણ સર્ચ કર્યું હતું.

વન વિભાગની ટીમને જોઈને આરોપીનો પરિવાર રડવા લાગ્યો હતો. વનવિભાગની ટીમે ઘટનાસ્થળે પંચનામું કર્યું વન વિભાગના આરએફઓ ઓ. એલ. બી. ભરવાડની આગેવાની હેઠળની ટીમે આરોપીઓની ૧૫ વીઘા જમીનમાં આવેલી વાડી પર પંચનામું કર્યું હતું. આ વાડીમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું હતું અને અહીં જ વીજ કરંટથી સિંહનું મોત થયું હોવાનું માનવામાં આવે છે. તપાસ દરમિયાન પીજીવીની ટીમ પણ વન વિભાગ સાથે જોડાઈ હતી. ■

ભાવનગરની ઋચા ઓમ ત્રિવેદીએ સ્ટેટ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો : હવે નેશનલ ચેમ્પિયનશિપ રમવા જશે

ભાવનગરઃ તા.૨૩ ઓગસ્ટ ૨૫ના રોજ રાજ્યના વલસાડ ખાતે ગુજરાત સ્ટેટ એસો.દ્વારા સ્ટેટ યોગાસન ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬ યોજાયેલ ,રાજ્યકક્ષાની આ સ્પર્ધા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા,રાજ્ય સરકારના રમત-ગમત વિભાગ, યોગાસના ભારતના માર્ગદર્શનમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ભાવનગરની યોગા એથ્લેટ,આંતર રાષ્ટ્રીય યોગા પ્લેયર અને મિસ યોગીની ઓફ ગુજરાતની ટાઇટલ વિનર ઋચા ત્રિવેદી પોતાની વયજૂથ કેટેગરી અન્ડર-૧૭માં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડમેડલ સાથે રાજ્યકક્ષાએ ભાવનગરનું ગૌરવ વધારી નેશનલ ચેમ્પિયનશિપ માટે ક્વાલિફાઈ થયા હતા. હવે ઋચા રાષ્ટ્રીય કક્ષાએ ભાવનગર તથા ગુજરાતને ગૌરવ અપાવવાના સંકલ્પબદ્ધ છે.૧૪ વર્ષીય ઋચા ત્રિવેદી આગામી સમયમાં, નેશનલ ચેમ્પિયનશિપ,અસ્મિતા-ખેલો ઇન્ડિયા વેસ્ટઝોન,સ્કૂલ ગેમ,રમવા જશે.

ઋચા ત્રવેદી શહેરની દક્ષિણામૂર્તિ સ્કૂલની ધો.૧૦ની વિદ્યાર્થિની છે તેમજ યૂનિવર્સિટી યોગ હોલની યોગા એથ્લેટ છે,ઋચા યોગ ગુરુ આર.જે.જાડેજા ના માર્ગદર્શનમાં યોગ કોચ રેતુભા સર હેઠળ તાલીમ લઈ રહી છે,તેની આ સિદ્ધિ બદલ શાળા તથા યોગ હોલ પરિવાર દ્વારા આશિર્વાદ સાથે અભિનંદન આપવામાં આવ્યા હતા. ■

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૨૦૦ વિદેશી વિદ્યાર્થીઓનું ચેકિંગ કરવામાં આવ્યું

(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં અભ્યાસ માટે આવતા વિદેશી વિદ્યાર્થીઓ ગેરકાયદે પ્રવૃત્તિઓ, ખાસ કરીને નશાકારક પદાર્થોનું સેવન અને વેચાણ કરતા હોવાની ફરિયાદો બાદ ગૃહ વિભાગ હરકતમાં આવ્યું હતું. અમદાવાદ નાર્કોટિક્સ વિભાગની ટીમે એસઓજી અને ક્રાઈમ બ્રાન્ચ સાથે મળીને ૨૦૦ જેટલા વિદેશી વિદ્યાર્થીઓનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

મોરબી રોડ પર આવેલી મારવાડી અને દર્શન યુનિવર્સિટી સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા આફ્રિકાના વિદ્યાર્થીઓ પર લાંબા સમયથી ગેરકાયદે પ્રવૃત્તિઓના આરોપો લાગી રહ્યા હતા. સ્થાનિક ગ્રામજનો અને સોસાયટીના રહેવાસીઓએ આ વિદેશી વિદ્યાર્થીઓ સાથે અવારનવાર થતી માથાકૂટ અને ઘર્ષણ અંગે સ્થાનિક પોલીસ અને ગૃહપ્રધાનને સીધી ફરિયાદ કરી હતી, જેના પગલે ગૃહ વિભાગે તપાસના આદેશ આપ્યા હતા.

ગૃહ વિભાગના આદેશ બાદ, અમદાવાદ નાર્કોટિક્સ બ્યૂરોની ટીમ રાજકોટ પહોંચી હતી. પોલીસની ૧૦ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોએ રતનપર, હડાળા, ગવરીદડ અને માધાપર જેવા વિસ્તારોમાં ભાડે રહેતા વિદેશી વિદ્યાર્થીઓના પાસપોર્ટ, વિઝા અને અન્ય દસ્તાવેજોની ચકાસણી કરી હતી.

પોલીસને મળેલા ૨૦૦ વિદ્યાર્થીઓની યાદીના આધારે હાથ ધરાયેલા આ ચેકિંગમાં, ત્રણ વિદ્યાર્થીઓ વિઝા ભંગ કરતા હોવાનું સામે આવ્યું હતું. સ્ટુડન્ટ વિઝા પર આવીને ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં સામેલ થયેલા આ વિદ્યાર્થીઓને આગામી દિવસોમાં ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ કાર્યવાહીથી રાજકોટમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા વિદેશી વિદ્યાર્થીઓમાં ફફડાટ ફેલાયો હતો. ■

ઘેડ વિસ્તારમાં ભારે વરસાદથી થયેલી નુકસાનીનો તંત્રએ તાગ મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજતેરમાં જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે ઓઝત નદીના કાંઠાના માટીના પાળા તૂટી જવાથી જમીનનુ ધોવાણ થયું હતું. ત્યારે કેશોદ અને માણાવદર તાલુકાના ઘેડ વિસ્તારમાં ભારે વરસાદથી નુકસાનીનો તાગ વહીવટી તંત્રએ સ્થળ મુલાકાત કરી મેળવ્યો હતો.

જૂનાગઢ જિલ્લામાં તા.૨૦ ઓગસ્ટના રોજ કેશોદ, માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં અંદાજે ૧૦ થી ૧૪ ઇંચ સુધી નો ભારે વરસાદ થયો હતો. જેના કારણે ઓઝત તથા અન્ય નદીઓમાં ભારે પૂર આવ્યા હતા. કેશોદ તથા માણાવદર તાલુકાના ઘેડ વિસ્તારમાં નદીનું પાણી માટીપાળા પરથી ઓવરટોપીંગ થવાને લીધે ઓઝત નદીના કાંઠે આવેલ ખાતેદારોના ખેતરોના માટીના પાળાઓ તૂટ્યા હતા. જેમાં ઘેડ વિસ્તારમાં ઓઝત નદીને કાંઠે આવેલ કેશોદ તાલુકાના બામણાસા ગામે ૬, બાલાગામ ગામે ૮, અને ઇન્દ્રાણા ગામે ૪, તથા માણાવદર તાલુકાના કોયલાણા ગામે ૨, મટીયાણા ગામે ૪,આંબલીયા ગામે ૧ અને પાદરડી ગામે ત્રણ ખેડૂત ખાતેદારોના ખેતરના માટીના પાળાઓ તથા મોવાણા ગામે તળાવનો માટી પાળો ઓવરટોપીંગ થવાને કારણે ધોવાયો હતો.

તંત્રને સ્થળ મુલાકાત દરમિયાન બામણાસા ગામે ૬ પાળા તૂટેલ હોવાનું તેમજ તેની આજુબાજુના વિસ્તારની જમીનોનું ધોવાણ થયું હોવાનું ધ્યાને આવ્યું હતું. જેમાં બામણાસા ગામના ખાતેદાર પરબત કેસૂર કરંગીયાનું પશુ બાંધવાનું એક મકાન પણ પાળો તૂટતા નદીના પ્રવાહના કારણે ધરાશાયી થઇ હોવાનું જાણવા મળ્યું હતું. તેમ જ બામણાસા ગામની સીમ વિસ્તારમાં ઓઝત નદીના કાંઠે જગમાલભાઈ ભીખાભાઈ પિઠીયાના ખેતરનો પાળો તૂટવાના કારણે પશુ બાંધવાનું મકાન તથા ગોડાઉનનો અમુક ભાગ ધરાશાયી થયો હતો. આ ઉપરાંત પ્રાંત અધિકારી કેશોદ તેમજ માણાવદર મામલતદાર દ્વારા પણ સિંચાઈ વિભાગના કર્મચારીઓને સાથે રાખી આંબલિયા ગામે ઓઝત નદી કીનારે આવેલ પાળા તૂટતા સ્થળ મુલાકાત કરી હતી.

આ ઉપરાંત હાલ કેટલીક અસરગ્રસ્ત જગ્યાએ પહોંચી શકાય તેવી સ્થિતિ ન હોવાથી આ વિસ્તારમાં પાણી ઓછા થયા બાદ તંત્ર દ્વારા સ્થળ મુલાકાત કરી સર્વે હાથ ધરવામાં આવશે. ■

ભાવનગરની સર્વોત્તમ ડેરીએ દૂધના ખરીદભાવમાં ₹ ૯૦૦ જેટલો વધારો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સર્વોત્તમ ડેરીના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર એચ.આર.જોષીના જણાવ્યા મુજબ ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી, સર્વોત્તમ ડેરી ના ચેરમેન મહેન્દ્રભાઈ પનોતના અધ્યક્ષ સ્થાને તા. ૨૫/૮/૨૦૨૫ના રોજ નિયામક મંડળની મિટિંગ મળી હતી. જેમાં તમામ ઠરાવો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા. દૂધના ખરીદભાવ અંગે ચર્ચા થતાં, હાલ મોંઘવારીના ભરડાને પહોંચી વળવા, ચોમાસામાં ખેતીની આવક સદંતર બંધ હોય અને ખેતીના ખર્ચા જેવા કે ખાતર, નિંદામણ, રસાયણિક દવા વિગેરે ચાલુ હોય છે. આ ખર્ચાઓમાં સર્વોત્તમ ડેરી મદદરૂપ થાય તેમજ પશુપાલન વ્યવસાય વધારે નફાકારક બને, સર્વોત્તમ ડેરી દ્વારા દાણના ભાવમાં એકપણ રૂપિયાનો વધારો કર્યા વિના પશુપાલક પરિવારોનું જીવનધોરણ દૂધના વ્યવસાય થકી ઊંચું આવે તેવા હરહંમેશ પ્રયત્નો કરે છે.

જિલ્લાના છેવાડાના લોકો સુધી વધારે વળતર મળે તેવા શુભ આશયથી દૂધના ખરીદભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. હાલ કિલોફેટે રૂ. ૮૭૦/- ચૂકવાય રહ્યા છે તેમાં રૂ. ૩૦/- નો વધારો કરી તા. ૧/૯/૨૦૨૫થી અમલમાં આવે તે રીતે ખરીદભાવ રૂ. ૯૦૦/- કરવામાં આવેલ છે. સર્વોત્તમ ડેરી દ્વારા દૂધ ખરીદીમાં રેકોર્ડબ્રેક તોતિંગ ભાવવધારાની અમૂલ્ય ભેટ આપવામાં આવી. આ ભાવવધારાથી સમગ્ર ગુજરાતમાં વધારેમાં વધારે દૂધના ખરીદભાવ આપવાનું બહુમાન સર્વોત્તમ ડેરીને મળેલ છે. સપ્ટેમ્બર-૨૦૨૪માં દૂધ ખરીદભાવ રૂ. ૮૫૦/- મળતો હતો જેની સરખામણીએ સપ્ટેમ્બર-૨૦૨૫માં ૫૦/- રૂ.વધારે મળે છે આ ભાવવધારાથી સપ્ટેમ્બર મહિના અને ત્યારબાદ દરેક માસમાં દૂધ ઉત્પાદકોને માસિક ૨ થી ૨.૫ કરોડ જેટલી વધારે રકમ મળશે. જેથી દૂધ ઉત્પાદકોને પશુપાલન વ્યવસાય નફાકારક બનશે. ■

તાલાલા પંથકમાં ભૂકંપના ચાર આંચકા નોંધાતા લોકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાનાં તાલાલા પંથકમાં કચ્છની માફક છાસવારે ધરતીના પેટાળમાં સળવળાટ થતા ધરા ધ્રુજી હતી. ભૂકંપના ચાક આંચકા અનુભવાયા હતા. જો કે જાનહાની થવા પામી નથી. જાણવા મળતી વિગત મુજબ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા રવિવારે રાત્રે ૮:૦૭ વાગ્યે ૧.૮ની તીવ્રતાનો આંચકો આવ્યા બાદ સોમવારે સવારે ૭:૩૫ કલાકે ૨.૬ની તીવ્રતા, સવારે ૮:૧૩ કલાકે ૧.૩ની તીવ્રતા અને ૯:૨૧ કલાકે ૧.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

તમામ આંચકાનું કેન્દ્રબિંદુ તાલાલાથી ૧૨ કિ.મી. દૂર નોંધાયું હતું. જો કે કોઈ જાનહાની નુકસાની થવા પામી નથી. ભૂકંપના આંચકાના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો હતો. ■

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના નેતા પ્રવીણ તોગડિયાએ જૂનાગઢની મુલાકાત લીધી હતી. તેમણે ખામધ્રોડ ચોકડી મોટર સાઇકલ રેલી યોજી હતી. આ રેલી કેવડાવાળી જોષીપરા ખાતે પૂરી થઈ હતી ત્યાં સભાને સંબોધન કર્યું હતું. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)